અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

06 MARCH-2026 WEDNESDAY | Vol. : 17 | Issue : 242 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

ઝેલેન્સકીએ કહ્યું- રશિયા ઈરાનની મદદ નથી કરી શકતું: તેની પાસે પૂરતી તાકાત બચી નથી, તે યુક્રેન યુદ્ધમાં અટવાઈ ગયું છે

4

રાષ્ટ્રપતિની સુરક્ષા માટે ફક્ત જાટ, રાજપુત અને શીખ શા માટે

6

પાકિસ્તાની ખેલાડીએ શ્રીલંકામાં મહિલા સ્ટાફ સાથે કર્યો દુર્વ્યવહાર, ટીમ મેનેજરે માંગવી પડી માફી

7

બચાવેલું સોનું અત્યારે વેંચાય કે ન વેંચાય?: સોનામાં વધારાના માહોલ વચ્ચે 7 હજારનો ઘટાડો

## ઇઝરાયલ-ઈરાન યુદ્ધ જલ્દી ખતમ થાય: PM મોદી

### સૈન્ય સંઘર્ષ કોઈ સમસ્યાનો ઉકેલ નથી, ઈરાનમાં અત્યાર સુધીમાં 1000 લોકોના મોત

**નવી દિલ્હી, તા.05**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે દિલ્હીમાં ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર સ્ટબ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી. આ દરમિયાન તેમણે મિડલ ઈસ્ટ અને યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધને જલ્દી સમાપ્ત કરવાની અપીલ કરી. મોદીએ કહ્યું કે સૈન્ય સંઘર્ષથી કોઈ પણ મુદ્દો હલ થઈ શકતો નથી.

પીએમ મોદીએ કહ્યું કે ભારત અને ફિનલેન્ડ બંને કાયદાના શાસન, સંવાદ અને રાજદ્વારીમાં વિશ્વાસ રાખે છે. તેમણે કહ્યું- અમે આ વાત પર સહમત છીએ કે માત્ર સૈન્ય સંઘર્ષથી કોઈ પણ સમસ્યા હલ થઈ શકતી નથી.



ભલે યુક્રેનનો મુદ્દો હોય કે મિડલ ઈસ્ટનો, ભારત તમામ વિવાદોના શાંતિપૂર્ણ સમાધાન અને શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસોને સમર્થન આપતું રહેશે.

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે છ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે. અલ જઝીરા અનુસાર, ઈઝરાયેલ-અમેરિકાએ અત્યાર સુધી ઈરાનમાં 5000થી વધુ બોમ્બ ફેંક્યા છે. જ્યારે 20 ઈરાની યુદ્ધ જહાજોને ડુબાડી દીધા છે. આ હુમલાઓમાં એક હજારથી વધુ લોકો માર્યા ગયા છે. ઈરાને પણ વળતો પ્રહાર કરતા મિડલ ઈસ્ટના 9 દેશોમાં બનેલા અમેરિકી બેઝ પર હુમલો કર્યો છે.

બેઠક દરમિયાન બંને દેશોએ ડિજિટલાઈઝેશન અને સસ્ટેનેબિલિટીના ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર પણ સહમતિ દર્શાવી. બંને પક્ષોએ ભારત-ફિનલેન્ડ સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીના સ્તર સુધી આગળ વધારવા પર ચર્ચા કરી.

વડાપ્રધાને કહ્યું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, 6G ટેલિકોમ, સ્વચ્છ ઊર્જા અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ જેવા હાઈ-ટેક ક્ષેત્રોમાં સહયોગથી બંને દેશોના સંબંધોને નવી ગતિ મળશે.

મોદીએ એમ પણ કહ્યું કે પ્રસ્તાવિત ભારત-યુરોપિયન ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) ભારત અને ફિનલેન્ડ વચ્ચે વેપાર, રોકાણ અને તકનીકી સહયોગને વધુ મજબૂત કરશે.

ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર સ્ટબ બુધવારે ચાર દિવસીય ભારત પ્રવાસે આવ્યા છે. આ પ્રવાસનો ઉદ્દેશ્ય વેપાર, રોકાણ અને ઉભરતી તકનીકો સહિતના વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધારવાનો છે.

## ભારતથી પરત ફરી રહેલા ઈરાની યુદ્ધ જહાજ પર અમેરિકાનો હુમલો

### શ્રીલંકા પાસે ડૂબ્યું, 87 સૈનિકોનાં મોત, 32ને બચાવી લેવામાં આવ્યા

**નવી દિલ્હી, તા.05**

અમેરિકા-ઈઝરાયલ-ઈરાન યુદ્ધનો પાંચમો દિવસ છે. અમેરિકાએ શ્રીલંકા નજીક ભારતથી પરત ફરતા ઈરાની યુદ્ધ જહાજ આઈરિસ દેના પર હુમલો કરીને તેને ડૂબાડી દીધું છે. શ્રીલંકન સરકારના જણાવ્યા અનુસાર, આ હુમલામાં અત્યાર સુધીમાં 87 ઈરાની સૈનિકો માર્યા ગયા છે.

યુએસ સંરક્ષણ સચિવ પીટ હેગસેથે જણાવ્યું હતું કે હિંદ મહાસાગરમાં એક અમેરિકન સબમરીન ટોર્પિડોએ ઈરાની જહાજને ડૂબાડી દીધું હતું. શ્રીલંકાના નૌકાદળે 32 ઘાયલને બચાવ્યા હતા અને તેમને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.



જહાજ પર આશરે 180 નૌસૈનિક હતા. ગુમ થયેલા લોકોને શોધવા માટે શોધ અને બચાવ કામગીરી ચાલી રહી છે. ગયા મહિને ભારતના વિશાખાપટ્ટનમમાં યોજાયેલા 2026 ઈન્ટરનેશનલ ફ્લીટ રિવ્યૂમાંથી ઈરાની યુદ્ધ જહાજ પરત ફરી રહ્યું હતું.

શ્રીલંકાના અધિકારીઓએ અલ જઝીરાને જણાવ્યું હતું કે મદદ માટેનો સંદેશ બુધવારે સવારે 6થી 7 વાગ્યા (ભારતીય સમય) વચ્ચે મોકલવામાં આવ્યો હતો.

## નીતિશ કુમારે રાજ્યસભા માટે ઉમેદવારી નોંધાવી: નીતિશે કહ્યું- નવી સરકારને મારો સહયોગ રહેશે

**પટના, તા.05**

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ગુરુવારે વિધાનસભામાં રાજ્યસભા બેઠક માટે પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું. ભાજપ અધ્યક્ષ નીતિન નવીન, રામનાથ ઠાકુર, ઉપેન્દ્ર કુશવાહા અને શિવેશ કુમારે પણ પોતાના ઉમેદવારીપત્ર ભર્યા. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર રહ્યા હતા. નામાંકન બાદ અમિત શાહે કહ્યું, 'તેમનો કાર્યકાળ બિહારના ઈતિહાસમાં સુવર્ણ પ્રકરણ તરીકે લખાશે, અને તેમણે બિહારના વિકાસના તમામ પાસાઓને વેગ આપ્યો. તેમના કાર્યકાળ દરમિયાન તેમણે બિહારને જંગલરાજમાંથી મુક્ત કરાવ્યું છે. તેમણે બિહારના રસ્તાઓ ગામડાંઓ સાથે જોડ્યા જ નહીં, પરંતુ તેમની સ્થિતિ પણ



સુધારી. ધારાસભ્ય, સાંસદ, મુખ્યમંત્રી અને કેન્દ્રીય મંત્રી તરીકેના તેમના લાંબા કાર્યકાળ દરમિયાન તેમના કુર્તા પર ક્યારેય ડાઘ લાગ્યો નહોતો. નીતિશ કુમાર જેટલો ભ્રષ્ટાચારનો આરોપ ન લાગ્યો હોય તેવી ભાગ્યે જ કોઈએ આટલી લાંબી રાજકીય સફર કરી હશે. બિહારના લોકો મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળને યાદ રાખશે અને તેનું સન્માન કરશે. હું ફરી એકવાર નીતિન નબીન અને નીતિશ કુમારનું રાજ્યસભામાં સ્વાગત કરું છું.'

નોમિનેશન ભરતા પહેલા નીતિશ કુમારે પોતાના X પર લખ્યું, 'જ્યારથી મેં મારી સંસદીય કારકિર્દી શરૂ કરી છે, ત્યારથી મને બિહાર વિધાનસભાના બંને ગૃહો અને સંસદના બંને ગૃહોનો સભ્ય બનવાની ઈચ્છા હતી. આ જ અનુરૂપ, હું આ ચૂંટણીમાં રાજ્યસભાનો સભ્ય બનવા માંગુ છું. હું બિહારની નવી સરકારને સમર્થન આપીશ.' નીતિશની જાહેરાત પર પ્રતિક્રિયા આપતા, તેજસ્વી યાદવે કહ્યું, 'ભાજપે બિહારમાં મહારાષ્ટ્ર મોડેલ લાગુ કર્યું છે. ભાજપે નીતિશ કુમાર પર એટલો અત્યાચાર ગુજાર્યો છે કે તેમને રાજીનામું આપવાની ફરજ પડી છે. ભાજપ પોતાના સાથીઓનો નાશ કરે છે.

## રાજ્યસભા ચૂંટણી- મહારાષ્ટ્રમાંથી શરદ પવાર સહિત 7 ઉમેદવારોનું નામાંકન

**નવી દિલ્હી, તા.05**

રાજ્યસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાનો ગુરુવારે છેલ્લો દિવસ છે. મહારાષ્ટ્રની સાત બેઠકો માટે મહાયુતિના છ ઉમેદવારો અને મહા વિકાસ અઘાડી (MVA)ના શરદ પવારે ઉમેદવારી પત્ર દાખલ કર્યા.

બિહારમાં ભાજપના બે ઉમેદવારો, પાર્ટીના નેશનલ પ્રેસિડેન્ટ નિતિન નવીન અને શિવેશ કુમારે નોમિનેશન કર્યું. જ્યારે બિહારના સીએમ નીતિશ કુમાર હવે રાજ્યસભા જઈ રહ્યા છે, તેમણે પણ ફોર્મ ભર્યું.

હવે બિહારને નવા સીએમ મળશે. નિતિન અને નીતિશના નોમિનેશનમાં ગૃહ મંત્રી અમિત શાહ હાજર રહ્યા.

આ તરફ, પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની પાર્ટી તૃણમૂલ



કોંગ્રેસના 4 ઉમેદવારો કોએલ મલ્લિક, મેનકા ગુરસ્વામી, રાજીવ કુમાર અને બાબુલ સુપ્રિયોએ પોતાના ઉમેદવારી પત્ર દાખલ કર્યા.

આજ સવારે જ કોંગ્રેસે રાજ્યસભા ચૂંટણી માટે 6 ઉમેદવારોની જાહેરાત કરી. તેલંગાણાથી અભિષેક મનુ સિંઘવી અને છત્તીસગઢથી ફૂલો દેવી નેતામને ફરીથી ઉમેદવાર બનાવ્યા છે. બંને હાલમાં રાજ્યસભા સાંસદ છે. પાર્ટીએ હરિયાણાથી કરમવીર સિંહ બૌદ્ધ અને હિમાચલ પ્રદેશથી અનુરાગ શર્માને ઉમેદવાર બનાવ્યા છે. તેઓ કાંગડા જિલ્લા કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ છે. તેમને હિમાચલના સીએમ સુખવિંદર સિંહ સુક્ખુના નજીકના માનવામાં આવે છે.

તેલંગાણાની બીજી બેઠક માટે કોંગ્રેસે મુખ્યમંત્રી રેવંત રેડ્ડીના નજીકના મનાતા વેમ નરેન્દ્ર રેડ્ડીને મેદાનમાં ઉતાર્યા છે. તમિલનાડુમાં સ્ટાલિનની પાર્ટી DMKએ કોંગ્રેસને એક રાજ્યસભા બેઠક આપી છે.

કોંગ્રેસે અહીંથી એમ. ક્રિસ્ટોફર તિલકને ઉમેદવાર બનાવ્યા છે. આ તરફ, ભાજપે પણ બે વારમાં 13 ઉમેદવારોના નામની જાહેરાત કરી દીધી છે.

રાજ્યસભા ચૂંટણી માટે ભાજપે 4 ઉમેદવારોના નામવાળી બીજી યાદી જાહેર કરી. તેમાં કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલે, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ વિનોદ તાવડે અને માયા ચિંતામણ ઈવનાતે અને રામરાવ વડકુતેના નામ છે.

એક દિવસ પહેલા ભાજપે રાજ્યસભા માટે પક્ષના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી હતી. તેમાં 6 રાજ્યોમાંથી 9 નામોનો સમાવેશ થતો હતો. હવે 7 રાજ્યોમાંથી કુલ 13 ઉમેદવારોના નામની જાહેરાત થઈ ચૂકી છે.

પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવીનને પણ બિહારમાંથી રાજ્યસભામાં મોકલવામાં આવશે. તેમના સિવાય બિહારમાંથી શિવેશ કુમારનું પણ નામ છે. છત્તીસગઢમાંથી ભાજપે લક્ષ્મી વર્માને ઉમેદવાર બનાવ્યા છે.

આસામમાંથી તેરાશ ગોવાલા, જોગેન મોહન, હરિયાણામાંથી સંજય ભાટિયા, ઓડિશામાંથી મનમોહન સામલ, સુજીત કુમાર અને પશ્ચિમ બંગાળમાંથી રાહુલ સિંહા ઉમેદવાર છે.

10 રાજ્યોની 37 રાજ્યસભા બેઠકો પર 16 માર્ચે ચૂંટણી યોજાશે. 16 માર્ચે સવારે 9 વાગ્યાથી સાંજે 4 વાગ્યાની વચ્ચે મતદાન થશે અને તે જ દિવસે સાંજે 5 વાગ્યે મતોની ગણતરી કરવામાં આવશે.

## રિપોર્ટ- ભાજપની 2024-25માં આવક 6769.14 કરોડ રહી: આ 6 રાષ્ટ્રીય પક્ષોની આવકના 85%, કોંગ્રેસ 918 કરોડ સાથે બીજા નંબરે

**નવી દિલ્હી, તા.05**

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR)એ નાણાકીય વર્ષ 2024-25 માટે રાષ્ટ્રીય પક્ષોની આવક જાહેર કરી. રિપોર્ટ અનુસાર, ભાજપની કુલ આવક 6,769.15 છે. 6 રાષ્ટ્રીય પક્ષોની આવકનો 85% હિસ્સો એકલા ભાજપ પાસે છે. દેશના 6 મુખ્ય રાષ્ટ્રીય પક્ષો ભાજપ, કોંગ્રેસ, માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી (CPI-M), આમ આદમી પાર્ટી (AAP), બહુજન સમાજ પાર્ટી (BSP) અને નેશનલ પીપલ્સ પાર્ટી (NPEP)ની કુલ આવક 7,960 કરોડ રૂપિયા નોંધાઈ છે. જ્યારે ગયા વર્ષની સરખામણીમાં રાષ્ટ્રીય પક્ષોની કુલ આવકમાં 41.35%નો વધારો થયો છે. વર્ષ 2024-25માં ભાજપની કુલ આવક 6,769.15 કરોડ રહી, જે ગયા વર્ષની સરખામણીમાં 55.95% વધુ છે. જ્યારે મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસની આવકમાં ઘટાડો જોવા મળ્યો.

કોંગ્રેસની આવક 2023-24માં 1,230.73 કરોડ હતી જે 2024-25માં ઘટીને 918.29 કરોડ થઈ ગઈ છે. આ ગયા વર્ષ કરતાં લગભગ 25.39% ઓછી છે. અન્ય પક્ષોમાં, AAPની કમાણીમાં



73.20%નો વધારો થયો છે. જ્યારે BSP અને CPI-Mની આવકમાં બહુ મોટો તફાવત નથી.

રિપોર્ટ અનુસાર, રાજકીય પક્ષો પાસે આવતા પૈસાનો મુખ્ય સ્ત્રોત ફાળો છે. રાષ્ટ્રીય પક્ષોની કુલ આવકના 85%થી વધુ, એટલે કે લગભગ 6,772.53 કરોડ, લોકો અને સંસ્થાઓ પાસેથી મળેલા સ્વૈચ્છિક ફાળામાંથી આવ્યા. આમાં ભારતીય જનતા પાર્ટીએ તેની કુલ આવકનો લગભગ 90.48% હિસ્સો ફાળામાંથી એકત્ર કર્યો.

બીજી તરફ, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ફાળા ઉપરાંત કૂપન વેચીને પણ સારી કમાણી કરી, જેનાથી પાર્ટીને લગભગ 350.05 કરોડ મળ્યા. જ્યારે બહુજન સમાજ પાર્ટીએ તેના રિપોર્ટમાં ફાળામાંથી કોઈ આવક દર્શાવી નથી. પાર્ટીની સંપૂર્ણ કમાણી બેંક વ્યાજ અને અન્ય રોકાણોમાંથી હોવાનું કહેવાયું છે.

પૈસા ખર્ચ કરવાના મામલે પણ પક્ષો વચ્ચે મોટો તફાવત જોવા મળે છે. છ રાષ્ટ્રીય પક્ષોએ મળીને કુલ 4,710.27 કરોડ ખર્ચ કર્યા. આમાં ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણી પ્રચાર અને વહીવટી કાર્યો પર 3,335.37 કરોડ ખર્ચ કર્યા, જે તેની કુલ આવકના અડધા પણ નથી. જ્યારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની કમાણી 918.29 કરોડ રહી, પરંતુ પાર્ટીએ કુલ 1,111.95 કરોડ ખર્ચ કર્યા. એટલે કે કોંગ્રેસે પોતાની આવક કરતાં લગભગ 193.66 કરોડ વધુ ખર્ચ કર્યા. CPI-Mએ પણ પોતાની આવકના લગભગ 84% ખર્ચ કર્યા.

## સોનુ સૂદ હવે યુદ્ધમાં ફસાયેલા મુસાફરોની વહારે: દુબઈમાં મફત રહેવાની સુવિધા કરી આપશે.....

**દુબઈ, તા.05**

કોરોના મહામારી હોય કે પંજાબનું પૂર, હંમેશા લોકોની મદદ માટે તત્પર રહેતા બોલિવૂડ એક્ટર સોનુ સૂદે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે તે શા માટે કરોડો લોકોનો 'હીરો' કહેવાય છે. હાલમાં મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષ અને અમેરિકા-ઈરાન તણાવ વચ્ચે દુબઈમાં ફસાયેલા પ્રવાસીઓ માટે સોનુ સૂદ દેવદૂત બનીને સામે આવ્યો છે.

સોનુ સૂદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક ભાવુક વીડિયો શેર કરીને જાહેરાત કરી છે કે, જે મુસાફરો યુદ્ધની સ્થિતિને કારણે દુબઈમાં ફસાયા છે અને જેની પાસે રહેવાની કોઈ વ્યવસ્થા નથી, તેને તે મફત આવાસ પૂરું પાડશે. સોનુએ સ્પષ્ટ કર્યું છે કે આ મદદ માટે કોઈ રાષ્ટ્રીયતા કે અન્ય કોઈ શરતો રાખવામાં આવી નથી.

વીડિયોમાં સોનુએ જણાવ્યું હતું કે, 'નમસ્તે મિત્રો, દુબઈમાં ચાલી રહેલી ઈમરજન્સીને કારણે જે પણ લોકો ત્યાં ફસાઈ ગયા છે, તેમને હું કહેવા માંગુ છું કે તમારી પાસે રહેવા માટે જગ્યા ન હોય, તો અમે સુનિશ્ચિત કરીશું કે તમને રહેવા માટે મફત વ્યવસ્થા મળે. જે લોકો હિન્દુસ્તાની છે અથવા અન્ય કોઈ પણ દેશના છે, જો તમે દુબઈમાં ફસાયા હોવ તો પ્લીઝ મને ઈન્સ્ટાગ્રામ પર DM કરો. જ્યાં સુધી તમે તમારા દેશ ન પહોંચો ત્યાં સુધી અમે તમારા રહેવાની વ્યવસ્થા કરીશું.' સોનુ સૂદની આ નિઃસ્વાર્થ સેવા જોઈને સોશિયલ મીડિયા પર તેની પ્રશંસા થઈ રહી છે. લોકો તેને 'સાચો સુપરસ્ટાર' કહી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ સોનુએ હજારો પરપ્રાંતિયોને તેમના ઘરે પહોંચાડવામાં અને કુદરતી આફતો વખતે લોકોની મદદ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. દુબઈમાં @dugastapropertiesના સહયોગથી તે આ સેવા પૂરી પાડી રહ્યો છે.



# અમદાવાદમાં 2030 કોમનવેલ્થ ગેમ્સ માટે મેગા ટ્રાફિક રિલીફ પ્લાન: 18 ઓવરબ્રિજ-અંડરપાસ અને 5 એલિવેટેડ કોરિડોર બનશે

**અમદાવાદ, તા.05**

આગામી વર્ષ 2030માં અમદાવાદમાં યોજાનાર કોમનવેલ્થ ગેમ્સના ભાગરૂપે શહેરમાં ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે જુદા-જુદા જંકશન પર ઓવર બ્રિજ અને અંડરપાસ બનાવવા, મલ્ટી જંકશન પર ડબલ હાઈટ થ્રુ એલિવેટેડ કોરીડોર જેવા ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપ કરવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી ચાર વર્ષમાં 18થી વધુ ઓવરબ્રિજ અને અંડરબ્રિજ બનાવવા માટે ફિઝિબિલિટી સર્વે અને ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. શહેરના 35 જેટલા જંકશન પર સર્વે કરવામાં આવ્યો છે. કોમનવેલ્થ સુધીમાં શહેરમાં નવા ઓવર બ્રિજ અને અંડરપાસ બનવાથી ટ્રાફિકની સમસ્યા દૂર થશે.



શહેરની વધતાં જતાં વાહનોની સંખ્યાની સાથે ટ્રાફિકની સમસ્યા પણ વધી રહી છે. જેથી, ટ્રાફિકની સમસ્યા હળવી કરવા શહેરનાં મુખ્ય રસ્તાઓ પરના જુદા-જુદા ટ્રાફિક જંકશન પર હયાત ટ્રાફિકનો સર્વે કરી તેના ફાઈનલ રિપોર્ટ મુજબ સૂચવવામાં આવેલ એલાઈમેન્ટમાં ફલાયઓવર બ્રિજ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા શહેરમાં આવેલ જુદા-જુદા 35 જંકશનો પર મેડ સેપરેટર, ફ્લાયઓવર, એલીવેટેડ કોરીડોર અથવા અંડરપાસ બનાવવા બ્રિજની જરૂરીયાત અંગે ફિઝિબિલીટી ચકાસણી માટે જરૂરી ટ્રાફિક સર્વે કરવા માટે સેન્ટ્રલ રોડ રીસર્ચ ઈન્સટીટયુટ (CRRI)ની નિમણૂંક કરી ટ્રાફિક સર્વે કરાવવામાં આવ્યો છે.

શહેરમાં 25 જેટલા જંક્શનો પર સર્વે થઈ ચૂક્યો છે. જેમાં સેન્ટ્રલ રોડ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (CRRI) દ્વારા પ્રર્વતમાન ટ્રાફિક PCU તથા ભવિષ્યના ટ્રાફિક ગ્રોથ મુજબ બ્રિજ બનાવવા અંગે પ્રાયોરીટી નકકી કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં આગામી વર્ષ 2030માં યોજાનાર કોમનવેલ્થ ગેમ્સના આયોજનના ભાગરૂપે સરળ પરિવહન માટે ઈન્ફ્રાસ્ટ્રકચર તૈયાર કરવાનું હોવાથી બ્રિજની ડિઝાઈન કરવામાં આવી રહી છે.

ઝડપથી બ્રિજ બને તેના માટે બ્રિજ બનાવવાની કામગીરી પહેલા અન્ડરગ્રાઉન્ડ યુટીલિટી સર્વે કરી તેને પ્રોપર લોકેટ કરી જો શક્ય હોય તો નાની લાઈન શીફટીંગ કરાવા અન્યથા મેઝર લાઈનો શિફટ ન થઈ શકે તેમ હોય તો તે મુજબ બ્રિજના ફાઉન્ડેશનની ડિઝાઈન તૈયાર કરાવી કામગીરી માટે અને બ્રિજની કામગીરી શરૂ કર્યા બાદ અન્ડરગ્રાઉન્ડ યુટીલિટીના કારણે વિલંબ થાય ન થાય તેના માટે ગ્રાઉન્ડ પેનીટ્રેશન રીપોર્ટ (GPR) સર્વે કરવામાં આવશે.

ભવિષ્યમાં તૈયાર કરવાના થતા બ્રિજો માટે ગ્રાઉન્ડ પેનિટ્રેશન રીપોર્ટ (GPR) સર્વેની કામગીરી માટે 16 અને 19 પ્રતિ ચોરસ મીટર સર્વે માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચૂકવવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 18 જેટલા જંકશનનો પર હાલમાં ફિઝીબિલિટી સર્વે અને ડિઝાઈન તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે, જેમાં આ GPR સર્વે પણ થશે.

18માંથી પાંચ જેટલા મલ્ટી લેવલ ડબલ હાઈટેડ એલીવેટેડ કોરિડોર બનાવવામાં આવશે, જેમાં ઓઢવ ફાયર સ્ટેશનથી લઈને ઈન્દોર હાઈ-વે સુધી, બોપલ વકીલ સાહેબ બ્રિજથી ઘુમા, કાલુપુર જંકશનથી પ્રેમ દરવાજા થઈ દરિયાપુર દરવાજાથી દિલ્હી દરવાજા જંકશન થઈને શાહપુર મેટ્રો સ્ટેશન સુધી, નમસ્તે સર્કલથી દરિયાપુર દરવાજા તરફ, નહેરુનગરથી શિવરંજની થઈ ઈસ્કોન સુધી અને સરખેજ ક્રોસિંગથી સાણંદ ચોકડી સુધી એમ પાંચ જગ્યાએ એલિવેટેડ કોરિડોર અને હયાત બ્રિજ ઉપરના ડબલ હાઈટેડ એલીવેટેડ કોરિડોર બનશે.

# અમદાવાદમાં ‘શી ટીમ’ની ગાડીનો ડ્રાઈવર પીધેલી હાલતમાં ઝડપાયો

## નશામાં ગાડી ડિવાઈડર પર ચઢાવી દીધી, લોકોના ટોળાએ ભેગા થઈ તપાસ કરતાં ગાડીમાંથી દારૂનું ક્વાર્ટર મળ્યું

**અમદાવાદ, તા.05**

અમદાવાદ શહેરમાં મહિલાઓની સુરક્ષા માટે કાર્યરત પોલીસની ’શી ટીમ’ વિવાદમાં આવી છે. નિકોલ પોલીસ સ્ટેશનની શી ટીમની ગાડીના આઉટસોર્સ ડ્રાઈવરે નશાની હાલતમાં સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા ગાડી ડિવાઈડર પર ચઢાવી દીધી હતી. અકસ્માત બાદ ભેગા થયેલા લોકોએ જ્યારે તપાસ કરી તો ગાડીમાંથી દારૂનું ક્વાર્ટર મળી આવતા ચકચાર મચી ગઈ હતી. પોલીસે આ મામલે આઉટસોર્સ ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદ શહેરના નિકોલ વિસ્તારમાં આવેલા ભવાની ચોક પાસે રાત્રે 10:00 વાગ્યાની આસપાસ પોલીસની ગાડીના ડ્રાઈવર દ્વારા બેફામપણે ગાડી ચલાવીને ડિવાઇડર ઉપર ચડાવી દેવામાં આવી હતી. ગાડીનો અકસ્માત થતા ત્યાંથી પસાર થતા લોકોના ટોળેટોળા ભેગા થઈ ગયા હતા. ગાડીમાં ડ્રાઈવર બેઠો હતો અને તેમાં તપાસ કરતા એક



લાલ કલરના દારૂનું ક્વાર્ટર પણ ગાડીમાંથી મળી આવ્યું હતું. લોકોના ટોળા ભેગા થઈ જતા નિકોલ પોલીસને જાણ થઈ હતી. જેથી પોલીસની ટીમ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી. પોલીસે અકસ્માત થયો અને દારૂ પીધેલી હાલતમાં ડ્રાઈવર હોવાનું જાણવા મળતા ત્યાંથી સ્થાનિક લોકોને ભગાડ્યા હતા અને દૂર કર્યા હતા. દારૂ પીધેલી હાલતમાં પોલીસની ગાડીનો ડ્રાઈવર ઝડપાતા લોકોએ વીડિયો ઉતાર્યો હતો. નિકોલ પોલીસ દ્વારા આ મામલે કાર્યવાહી કરવામાં આવી હતી. નિકોલ પોલીસ સ્ટેશનની જ મહિલાઓની સુરક્ષા માટે રાખવામાં આવેલી શી ટીમની ગાડીનો આઉટસોર્સ ડ્રાઈવર રાકેશ પાટીલ (રહે. કઠવાડા રોડ) હોવાનું સામે આવ્યું હતું. પોલીસ દ્વારા દારૂ પીને ગાડી ચલાવવા બદલ રાકેશ પાટીલ વિરુદ્ધ ગુનો નોંધી અને તેની ધરપકડ કરવામાં આવી છે. શહેરમાં દારૂને લઈને છેલ્લા કેટલાય સમયથી લોકોમાં પણ રોષ છે, ત્યારે ખુદ પોલીસની ગાડીનો જ ડ્રાઈવર દારૂ પી અને ગાડી ચલાવતો હોવાનું સામે આવતા નિકોલ પોલીસની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

# યુદ્ધ જેવી ભયાનક અને અનિશ્ચિત પરિસ્થિતિમાં જ્યારે એક પરિવારની આશાઓ તૂટવા લાગે, ત્યારે જો કોઈ સહારો બનીને ઊભો રહે: એ જ સાચી માનવીય સેવા છે

**અમદાવાદ, તા.05**

દેશની દીકરી કેનેડાથી ભારત પરત ફરતી વખતે જોર્ડનમાં ફસાઈ ગઈ ચિંતિત માતા-પિતાએ જ્યારે ઈફકો ના અધ્યક્ષ દિલીપ સંઘાણી જી ને મળી પોતાની વ્યથા વ્યક્ત કરી, ત્યારે તેમણે માત્ર પદાધિકારી તરીકે નહીં, પરંતુ પરિવારના સદસ્ય જેવી સંવેદનશીલતા દર્શાવી.

શ્રી સંઘાણી એ દિલ્હી ખાતે ઈફકો માં એમ ડી શ્રી કે જે પટેલ અને જોર્ડન સ્થિત ઈફકોના સંયુક્ત ઉપક્રમ JIFCO સાથે સંપર્ક કર્યો, પોતે સ્વયં પણ સતત ફોન પર પરિસ્થિતિની દેખરેખ રાખી, ત્યાંના અધિકારીઓ અને કર્મચારીઓએ દીકરી ના વિઝા, રહેઠાણ અને દરેક જરૂરી વ્યવસ્થા તરત જ સુનિશ્ચિત કરી. આજે એ દીકરી સુરક્ષિત છે – અને એક પરિવારનુ સ્મિત ફરી પાછું આવ્યું છે.



આ માત્ર પ્રશાસનિક સહાય નહીં, પરંતુ દિલીપ સંઘાણી નુ “પરિવાર ભાવ”નું જીવંત ઉદાહરણ છે।

હૃદયપૂર્વક આભાર ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપભાઈ સંઘાણી, એમ ડી કે જે પટેલ તેમજ JIFCO ના CFO દીપક યાદવ અને તેમની ટીમનો.

આપે સાબિત કર્યું કે સાચું નેતૃત્વ એ જ છે, જે સંકટના સમયમાં સાથે ઊભું રહે.

આપનો આ માનવીય સહયોગ હંમેશા સ્મરણિય રહેશે.

તાજેતરના જીફકો પ્રવાસ ની તસ્વીર માં ઈફકો ના અધ્યક્ષ દિલીપ સંઘાણી, એમ ડી. કે જે પટેલ, જીફકો ના દીપક યાદવ દ્રશ્યમાન થાય છે.

# ધૂળેટી પાર્ટીમાં ખેલૈયાઓના રંગમાં ભંગ પડતા તોડફોડ મચાવી

## અમદાવાદના 'બ્રજ વાઈબ્સ'ના આયોજકોની અસુવિધાથી લોકો ભભૂક્યા; ડીજે અને મંડપના સેટ ઉથલાવી હોબાળો મચાવ્યો

**અમદાવાદ, તા.05**

અમદાવાદના પોશ ગણાતા સિંધુભવન રોડ પર ધુળેટીની ઉજવણીમાં ભંગ પડ્યો હતો, જ્યાં ’બ્રજ વાઈબ્સ’ દ્વારા આયોજિત પાર્ટીમાં મિસમેનેજમેન્ટનો આક્ષેપ કરી લોકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. ગ્રીન પ્લેસ પાર્ટી પ્લોટમાં આયોજિત આ ઈવેન્ટમાં મ્યુઝિક બંધ થતાં અને સુવિધાઓના અભાવે રોષે ભરાયેલા યુવકોએ ડીજે સિસ્ટમ અને મંડપના ડેકોરેશનમાં તોડફોડ કરી હતી, જેના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા હતા.

જોકે, આયોજકોએ લુખ્ખા તત્વો પર તોડફોડનો આરોપ લગાવ્યો છે. ઘટનાની જાણ થતાં બોપલ પોલીસ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી અને સમજાવટ બાદ મામલો થાળે પાડ્યો હતો. હાલ આ મામલે કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી,પરંતુ આયોજકો દ્વારા



રિફંડ આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

સિંધુ ભવન રોડ પર ગ્રીન પ્લેસ પાર્ટી પ્લોટમાં બ્રજ વાઈબ્સના આયોજકો દ્વારા એક ધૂળેટી પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં આયોજકો દ્વારા પાસ માટેની ફી વસુલ્યા બાદ એ પ્રમાણેની સુવિધાઓ ન આપવામાં આવતા ખેલૈયાઓ રોષે ભરાયા હતા અને પાર્ટી પ્લોટમાં તોડફોડ મચાવી હતી. જેના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા હતા.

બ્રજ વાઈબ્સ ધુળેટી પાર્ટીનું આયોજન કરનાર વીરસિંઘે જણાવ્યું હતું કે, ધુળેટી પાર્ટીનું આયોજન અમારા તરફથી કરવામાં આવ્યું હતું. જેમાં ડીજે અને તમામ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી હતી, પરંતુ કેટલાક ચાર પાંચ જેટલા લુખ્ખા તત્વો દ્વારા આ કૃત્ય કરવામાં આવ્યું હતું. હું આખો દિવસ ત્યાં હતો અને ડીજે આર્ટિસ્ટ પણ લાવવામાં આવ્યા હતા. વચ્ચે એક વખત મ્યુઝિક બંધ થયું હતું જે બાદ કેટલાક લોકો દ્વારા હોબાળો કરવામાં આવ્યો હતો. કેટલાક ચોક્કસ તત્વો દ્વારા આ કરવામાં આવ્યું હતું જેના ફોટા અને વીડિયો પણ મારી પાસે છે. પોલીસ બોલાવવામાં આવી હતી અને પોલીસે આવીને મામલો થાળે પાડ્યો હતો. લોકોને રિફંડ આપવાની પ્રક્રિયા પણ કરવામાં આવી રહી છે.

સોશિયલ મીડિયામાં ધુળેટીની પાર્ટીમાં અવ્યવસ્થા અને યોગ્ય મેનેજમેન્ટ ન હોવાને લઈને તોડફોડ કરવામાં આવી હોવા અંગેનો વીડિયો વાઈરલ થયો હતો. વાઈરલ વીડિયો શહેરના સિંધુભવન રોડ પર બ્રજ વાઈબ્સ નામની ધુળેટીની પાર્ટીનો હોવાનું જાણવા મળ્યું હતું. લોકો દ્વારા પાર્ટી પ્લોટમાં તોડફોડ કરવામાં આવી હતી અને ડીજે પાડી દેવામાં આવ્યા હતા. પાર્ટી કરવા માટે મંડપ લગાવવામાં આવ્યા હતા અને જે ડેકોરેશન કરવામાં આવ્યું હતું તેમાં પણ તોડફોડ કરવામાં આવી હતી અને લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

તોડફોડ અને હોબાળો કરવામાં આવતા પોલીસને જાણ કરવામાં આવી હતી બોપલ પોલીસ સ્ટેશનની ટીમ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી. પોલીસ દ્વારા સ્થળ પર લોકોને સમજાવવામાં આવ્યા હતા, તેમજ આયોજકો સાથે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ સમગ્ર બાબતે પોલીસે સમજાવટ કરી હતી અને મામલો થાળે પાડ્યો હતો. જો કે, આ બાબતે હવે કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

# આણંદમાં રિક્ષા ચોરી કરતી ગેંગના બે શખ્સો ઝડપાયા: પોલીસે ₹2.09 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો, વધુ તપાસ હાથ ધરી....

**આણંદ, તા.05**

આણંદ ટાઉન પોલીસે રિક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી લોકોની નજર ચૂકવી રોકડ રકમની ચોરી કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે બે રીઢા ગુનેગારોની ધરપકડ કરી તેમની પાસેથી રોકડ અને ગુનામાં વપરાયેલી રિક્ષા સહિત કુલ 2.09 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

ગત 1 માર્ચ, 2026ના રોજ આણંદના મહેન્દ્રશાહ ચોકડી પાસે આવેલી અનમોલ બેકરી પાસેથી એક વ્યક્તિને રિક્ષામાં બેસાડવામાં આવ્યા હતા. આ દરમિયાન રિક્ષામાં પહેલેથી બેઠેલા ઈસમોએ ફરિયાદીની નજર ચૂકવી તેમના ખિસ્સામાંથી 9,000ની ચોરી કરી હતી. આ અંગે આણંદ ટાઉન પોલીસ મથકે બી.એન.એસ. કલમ



303(2), 54 મુજબ ગુનો નોંધાયો હતો.

આણંદ જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચના અને નાયબ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ આણંદ ટાઉન પોલીસની સર્વેલન્સ સ્ક્વોડે તપાસ હાથ ધરી હતી. સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોની મદદથી પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં પેટલાદ, શેરપુરાનો સોહિલમીયા ઉર્ફે ભવિષ્ય ખલીફમીયા પઠાણ અને પેટલાદ, મલાવ ભાગોળનો પ્રવીણ ઉર્ફે ડાયો લક્ષ્મણભાઈ તળપદાનો સમાવેશ થાય છે.

પોલીસે આરોપીઓ પાસેથી ચોરી કરેલી રોકડ રકમ 9,000 અને ગુનામાં વપરાયેલી સીએનજી રિક્ષા, જેની કિંમત 2,00,000 છે, તે સહિત કુલ 2,09,000નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલ આરોપી પ્રવીણ ઉર્ફે ડાયોનો ગુનાહિત ઈતિહાસ છે. તેની વિરુદ્ધ ધોળકા, ખંભાત રૂરલ, નડિયાદ, પેટલાદ અને આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ચોરી, પોક્સો એક્ટ અને મારામારી સહિતના ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

હાલ પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ગેંગ દ્વારા અન્ય કોઈ ચોરી કરવામાં આવી છે કે કેમ તે દિશામાં વધુ તપાસ ચાલી રહી છે.

# નડિયાદના કોન્ટ્રાક્ટરને ચપ્પુ બતાવી ધમકી: ચકલાસી નગરપાલિકાના સીસી રોડ ટેન્ડર પાછું ખેંચવા દબાણ

**નડિયાદ, તા.05**

ચકલાસી નગરપાલિકાના સીસી રોડના કામના ટેન્ડર મુદ્દે નડિયાદના એક કોન્ટ્રાક્ટરને ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપવાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે નડિયાદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, નડિયાદ તાલુકાના ડુમરાલ ગામની ગોકુલધામ સોસાયટીમાં રહેતા કોન્ટ્રાક્ટર કાર્તિકભાઈ પંડ્યાએ ચકલાસી નગરપાલિકાના સીસી રોડના વિકાસના કામો માટે દેસાઈ કન્સ્ટ્રકશન અમદાવાદના નામે ઓનલાઈન ટેન્ડર ભર્યું હતું. આ ટેન્ડર ભર્યાના આશરે પંદરેક દિવસ બાદ ચકલાસી નગરપાલિકાના સભ્ય શૈલેષભાઈ વાઘેલાએ કાર્તિકભાઈને જણાવ્યું હતું કે આ




કામ તેમના સગા લક્ષ્મણસિંહ રાઠોડને આપવાનું છે. જોકે, ટેન્ડર ઓનલાઈન ભરાઈ ગયું હોવાથી કાર્તિકભાઈએ તે પાછું ખેંચવાનો ઈનકાર કરતા મામલો ગરમાયો હતો.

ગત 28 ફેબ્રુઆરીના રોજ રાત્રિના આશરે 11 વાગ્યાના સુમારે નડિયાદના સંતોષ પાર્કમાં રહેતો મનોજભાઈ હિમંતસિંહ ઝાલા પોતાની ગાડી લઈને કોન્ટ્રાક્ટર કાર્તિકભાઈના ઘરે પહોંચ્યો હતો. તે સમયે કાર્તિકભાઈ અને તેમનો પરિવાર ઘરે હાજર હતો. આરોપી મનોજ ઝાલાએ ઘર પાસે આવીને હાથમાં ચપ્પુ બતાવી ગાળાગાળી કરી હતી અને ધમકાવવાનું શરૂ કર્યું હતું. તેણે પોતે ચકલાસીનો ‘દાદા‘ હોવાનું કહી પોતાના ગુનાહિત ઈતિહાસનો ડર બતાવ્યો હતો.

મનોજ ઝાલાએ કાર્તિકભાઈને ધમકાવતા કહ્યું હતું કે તેને પૂછ્યા વગર ચકલાસી નગરપાલિકામાં ટેન્ડર કેમ ભર્યું છે. તેણે વોર્ડ નંબર 07 ના નગરપાલિકા સભ્ય શૈલેષભાઈ વાઘેલાના સગા લક્ષ્મણસિંહ રાઠોડને જ આ ટેન્ડર આપવાનું હોવાથી બે દિવસમાં ટેન્ડર પાછું ખેંચી લેવા દબાણ કર્યું હતું. જો ટેન્ડર પાછું ખેંચવામાં નહીં આવે તો કોન્ટ્રાક્ટરને જાનથી મારી નાખવાની અને તેની લાશ જ ઘરે આવશે તેવી ગંભીર ધમકી આપી હતી.

આ ઘટના દરમિયાન આરોપીએ ફરિયાદી અને તેમના પરિવાર સામે બિભત્સ ગાળો બોલી આતંક મચાવ્યો હતો. ફરિયાદીની દીકરીની ધોરણ 12 ની બોર્ડની પરીક્ષાઓ ચાલતી હોવાથી આ ઘટનાને કારણે આખો પરિવાર ભારે માનસિક તણાવમાં આવી ગયો હતો. આરોપીના ડર અને ધમકીના પગલે અંતે કાર્તિકભાઈ પંડ્યાએ નડિયાદ રૂરલ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે મનોજભાઈ હિમંતસિંહ ઝાલા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# 36 કલાક બાદ પણ આરોપીઓ પોલીસ પકડથી દૂર: ભોગ બનનાર વેપારીએ પોલીસને બે હાથ જોડી કહ્યું- મને ન્યાય આપો

**અમદાવાદ, તા.05**

અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિના ધજાગરા ઉડાડતી શહેરના નોબલનગર ટર્નિંગ પાસે મહિલા અને પુરુષ પર નિર્દયી રીતે લાકડીઓ વરસાવવાની ઘટના અને સરદાર નગર વિસ્તારમાં છારાનગર ખાતે કોલોનીમાં મહિલાની હત્યા કરી લૂંટ કરવાના કે 36 કલાક બાદ પણ શહેર પોલીસ આરોપીઓને ઝડપી શકી નથી. સ્થાનિક એરપોર્ટ-સરદારનગર પોલીસ, ઝોન-4 LCB ટીમ અને ક્રાઈમ બ્રાન્ચ સહિતની અલગ-અલગ એજન્સીઓના હાથમાં હજી સુધી આરોપીઓ આવ્યા નથી. લૂંટ અને મારામારી જેવી ગંભીર ઘટનામાં પણ ડિટેકશન કરનારા અધિકારીઓને પોલીસની ટીમ નબળી પડી છે. ભૂતકાળમાં ગુના નોંધાયેલા હોવા છતાં પણ આવા ગુનેગારને પકડવામાં પોલીસ ક્યાંક ઢીલું વલણ અપનાવી રહી હોવાની પણ ચર્ચા છે.

ભોગ બનનાર વેપારી દીપક ખંડવાણીએ જણાવ્યું હતું કે, બે દિવસ પહેલાં કુબેરનગર ચાચર ચોકમાં જ્યારે હું ઉભો હતો ત્યારે જયેશ રબારી અન્ય ત્રણ લોકોને લઈને આવ્યો હતો અને મને ખૂબ માર્યો હતો. ડંડા વડે મને માર મારવામાં આવ્યો હતો. પોલીસને એટલી વિનંતી છે કે, મને ન્યાય આપો. ક્યારેય બીજા સાથે આવું ન થવું જોઈએ. પોલીસને બે હાથ જોડીને વિનંતી કરતાં કહ્યું હતું કે, તેમનો વરઘોડો કાઢવામાં આવે. ભોગ બનનાર વેપારીને જે રીતે માર મારવામાં આવ્યો છે. જે ઘટના બાદ બીજા દિવસે રાત્રે રોડ પર જાહેરમાં નિર્દય રીતે ફરીથી માર મારવામાં આવ્યો ત્યારે આ સમગ્ર મામલે પોલીસ હજી સુધી આરોપીઓ સુધી પહોંચવામા નિષ્ફળ રહી છે.

શહેરના કુબેરનગર વિસ્તારમાં રહેતા દીપકભાઈ નામના કાપડના વેપારીએ સિંધી સમાજના તહેવાર એવા ચેટીચંદમાં જુલુસમાં અન્ય સમાજના માણસો આવતા હોવા અંગેનો વિરોધ કરવામાં આવ્યો હતો. જેને લઈને તેમના જ સમાજના વ્યક્તિ અને જયેશ રબારી દ્વારા ઝઘડો કરવામાં આવ્યો હતો, જેની અદાવત રાખીને માર મારવામાં આવ્યો હતો. આ અંગે





સરદાર નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ નોંધાવવામાં આવી હતી, જેની અદાવતમાં રાત્રે જ તેના ભાઈને માર મારવા માટે ગયા હતા. જોકે, નાસી ગયો હતો પોલીસને જાણ કરી હતી.

સરદારનગર પોલીસની ગાડી આવી હતી અને પગના ભાઈને બેસાડીને પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવવા માટે નીકળી હતી તેમની પાછળ બાઈક લઈને દિપકભાઈ તેમની માતા અને બહેન જઈ રહ્યા હતા ત્યારે જયેશ રબારી, પરેશ રબારી અને તેના સાગરીતો બાઈક પર પાછળ ગયા હતા અને જોર જોરથી બૂમો પાડી અટકાવ્યા હતા. નોબલનગર ટર્નિંગ પાસે ગાડી ઉભી રાખી અને નિર્દયી રીતે દીપકભાઈ અને તેમની માતા તેમજ બહેન પર લાકડીઓ વરસાવવામાં આવી હતી. જેમાં તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. સરદાર નગર તેમજ એરપોર્ટ પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળ પર પહોંચી હતી.

સરદારનગર અને એરપોર્ટ પોલીસ બંને હદના વિવાદને લઈને સવાર સુધી ફરિયાદ લીધી નહીં અને બાદમાં છેવટે એરપોર્ટ પોલીસ દ્વારા ગુનો નોંધી અને કાર્યવાહી કરવામાં આવી છે. જોકે, હજી સુધી 36 કલાક વીતી ગયા બાદ પણ એક પણ આરોપીને ઝડપવામાં એરપોર્ટ પોલીસ કે એજન્સી સફળ થઈ શકી નથી. આરોપી જયેશ રબારી વિરુદ્ધ પણ અગાઉ ગુનો નોંધાઈ ચૂક્યો છે. અનેકોમાં ચર્ચા છે કે જયેશ રબારીના સગા પોલીસમાં ફરજ બજાવે છે જેથી તેને છાવરવામાં આવી રહ્યો છે.

સરદારનગરના છારાનગરમાં કોલોનીમાં રહેતા ભારતીબેન બજરંગી છેલ્લા કેટલાય સમયથી એકલા રહેતા હતા. 3 માર્ચે મોડી રાત્રે તેઓ જમી પરવારીને સુઈ ગયા હતા. આ દરમિયાનમાં વહેલી સવારે 3:30 વાગ્યાની આસપાસ સ્થાનિક વ્યક્તિ જ્યારે ત્યાંથી પસાર થયો ત્યારે તેમને વૃદ્ધાના ઘરમાં જોયું તો વૃદ્ધા નીચે પડેલી હાલતમાં હતા અને કઈ અજુગતું બન્યું હોવાનું જાણ થઈ હતી. જેથી, તેમણે તાત્કાલિક ધોરણે મહિલાના પરિવારજનોને જાણ કરી હતી. પરિવારજનો સ્થળ પર પહોંચ્યા હતા અને પોલીસને પણ જાણ કરી હતી.

સરદારનગર પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી ઘરમાં જ્યારે જઈને જોયું તો મહિલાની નીચે પડેલી હાલતમાં હતા. તેમના શરીર પર રહેલા દાગીના ગાયબ હતા અને ઘરની તિજોરી અને રોકડ રકમ સહિતની વસ્તુઓ પણ ગાયબ જોવા મળી હતી. મહિલાના શરીર પર ઈજાના નિશાન અને મોઢે વાગેલું હતું, જેથી તેમની હત્યા થઈ હોવાનું જાણવા મળ્યું હતું. મોડી રાત્રે કોઈ અજાણી વ્યક્તિ દ્વારા ઘરમાં મહિલાની હત્યા કરી અને લૂંટ કરી હતી. સરદારનગર પોલીસ દ્વારા આ સમગ્ર મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ મામલે પણ હજી સુધી આરોપીઓની પોલીસ પહોંચી શકી નથી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અમેરિકા-ઇઝરાયલનું ઈરાન સાથે યુદ્ધ, કોલકાતા-દુબઈ ફ્લાઈટ શરૂ

## સ્પાઈસજેટ UAEથી દિલ્હી-મુંબઈ માટે 13 સ્પેશિયલ ફ્લાઈટ્સ ચલાવશે

**નવી દિલ્હી, તા.05**

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધનો આજે છઠ્ઠો દિવસ છે. 28 ફેબ્રુઆરીથી શરૂ થયેલા યુદ્ધને કારણે મિડલ ઈસ્ટના દેશોમાં ભારત માટેની ફ્લાઈટ સેવાને અસર થઈ છે. જોકે, છેલ્લા 2 દિવસમાં સ્થિતિમાં આંશિક સુધારો થયો છે.



સ્પાઈસજેટ મિડલ ઈસ્ટમાં ફસાયેલા મુસાફરોને પરત લાવવા માટે ગુરુવારે UAE થી 13 વિશેષ ફ્લાઈટ્સ ચલાવશે. તેમાંથી 12 ફુજૈરાહથી અને 1 દુબઈથી ઉપડશે. ફુજૈરાહથી મુંબઈ માટે સાત અને દિલ્હી માટે પાંચ વિશેષ ફ્લાઈટ્સ ચાલશે. જ્યારે એક ફ્લાઈટ દુબઈથી મુંબઈ આવશે.

આ તરફ, ઈરાનના સુપ્રીમ લીડર ખામેનીના મૃત્યુ પર જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં વિરોધ પ્રદર્શનો થયા. 1 માર્ચથી આજે સતત પાંચમા દિવસે શ્રીનગરમાં લાલ ચોક પર બેરિકેડિંગ છે, સુરક્ષા દળો તહેનાત છે. શેરીઓની બહાર તાર ફેન્સિંગ કરવામાં આવી છે.

આ દરમિયાન, 4 દિવસથી બંધ પડેલી કોલકાતા-દુબઈની ફ્લાઈટ્સ આજથી ફરી શરૂ કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું કે ફ્લાયદુબઈની ફ્લાઈટ ગુરુવારે સવારે એરપોર્ટ પર લેન્ડ થઈ. તેમાં 130 મુસાફરો હતા. બોઈંગ 737 મેક્સવાળું આ વિમાન અહીંથી 55 મુસાફરોને લઈને દુબઈ રવાના થયું. સ્પાઈસજેટ અનુસાર ગુરુવારે દુબઈથી મુંબઈ માટે SG 9014 અને ફુજૈરાથી મુંબઈ માટે SG 9036 ફ્લાઈટ્સ ચાલશે. ફુજૈરાથી દિલ્હી માટે SG 9006, SG 9082 અને SG 9085 અને ફુજૈરાથી મુંબઈ માટે SG 9087 અને SG 9089 ફ્લાઈટ્સ પણ ઓપરેટ કરવામાં આવી રહી છે.

સ્પાઈસજેટે 6 માર્ચે પણ ફુજૈરાહથી મુંબઈ અને દિલ્હી માટે ઘણી વધારાની ફ્લાઈટ્સ નક્કી કરી છે. 7 માર્ચે ફુજૈરાહથી મુંબઈ માટે એક સ્પેશિયલ ફ્લાઈટ ઓપરેટ કરવામાં આવશે. એરલાઈન કંપની એર ઈન્ડિયાએ કહ્યું - 28 ફેબ્રુઆરી કે તે પહેલાં બુક કરાયેલી ટિકિટવાળા મુસાફરો તેમની ફ્લાઈટ મફતમાં રીશેડ્યૂલ કરાવી શકે છે અથવા ટિકિટ કેન્સલ કરીને સંપૂર્ણ રિફંડ લઈ શકે છે. કંપનીએ કહ્યું કે અમારી મિડલ ઈસ્ટની પરિસ્થિતિઓ પર નજર છે. દુબઈ અને જેદ્દાહથી ફ્લાઈટ્સ ઓપરેટ કરવામાં આવી રહી છે. ત્યાં ફસાયેલા ભારતીયોને લાવવાના પ્રયાસો ચાલુ છે.

# ઝેલેન્સકીએ કહ્યું- રશિયા ઈરાનની મદદ નથી કરી શકતું: તેની પાસે પૂરતી તાકાત બચી નથી, તે યુક્રેન યુદ્ધમાં અટવાઈ ગયું છે

**નવી દિલ્હી, તા.05**

અમેરિકા-ઈઝરાયલ-ઈરાન યુદ્ધનો છઠ્ઠો દિવસ છે. પહેલીવાર ભારતે ખામેનીના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો છે. ભારત સરકાર વતી વિદેશ સચિવ વિક્રમ મિસરીએ નવી દિલ્હીમાં ઈરાની દૂતાવાસની મુલાકાત લઈને આયાતુલ્લાહ અલી ખામેનીના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે શોક પુસ્તક પર હસ્તાક્ષર કરીને શ્રદ્ધાંજલિ આપી હતી.



મોદી બોલ્યા, ઈઝરાયલ-ઈરાન યુદ્ધ જલ્દી ખતમ થાય:સૈન્ય સંઘર્ષ કોઈ સમસ્યાનો ઉકેલ નથી; ઈરાનમાં અત્યાર સુધીમાં 1000 લોકોના મોત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે દિલ્હીમાં ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર સ્ટબ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી. આ દરમિયાન તેમણે મિડલ ઈસ્ટ અને યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધને જલ્દી સમાપ્ત કરવાની અપીલ કરી. મોદીએ કહ્યું કે સૈન્ય સંઘર્ષથી કોઈ પણ મુદ્દો હલ થઈ શકતો નથી.

પીએમ મોદીએ કહ્યું કે ભારત અને ફિનલેન્ડ બંને કાયદાના શાસન, સંવાદ અને રાજદ્વારીમાં વિશ્વાસ રાખે છે. તેમણે કહ્યું- અમે આ વાત પર સહમત છીએ કે માત્ર સૈન્ય સંઘર્ષથી કોઈ પણ સમસ્યા હલ થઈ શકતી નથી. સંપૂર્ણ સમાચાર વાંચો ઈરાન વિરૂદ્ધ હુમલાના 100 કલાક પૂરા થવા પર અમેરિકાએ વીડિયો જાહેર કર્યો

અમેરિકાએ ભારતથી પરત ફરી રહેલા એક ઈરાની યુદ્ધ જહાજ IRIS દેના પર શ્રીલંકા નજીક હુમલો કરીને તેને ડુબાડી દીધું છે. હુમલામાં અત્યાર સુધીમાં 87 ઈરાની નૌસૈનિકો માર્યા ગયા છે. આ માહિતી શ્રીલંકા સરકારે આપી છે.

અમેરિકી સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે જણાવ્યું કે હિંદ મહાસાગરમાં અમેરિકી સબમરીને ઈરાની જહાજને ટોર્પિડોથી નિશાન બનાવીને ડુબાડી દીધું. શ્રીલંકાની નેવીએ 32 ઘાયલ નૌસૈનિકોને બચાવીને તેમને હોસ્પિટલમાં દાખલ કર્યા છે.


જહાજ પર લગભગ 180 નૌસૈનિકો સવાર હતા. ગુમ થયેલા લોકોની શોધ માટે સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન ચાલુ છે. આ ઈરાની યુદ્ધ જહાજ ગયા મહિને ભારતના વિશાખાપટ્ટનમમાં આયોજિત 2026 ઈન્ટરનેશનલ ફ્લીટ રિવ્યુમાં ભાગ લઈને પરત ફરી રહ્યું હતું.

શ્રીલંકાના અધિકારીઓએ અલ જઝીરાને જણાવ્યું કે બુધવારે સવારે લગભગ 6 થી 7 વાગ્યાની વચ્ચે (ભારતીય સમય મુજબ) મદદ માટે મેસેજ મોકલવામાં આવ્યો હતો. આ જહાજ દક્ષિણ શ્રીલંકાના ગાલે શહેરથી લગભગ 40 નોટિકલ માઈલ (લગભગ 75 કિલોમીટર) દૂર હતું.

# કેનેડામાં પંજાબી યુટ્યુબર નેન્સી ગ્રેવાલની ચાકુ મારીને હત્યા: માતા બોલ્યા- ખાલિસ્તાનીઓએ કરી, હરિયાણામાં જન્મ

**લુધિયાણા, તા.05**

કેનેડામાં પંજાબી મૂળની યુટ્યુબર નેન્સી ગ્રેવાલ (45)ની ચાકુ મારીને હત્યા કરવામાં આવી. કેનેડિયન પોલીસના જણાવ્યા અનુસાર, મંગળવારે રાત્રે લગભગ 9:30 વાગ્યે હુમલાખોરો તેના ઘરમાં ઘૂસ્યા. તેને ઘરની અંદર જ ચાકુ મારવામાં આવ્યા.



જે બાદ હુમલાખોરો તેને લોહીલુહાણ હાલતમાં છોડીને ફરાર થઈ ગયા. નેન્સી કેનેડાના વિન્ડસર વિસ્તારમાં રહેતી હતી. આની જાણ થતાં પોલીસ ત્યાં પહોંચી. જ્યાંથી નેન્સીને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવામાં આવી.

ત્યાંના ડોક્ટરોના જણાવ્યા અનુસાર, તેને ગંભીર ઈજાઓ થઈ હતી. જેના કારણે તેનું મૃત્યુ થયું. જોકે, નેન્સીની બહેને દાવો કર્યો છે કે નેન્સીની હત્યા તેના ઘરમાં નહીં, પરંતુ તેના ઘરથી 45 મિનિટના અંતરે એક દર્દીના ઘરની બહાર થઈ છે.

નેન્સીનો જન્મ હરિયાણામાં થયો હતો, પરંતુ બાદમાં તેનો પરિવાર લુધિયાણા સ્થળાંતર થયો. હવે તેની માતા જલંધરમાં રહે છે. નેન્સી તેના યુટ્યુબ વીડિયોને કારણે ચર્ચામાં રહેતી હતી. જેમાં તે ખુલ્લેઆમ ખાલિસ્તાનીઓથી લઈને અકાલ તખ્ત જથેદાર અને ડેરા બ્યાસ મુખી સુધીની ટીકા કરતી હતી.

ટીમ રાત્રે પહોંચી, હોસ્પિટલમાં દમ તોડી દીધો: કેનેડા પોલીસ અધિકારી પિયર્સે જણાવ્યું કે હુમલાની જાણ મંગળવારે (3 માર્ચ) રાત્રે થઈ હતી. ત્યારબાદ પોલીસ અને પેરામેડિક્સ રાત્રે લગભગ 9:30 વાગ્યે ટોડ લેન (Todd Lane)ના 2400 બ્લોકમાં પહોંચ્યા. આ ઉપરાંત, એસેક્સ-વિન્ડસર ઈમરજન્સી મેડિકલ ટીમના સભ્યો પણ ઘટનાસ્થળે પહોંચ્યા. તેઓએ ઘાયલ મહિલાને હોસ્પિટલ પહોંચાડી, જ્યાં તેમણે દમ તોડી દીધો.

સીડી-રસ્તા પરથી પુરાવા એકઠા કર્યા, એક કિમી વિસ્તાર સીલ કર્યો: આ પછી બુધવારે સવારે પોલીસ અધિકારીઓ નેન્સીના ઘરે પહોંચ્યા. તેઓએ વિન્ડસરમાં ટોડ લેન પર કેનેડા સ્ટ્રીટ અને બિશપ સ્ટ્રીટ વચ્ચેના 2 ઘરોને ઘેરી લીધા. એક ઘરના મુખ્ય દરવાજા સુધી જતી સીડીઓ અને રસ્તા પરથી પુરાવા એકઠા કરવામાં આવ્યા.

CCTV તપાસવામાં આવી રહ્યા છે: કેનેડા પોલીસ અધિકારી પિયર્સે નેન્સી ગ્રેવાલના પરિવાર અને તેના મિત્રો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી. તેમણે એમ પણ કહ્યું કે પોલીસ આ હત્યાની ગંભીરતાથી તપાસ કરી રહી છે. જલ્દી જ આરોપીઓને પકડી લેવામાં આવશે. ઘટનાના આરોપીઓની ઓળખ માટે પોલીસ CCTV તપાસી રહી છે. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે જો કોઈની પાસે આ ઘટના વિશે કોઈ માહિતી અથવા સુરક્ષા કેમેરા (CCTV) ના ફૂટેજ હોય, તો તેઓ ડિટેક્ટિવ સાર્જન્ટ જેમી નેસ્ટરનો સંપર્ક કરે.

દીકરી નર્સ હતી, 2 કંપનીઓમાં કામ કરતી હતી: નેન્સીની માતા છિંદરપાલ કૌરે કહ્યું- દીકરી 2018માં કેનેડા ગઈ હતી. ત્યાં તેણે નર્સનો કોર્સ કર્યો હતો. જેના પછી તે સવારે પેરામિડ કંપનીમાં નોકરી કરતી હતી અને મોડી સાંજે કેર પાર્ટ વેર કંપનીમાં નોકરી કરતી હતી. છેલ્લી વાર તેની સાથે 2 માર્ચે ફોન પર વાત થઈ હતી. દીકરી વધુ વ્યસ્ત રહેતી હતી, આ કારણે તે ફોન કરતી ન હતી પણ દીકરી જ કોલ કરતી હતી.

પહેલા પણ હુમલો થયો, ઘણી વાર ધમકીભર્યા કોલ આવ્યા: માતા છિંદરપાલ કૌરે કહ્યું- દીકરી પર પહેલા પણ હુમલો થઈ ચૂક્યો છે. તે દરમિયાન ઘરમાં આગ લગાડવામાં આવી હતી. તે તે દરમિયાન બચી ગઈ હતી, પરંતુ તે મામલામાં હજુ સુધી ન્યાય મળ્યો નથી. તેને પહેલા પણ ઘણી વાર ધમકીભર્યા કોલ આવી ચૂક્યા હતા. આ અંગે કેનેડા પોલીસને તમામ ધમકીઓની ફરિયાદ પણ આપવામાં આવી હતી.

દીકરીની રેકી કરવામાં આવી, નિર્દયતાથી મારી નાખવામાં આવી: માતાએ કહ્યું કે આગ લાગવાને કારણે નેન્સી બચી ગઈ, તો હવે દીકરીની રેકી કરવા માટે એક વ્યક્તિને ઘરે મોકલવામાં આવ્યો હતો. તેણે મોં ઢાંકેલું હતું. જેના પછી સીસીટીવી કેમેરા લાગેલા જોઈને તે ડરીને ભાગી ગયો. દુશ્મનોએ નિર્દયતાથી દીકરીની હત્યા કરી. દીકરી હોસ્પિટલ પણ પહોંચી શકી નહીં અને તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયું.

3-4 વ્યક્તિ સામેલ, તેમના નામ મારી પાસે છે: છિંદરપાલ કૌરે કહ્યું કે દીકરી ગરીબોની મસીહા હતી અને તેમની મદદ કરતી હતી. તે સત્યના માર્ગે ચાલનારી છોકરી હતી. તેમણે કેનેડા પોલીસને અપીલ કરી કે જે 3 થી 4 વ્યક્તિઓ છે, જેમના નામ તેમની પાસે મોજુદ છે, તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કરીને તેમને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવે અને દીકરીના મૃત્યુને લઈને તેમને ન્યાય અપાવવામાં આવે. તેના દુશ્મનો ત્યાં જ ગુરુદ્વારામાં બેઠા છે.

# નેપાળમાં મતદાન પૂર્ણ, 3 વાગ્યા સુધીમાં 40% મતદાન:પીએમ કાર્કીએ કહ્યું, 'મારો રોલ પૂરો થયો', ગગન થાપા-બાલેન શાહ અને કેપી શર્મા ઓલી વચ્ચે ટક્કર





**કાઠમંડુ, તા.05**

નેપાળમાં સામાન્ય ચૂંટણી માટે મતદાન સવારે 7 વાગ્યાથી સાંજે 5:15 વાગ્યા સુધી થયું. ગણતરી મધ્યરાત્રિ 12 વાગ્યાથી શરૂ થશે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, બપોરે 3 વાગ્યા સુધીમાં 40% મતદાન નોંધાયું હતું. આ વખતે 65% મતદાન થવાની અપેક્ષા છે.

વડાપ્રધાન સુશીલા કાર્કીએ કાઠમંડુના ધાપસી મતદાન મથક પર મતદાન કર્યા પછી કહ્યું કે તેમની ભૂમિકા હવે પૂર્ણ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે આ ચૂંટણી દેશનું ભવિષ્ય નક્કી કરશે.

વિશ્વભરના ઘણા દેશો નેપાળની ચૂંટણીઓ પર નજીકથી નજર રાખી રહ્યા છે, કારણ કે સપ્ટેમ્બર 2025માં હિંસક યુવા વિરોધ પ્રદર્શનોએ તત્કાલીન વડાપ્રધાન કેપી શર્મા ઓલીની સરકારને ઉથલાવી દીધી ત્યારથી આ પ્રથમ સામાન્ય ચૂંટણી છે.

ઓલીના રાજીનામા પછી, નેપાળના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ સુશીલા કાર્કીના નેતૃત્વમાં એક વચગાળાની સરકારની રચના કરવામાં આવી હતી, જે હવે ચૂંટણીઓનું સંચાલન કરી રહી છે. કાઠમંડુના પૂર્વ મેયર બાલેન શાહ, કેપી શર્મા ઓલી અને ગગન થાપાને વડાપ્રધાન પદ માટે મુખ્ય દાવેદાર માનવામાં આવે છે.

નેપાળમાં ચૂંટણીના કારણે દેશની બોર્ડર બંધ કરી દેવામાં આવેલી છે. ભારત-નેપાળની સૌનોલી બોર્ડર બંધ કરી દેવામાં આવતા 60 જેટલા ગુજરાતીઓ હાલ ત્યાં ફસાયેલા છે. તેઓ નેપાળથી આજે ભારત આવવાના હતા, પરંતુ ચૂંટણીના કારણે બોર્ડર બંધ કરવામાં આવી છે જેના કારણે તેઓ બોર્ડર પર ફસાઈ ગયા છે. 24 જેટલા લોકોની આજે ગુજરાત(અમદાવાદ) આવવા માટેની ફ્લાઈટ છે, પરંતુ નેપાળની બોર્ડરથી ભારતમાં એન્ટ્રી આપવામાં આવી રહી નથી. જેના કારણે બોર્ડર નજીક હોટલમાં તેઓ ફસાઈ ચૂક્યા છે. ઉલ્લેખનીય છે કે સાંજે 5 વાગ્યે જ્યારે ચૂંટણી પૂર્ણ થશે ત્યારે જ બોર્ડર ખોલવામાં આવશે એવું નેપાળના અધિકારીઓએ કહ્યું હોવાનું જાણવા મળ્યું છે.

અમદાવાદથી નેપાળ ગયેલા ભૂપેન્દ્ર શાહએ જણાવ્યું હતું કે નેપાળ ફરવા માટે ગયા હતા આજે ભારત પાછા આવવાના હતા, પરંતુ નેપાળમાં ચૂંટણીના કારણે બોર્ડર બંધ કરી દેવામાં આવી છે. ભારતના ઉત્તરપ્રદેશ પાસેની નેપાળને જોડતી સૌનોલી બોર્ડર પર અત્યારે 60થી વધારે ગુજરાતીઓ છે. અમદાવાદ-મહેસાણા સહિત અલગ અલગ શહેરોમાંથી નેપાળ આવેલા ગુજરાતીઓને આજે ગુજરાત પરત ફરવાનું છે, પરંતુ બોર્ડર બંધ છે જેના કારણે તેઓ ત્યાં ફસાયેલા છે.

કુલ 65 રાજકીય પક્ષો ચૂંટણી લડી રહ્યા છે. મતદાન પૂર્ણ થતાં જ મત ગણતરી શરૂ થશે. આગામી 24 કલાકમાં પરિણામો આવવાની અપેક્ષા છે.

દેશના તમામ 77 જિલ્લાઓમાં સવારે 7 વાગ્યા (ભારતીય સમય મુજબ સવારે 6:45 વાગ્યા) થી સાંજે 5 વાગ્યા (ભારતીય સમય મુજબ સાંજે 4:45 વાગ્યા) સુધી એક જ તબક્કામાં મતદાન યોજાશે.

દેશભરમાં 23,000 થી વધુ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે. ચૂંટણી માટે લગભગ 1.9 કરોડ મતદારોએ નોંધણી કરાવી છે, જેમાં આશરે 8 લાખ યુવાનોનો સમાવેશ થાય છે જેઓ પહેલી વાર મતદાન કરશે.

નેપાળમાં મતદાનની લઘુત્તમ ઉંમર 18 વર્ષ છે. નવેમ્બર ૨૦૨૨માં થયેલી છેલ્લી સંસદીય ચૂંટણીની તુલનામાં, આ વખતે આશરે 10 લાખ વધુ મતદારોએ નોંધણી કરાવી છે. યુવા આંદોલને રાજકારણમાં લોકોનો રસ વધાર્યો છે.

# ખેલાડી ડોનાલ્ડ ટ્રમ્પનો અસલી ચહેરો હવે દુનિયા સામે ક્રમશઃ બેનકાબ થઈ રહ્યો છે

## સૈન્યનો ખતરનાક ઉપયોગ કરવાની અમેરિકી રાષ્ટ્રપ્રમુખની ઘેલછા આખી દુનિયાને ગહન અંધકારમાં ધકેલી દેશે

પોતાને શાંતિના રાષ્ટ્રપતિ કહેનારા ટ્રમ્પ આખરે યુદ્ધના રાષ્ટ્રપતિ બન્યા છે. તેમણે ઈરાની સરકારને ઉથલાવી પાડવાના સ્પષ્ટ ધ્યેય સાથે અમેરિકી સૈન્યની સંપૂર્ણ શક્તિનો ઉપયોગ કરી દીધો છે. ઈઝરાયલ અને અમેરિકાના હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીનું મોત થયું હતું. ત્યારબાદ, ઈરાને જાહેરાત કરી કે તે અમેરિકા અને ઈઝરાયલ પર અત્યાર સુધીનો સૌથી શક્તિશાળી હુમલો કરશે. આનાથી એવા સંકેતો મળ્યા છે કે અમેરિકા ફરી એકવાર મધ્ય-પૂર્વમાં મોટા યુદ્ધમાં પ્રવેશી ગયું છે. જો અમેરિકા આ યુદ્ધમાં પ્રવેશ કરે છે, તો ટ્રમ્પના શબ્દો અને કાર્યો વચ્ચેનો તફાવત ચોક્કસપણે સ્પષ્ટ થઈ જશે. હકીકતમાં, જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે સન ૨૦૧૬માં પહેલીવાર રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી લડી હતી, ત્યારે તેમણે અગાઉની સરકારોની લશ્કરી કાર્યવાહીનો વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે અન્ય દેશોમાં સરકારો બદલવી એ સંપૂર્ણપણે નિષ્ફળ નીતિ હતી અને વિદેશી સરકારોને ઉથલાવી દેવાની ધમાલને રોકવાનું તેમણે પ્રજાને વચન આપ્યું હતું. તેમણે ૨૦૨૪ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પણ આવો જ દાવો કર્યો હતો, જેમાં કહ્યું હતું કે તેમના કાર્યકાળ દરમિયાન કોઈ નવાં યુદ્ધો શરૂ થયાં નથી, અને આ જ આધાર પર તેમણે ચૂંટણી જીતી હતી. ૨૦૧૬ના ડોનાલ્ડ ટ્રમ્પ, ૨૦૨૬ના ડોનાલ્ડ ટ્રમ્પ વિશે શું વિચારશે તે ક્યારેય જાણી શકાશે નહીં, પરંતુ જ્યારે વિદેશી હસ્તક્ષેપની વાત આવે છે, ત્યારે તેઓ તદ્દન અલગ છે. 'અમેરિકા ફર્સ્ટ'ના વચન સાથે સત્તામાં આવ્યાના એક દાયકા પછી, ટ્રમ્પ હવે વિદેશમાં પોતાની શક્તિ પ્રદર્શિત કરવા માટે વધુ ઉત્સુક છે. શનિવારે ઈરાન પર હુમલો તેમના બીજા કાર્યકાળમાં આઠમી વખત હતો જ્યારે તેમણે લશ્કરી કાર્યવાહીનો આદેશ આપ્યો હતો. તેમણે વેનેઝુએલાની સરકાર પણ ઉથલાવી દીધી છે અને ક્યુબાના સરમુખત્યારને ઉથલાવી પાડવાની ધમકી આપી છે.



શનિવારે મધ્યરાત્રિએ પોસ્ટ કરાયેલા એક સોશિયલ મિડીયા વીડિયોમાં, ટ્રમ્પે ઈરાન સામે લગભગ અડધી સદી જૂના આરોપોનું પુનરાવર્તન કર્યું. તેમણે પરમાણુ શસ્ત્રો અને મિસાઈલોનો મુદ્દો તેમજ આતંકવાદને ઈરાનનું સમર્થન અને યુએસ દૂતાવાસને ઘેરાબંધી જેવા જૂના મુદ્દાઓ ઉઠાવ્યા. પરંતુ તેમણે એ સમજાવ્યું નહીં કે આ પગલાં હવે શા માટે જરૂરી હતાં, અથવા તેમના વિચાર અચાનક કેમ બદલાઈ ગયા. તેમણે ઈરાની ધમકી અંગેના તેમના વિરોધાભાસી નિવેદનો પણ સ્પષ્ટ કર્યા ન હતા. ઈરાન પર હુમલો કર્યા પછી, તેમણે દાવો કર્યો હતો કે તેઓએ ઈરાનના પરમાણુ કાર્યક્રમને સંપૂર્ણપણે નાશ કરી દીધો છે. તેમણે તેમના રાષ્ટ્રપતિના ભાષણમાં અને શનિવારે સવારે એક વીડિઓમાં પણ આ જ દાવો કર્યો હતો, પરંતુ તેમણે એ સમજાવ્યું ન હતું કે પહેલાથી જ નાશ પામેલા કાર્યક્રમ પર ફરીથી હુમલો કરવાની જરૂર કેમ પડી.

જોકે, તેમણે પહેલાં કરતાં વધુ આક્રમક વલણ અપનાવ્યું છે, જેનો ઉદ્દેશ્ય સરકાર પરિવર્તનનો છે. તેમણે ઈરાનીઓને તેમના નેતાઓને ઉથલાવી પાડવા હાકલ કરી. 'જ્યારે અમે યુદ્ધ પૂર્ણ કરી લઈએ, ત્યારે તમારી પોતાની સરકાર સંભાળો,' ઈરાની લોકો સરકાર કેવી રીતે સંભાળશે તે પ્રશ્ન અસ્પષ્ટ હતો. ટ્રમ્પે લખ્યું હતું કે પોલીસ અને રિવોલ્યુશનરી ગાર્ડ ફોર્સે શાંતિપૂર્ણ રીતે ઈરાની દેશભક્તો સાથે જોડાવું જોઈએ અને દેશને તેની ભૂતપૂર્વ મહાનતામાં પુનઃસ્થાપિત કરવા માટે એક એકમ તરીકે જોઈને સાથે કામ કરવું જોઈએ. આ એક વિચિત્ર વિચાર છે, જે સૂચવે છે કે ઈરાની સુરક્ષા અધિકારીઓ અચાનક તે જ લોકો સાથે જોડાશે જેમને તેઓ થોડા અઠવાડિયા પહેલા શેરીઓમાં ગોળી મારી રહ્યા હતા.

અગાઉ, રાષ્ટ્રપતિઓ જ્યારે માનતા હતા કે તેઓ ઓછા ખર્ચ અને સારાં પરિણામો સાથે તેમનાં લક્ષ્યો પ્રાપ્ત કરી શકે છે ત્યારે હવાઈ હુમલાઓ, દરોડા અને ગુપ્ત લશ્કરી દળનો ઉપયોગ કરતા હતા. ઈરાન પરના આ હુમલાએ તે સૂત્ર તોડી નાખ્યું છે અને તે મોટા ખતરા તરફનું એક અજાણ્યું પગલું છે. ટ્રમ્પના ટીકાકારોએ તેમના ભૂતકાળનાં નિવેદનોને યાદ કર્યા અને તેમના પર તેમના વચનો તોડવાનો આરોપ લગાવ્યો. તેમણે ચૂંટણી રેલીઓ અને સોશિયલ મિડીયામાંથી એવા વીડિયો શેર કર્યા જેમાં ટ્રમ્પે બરાક ઓબામા, જ્યોર્જ ડબલ્યુ. બુશ અને કમલા હેરિસને યુદ્ધખોર કહ્યા. ૨૦૧૨માં, ટ્રમ્પે કહ્યું, 'હવે જ્યારે ઓબામાની લોકપ્રિયતા ઘટી રહી છે - સાવધાન રહો, તેઓ લિબિયા અથવા ઈરાન પર હુમલો કરશે. તેઓ ભયાવહ છે.' ૨૦૧૬માં, તેમણે કહ્યું, 'અમે સરકાર પરિવર્તનની આ અવિચારી અને ખર્ચાળ નીતિને રોકવા જઈ રહ્યા છીએ.' ૨૦૨૪માં ચૂંટણીની રાત્રે, તેમણે કહ્યું, કે, 'હું યુદ્ધ શરૂ કરવાનો નથી.

# ચીને 35 વર્ષમાં સૌથી ઓછો GDP લક્ષ્યાંક રાખ્યો: 2026 માટે 4.5-5% ગ્રોથનો ટારગેટ, એક્સપોર્ટને બદલે સ્થાનિક બજાર પર ફોકસ

**બીજિંગ, તા.05**

ચીને 2026 માટે GDP ગ્રોથનો લક્ષ્યાંક ઘટાડીને 4.5 - 5% કર્યો છે. વર્ષ 1991 પછી આ પહેલીવાર છે જ્યારે ચીને પોતાનો લક્ષ્યાંક 5%થી નીચે રાખ્યો છે. બીજિંગમાં આયોજિત વાર્ષિક સંસદીય બેઠક 'ટુ સેશન્સ' દરમિયાન ચીનના પ્રીમિયર લી કિયાંગે આ જાહેરાત કરી. ચીને ગુરુવારે 15મી પંચવર્ષીય યોજના (2026-2030) નો ડ્રાફ્ટ પણ જાહેર કર્યો, જેના પર આવતા અઠવાડિયે મતદાન થશે. આ યોજનામાં વપરાશ વધારવા અને ઈનોવેશન પર ભાર મૂકવા જેવા વિષયો સામેલ છે, જે આગામી પાંચ વર્ષ માટે બીજિંગની પ્રાથમિકતા રહેશે.



ચીન હવે પોતાની આર્થિક રણનીતિ બદલી રહ્યું છે. અત્યાર સુધી ચીનની અર્થવ્યવસ્થા મુખ્યત્વે કન્સ્ટ્રક્શન અને એક્સપોર્ટ પર આધારિત હતી, પરંતુ હવે સરકારનું ધ્યાન 'હાઈ-ક્વોલિટી ગ્રોથ' પર છે. આનો અર્થ એ છે કે હવે હાઈ-ટેક ઉદ્યોગ અને માળખાકીય સુધારાઓ દ્વારા અર્થતંત્રને મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે જેથી બાહ્ય આંચકાઓની અસર ઓછી થાય.

ચીન હાલમાં ઘણા મોરચે સંઘર્ષ કરી રહ્યું છે. દેશનું રિયલ એસ્ટેટ લાંબા સમયથી સંકટમાં છે. ઘરેલું માંગ નબળી પડી ગઈ છે અને વસ્તી ઝડપથી વૃદ્ધ થઈ રહી છે. નિષ્ણાતોનું કહેવું છે કે જેમ જેમ કોઈ દેશ મધ્યમ આવક વર્ગથી ઉપર વધે છે, તેની ગતિ સ્વાભાવિક રીતે ધીમી પડે છે.

યુરેશિયા ગ્રુપના ડિરેક્ટર ડેન વાંગના મતે, ચીન હવે એક્સપોર્ટને બદલે ઘરેલું સુધારાઓ પર ધ્યાન આપી રહ્યું છે અને સરકારે બેરોજગારી પ્રત્યે પણ પોતાની સહનશીલતા વધારી છે.

ચીની સરકારે આ વર્ષે શહેરોમાં 1.20 કરોડથી વધુ નવી નોકરીઓ ઊભી કરવાનો સંકલ્પ લીધો છે. બેરોજગારી દરનું લક્ષ્ય 5.5% રાખવામાં આવ્યું છે. જોકે, નિષ્ણાતોનું માનવું છે કે હાઈ-ટેક ઉદ્યોગને પ્રાધાન્ય આપવાથી પરંપરાગત મેન્યુફેક્ચરિંગ અને કન્સ્ટ્રક્શન સેક્ટર સાથે સંકળાયેલા કરોડો બ્લુ-કોલર વર્કર્સ (મજૂર વર્ગ) માટે જોખમ ઊભું થઈ શકે છે. આર્થિક મંદી છતાં ચીને તેના રક્ષા બજેટમાં 7%નો વધારો કર્યો છે, જે પાછલા વર્ષોની સરખામણીમાં થોડો ઓછો છે. એક્સપોર્ટનો મત: હુતોંગ રિસર્ચના પાર્ટનર ગુઓ શાનના મતે, ચીનને 2035 સુધીમાં વિકસિત દેશ બનવા માટે આગામી દાયકામાં સરેરાશ માત્ર 4.3% ગ્રોથની જરૂર છે. તેથી આ સામાન્ય લક્ષ્ય પણ બેઇજિંગના આત્મવિશ્વાસને દર્શાવે છે.

તંત્રી લેખ

## દેશભરમાં મેટ્રો એટિકેટ ઝુંબેશ શરૂ કરવાની જરૂર

ભારત જ્યારે વિકસિત દેશ બનવાવા સપનાં જુવે છે ત્યારે પાયાના સ્તરે પણ કેટલાક સુધારા કરવા જરૂરી છે. જાહેરમાં ગંદકી કરવી, ગમે ત્યાં કચરો ફેંકવો, જાહેરમાં ઝગડા કરવા, પ્રવાસ દરમ્યાન શિષ્ટાચાર વગેરે મહત્વના મુદ્દા છે. લોકોમાં થોડો સુધારો જોવા મળે છે. કેટલાક કચરો નાખવા ડસ્ટબીન શોધતા હોય છે. હાલમાં સૌથી મોટી સમસ્યા ટ્રાવેલ એટીકેટની છે. લોકો પ્રવાસ દરમ્યાનનો શિષ્ટાચાર ભૂલી જાય છે. વિદેશના લોકો જ્યારે સાથે પ્રવાસ કરતા હોય છે ત્યારે દેશની ખોટી ઈમેજને સાથે લેતા જાય છે.

બેંગલુરૂમાં મેટ્રો એટિકેટ નામથી ઝુંબેશ ચલાવાય છે. જેમાં પ્રવાસીને તેનું વર્તન કેવી રીતે બદલવું તે પર ભાર મૂકવામાં આવે છે. બેંગલુરૂનો ઉલ્લેખ એટલા માટે છે કે પ્રવાસીઓના ગેર વર્તનના અને કાયદો તોડવાના એક લાખથી વધુ કિસ્સા નોંધાયા હતા, ગયા વર્ષે તે સંખ્યા ૫૭,૫૩૮ની હતી. બેંગલુરૂ મેટ્રો રેલ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા(મ્સ્ઈભન્)માટે કેટલાક પ્રવાસીઓ માથાના દુખાવા સમાન બની ગયા છે. ગેર વર્તનની એક લાખ ફરિયાદ જેટલીજ ફરિયાદ નહીં નોંધાયેલી હશે એમ માનવામાં આવે છે. ટ્રાવેલ એટિકેટમાં મોટા અવાજે મ્યુઝિક વગાડવાની ફરિયાદ મોટા પાયે જોવા મળે છે. કેટલીક ફરિયાદોમાં સિનિયર સિટીઝન, પ્રેગનન્ટ વુમન કે અપંગ વ્યકિત માટે ફાળવેલી બેઠકો પરથી પણ કોઈ ઉભું નથી થતું. અનેક લોકો પાન તમાકુ ખાઈને મેટ્રો કોચના ખૂણામાં થૂંકતા હોય છે. કેટલાક બિનજરૂરી ધક્કા મુક્કી કરતા હોય છે. સતત ફરિયાદોથી કંટાળીને સત્તાવાળાઓએ મેટ્રો એટિકેટ ઝુંબેશ શરૂ કરી છે. કેટલાક લોકો અન્યને સાંભળવા મોબાઈલ ફોનનું સ્પીકર ચાલુ રાખે છે. કેટલાક સોંગ સાંભળવા હેડફોનનો ઉપયોગ નથી કરતા એટલે આજુ બાજુવાળાને ડિસ્ટર્બ થાય છે. જ્યારે કોઈ તેમને ટોકેતો તેની સાથે ઝગડો કરે છે. ઝૂંબેશની શરૂઆતમાં દરેક કોચમાં હોમગાર્ડના બે જવાનો મુકાયા છે. જે મોબાઈલ પર માટેથી વાત કરનારા અને હેડફોન નહીં વાપરતા લોકોને અટકાવશે તેમજ તેને સમજાવશે. ટ્રેનને સ્વચ્છ રાખવી, રિઝર્વ સીટ ખાલી કરવી, બહુ માટેથી ના બોલવું વગેરે સામે જાગૃતિ ફેલાવાશે. મેટ્રો સતાવાળાઓના પગલાંને બિરદાવાઈ રહ્યા છે. સોશ્યલ નેટવર્ક સત્તાવાળાઓને વધુ કડક બનવા કહે છે અને સ્ટેશન પર તેમજ કોચની અંદર તેની જાહેરાત કરવા કહે છે. તેમાં પ્રવાસીઓને લાઈનમાં ઉભા રહેવા અને મહિલા પ્રવાસીઓ તરફ માનથી જોવાની સલાહ આપવાનું પણ કહેવાય છે.

બેંગલુરૂને ભારતની સિલિકોન વેલી કહેવાય.વિશ્વભરના લોકો અહીં જોબ માટે આવેલા છે.વિશ્વની અનેક કંપનીઓની ઓફિસો બેંગલુરૂમાં છે. બેંગલુરૂમાં ટ્રાફિકની સમસ્યા બહુ ગંભીર હોવાથી લોકો મેટ્રોમાં અવર જવર વધુ કરતા થયા છે. પરંતુ ટ્રાવેલ એટિકેટ બાબતે પ્રવાસીઓ બહુ ગંભીર નથી. વિદેશથી આવતા લોકો એટિકેટ માટે આગ્રહી હોય છે. આપણા લોકો વિદેશની અનેક ચીજોનું અનુકરણ કરે છે પરંતુ તેમની પાસેથી એટિકેટ શીખતા નથી. મેટ્રો આધુનિક છે પણ પ્રવાસ કરનારા પોતે સુધરવા તૈયાર નથી હોતા.

માત્ર બેંગલુરૂ નહીં પણ ટ્રાવેલ એટિકેટનો અભાવ પ્રવાસના દરેક સ્થળે નજરે પડે છે. બેંગલરૂમાં શરૂ કરાયેલી ટ્રાવેલ એટિકેટની ઝુંબેશ દેશના દરેક સ્થળે શરૂ કરવા ભારતના રેલ્વે અને રાજ્યોના એસટી તંત્રએ વિચારનું જોઈએ. ટ્રાવેલ એટિકેટમાં મોટા અવાજે મ્યુઝિક વગાડવાની ફરિયાદ મોટા પાયે જોવા મળે છે. કેટલીક ફરિયાદોમાં સિનિયર સિટીઝન, પ્રેગનન્ટ વુમન કે અપંગ વ્યકિત માટે ફાળવેલી બેઠકો પરથી પણ કોઈ ઉભું નથી થતું. અનેક લોકો પાન તમાકુ ખાઈને મેટ્રો કોચના ખૂણામાં થૂંકતા હોય છે. કેટલાક બિનજરૂરી ધક્કા મુક્કી કરતા હોય છે. સતત ફરિયાદોથી કંટાળીને સત્તાવાળાઓએ મેટ્રો એટિકેટ ઝુંબેશ શરૂ કરી છે. કેટલાક લોકો અન્યને સાંભળવા મોબાઈલ ફોનનું સ્પીકર ચાલુ રાખે છે. કેટલાક સોંગ સાંભળવા હેડફોનનો ઉપયોગ નથી કરતા એટલે આજુ બાજુવાળાને ડિસ્ટર્બ થાય છે. જ્યારે કોઈ તેમને ટોકેતો તેની સાથે ઝગડો કરે છે.

**યુદ્ધને પગલે તાજેતરમાં જ ભારતના 10 કાર્ગો રદ કરવામાં આવ્યા છે. દરેક કાર્ગોમાં 46,000 ટન એલપીજી હતો. તેનો અર્થ એ છે કે, ભારતનો 4.6 લાખ ટન એલપીજી જથ્થો અટવાઈ ગયો છે. ફેબ્રુઆરીમાં ભારત દ્વારા 22.6 લાખ ટન એલપીજીની આયાત કરવામાં આવી હતી. તેમાંથી 19.4 લાખ ટન એલપીજી ખાડી દેશોમાંથી હોમુર્ઝની ખાડીના રસ્તે ભારત આવ્યો હતો. ભારતના એલપીજી સપ્લાયનો 85 ટકા જથ્થો આ રસ્તે આવે છે જે અટવાયો છે : હાલમાં 200 જેટલા કાર્ગો જહાજ હોમુર્ઝ ખાડી પાસે અટવાયેલા છે. આ જહાજોમાં અંદાજે ૫ લાખ કન્ટેનરો લદાયેલા છે. યુદ્ધના કારણે હોમુર્ઝ ખાડીમાં થતું શિપિંગ ઓપરેશન 70 ટકા બંધ થઈ ગયું છે**

# યુદ્ધને પગલે ભારતની આયાત અને નિકાસને મોટો ફટકો પડશે

### હોમુર્ઝની ખાડી બંધ થવાથી ક્રૂડ ઉપરાંત એલપીજીની આયાતને વ્યાપક અસર : ચોખા, ફળો, ઈલેક્ટ્રોનિક્સની નિકાસ પણ મધદરિયે અટવાઈ ગઈ

ઈરાન સાથે જે રીતે અમેરિકા અને ઈઝરાયેલ જંગે ચડયા છે તેના કારણે સમગ્ર દુનિયામાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. મિડલ ઈસ્ટમાં થઈ રહેલા હિંસાના તાંડવ વચ્ચે વૈશ્વિક અર્થતંત્ર ઉપર પણ જાણે કે બોમ્બ પડી રહ્યા હોય તેવી સ્થિતિ છે. ઈરાને હોમુર્ઝની ખાડી બંધ કરી દેતાં અનેક જહાજો અટવાઈ ગયા છે. અબજો ડોલરનો માલસામાન મધદરિયે અટવાયેલો પડયો છે. તે ઉપરાંત ખાડી દેશોના બંદરો ઉપર પડી રહેલો માલસામાન પણ દુનિયાના બીજા દેશો સુધી પહોંચી શકે તેમ નથી કે એશિયાના અને ખાસ કરીને ભારતના બંદરોથી નિકાસ થઈ રહેલો માલસામાન પણ ખાડી દેશો અને યુરોપ સુધી પહોંચી શકે તેવી સ્થિતિમાં નથી. તાજેતરના અહેવાલ જણાવે છે કે, ઈરાન અને તેની આસપાસના દરિયામાં ક્રૂડના ૭૦૦ જેટલા જહાજો અટવાયેલા છે. તેમાં કરોડો બેરલ ક્રૂડ ફસાઈ ગયું છે.

જાણકારોના મતે આ ત્રણેય દેશોના યુદ્ધની અસર ધીમે ધીમે સમગ્ર વિશ્વ ઉપર વ્યાપક અસર કરતી જઈ રહી છે. ક્રૂડ ઓઈલનો સૌથી મોટો વેપાર કરનારા દેશો જ યુદ્ધમાં અટવાયા છે અને તેના કારણે ક્રૂડના ભાવમાં તો ભડકો થયો જ છે. આગામી સમયમાં તેના પગલે ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધી શકે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. ભારતમાં ક્રૂડનો સપ્લાય ઘટશે તો તેની અછતને કારણે ભાવ વધે તેવું બની શકે. બીજી તરફ કેટલાક જાણકારોનું માનવું છે કે, ક્રૂડ કરતા પણ સૌથી વધારે અસર ભારતને એલપીજી સેક્ટરમાં થઈ છે. આ યુદ્ધ લાંબું ચાલ્યું તો ભારતમાં એલપીજીનું સંકટ સર્જાઈ શકે તેમ છે.

ઉલ્લેખનીય છે કે, સાઉદી અરામકોના મુખ્ય એલપીજી ટર્મિનલમાં થયેલા હુમલા અને વિસ્ફોટના કારણે તેના એલપીજી સપ્લાયને મોટી અસર થઈ છે. જાણકારોના મતે ભારત એલપીજીનો સૌથી મોટો આયાતકાર દેશ છે. દુનિયામાં સૌથી વધારે એલપીજીની આયાત ભારત દ્વારા કરાય છે. તેના જ સપ્લાયને સૌથી મોટી અસર દેખાવાની છે. મહત્ત્વની વાત એ છે કે, ૨૩ ફેબ્રુઆરીના રોજ સાઉદીના જુઆયમાહ ટર્મિનલમાં પ્રોપેન અને બ્યૂટેનની ડિલિવરી સિસ્ટમનો એક હિસ્સો તૂટી ગયો હતો. તેના કારણે કંપનીએ એલપીજીના સપ્લાયમાં એક મહિનાના વિલંબની જાહેરાત કરી હતી. કંપનીએ એલપીજીની તમામ શિપમેન્ટ રદ કર્યા હતા. તેના પાંચ જ દિવસમાં ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા, ઈઝરાયેલ દ્વારા ઈરાન સામે યુદ્ધ જાહેર કરવામાં આવ્યું. યુદ્ધના પહેલા જ દિવસે ઈરાનના સુપ્રીમ લીડર ખામેનેઈનું મોત થયું. તેના કારણે ગિન્નાયેલા ઈરાને સાઉદી ઉપર હુમલો કર્યા અને હોમુર્ઝની ખાડી બંધ કરી દીધી.

હવે સ્થિતિ એવી છે કે, ફારસની ખાડી પાસે આવેલું જુઆયમાહ ટર્મિનલ એલપીજીનું દુનિયાનું સૌથી મોટું નિકાસકેન્દ્ર છે. અહીંયાથી દર મહિને અંદાજે ૪.૫ લાખ ટન એલપીજીની નિકાસ થાય છે. તેમાંથી ૬૦ ટકા એલપીજી ભારત મોકલવામાં આવે છે. જાણકારોના મતે યુદ્ધને પગલે તાજેતરમાં જ ભારતના ૧૦ કાર્ગો રદ કરવામાં આવ્યા છે. દરેક કાર્ગોમાં ૪૬,૦૦૦ ટન એલપીજી હતો. તેનો અર્થ એ છે કે, ભારતનો ૪.૬ લાખ ટન એલપીજી જથ્થો અટવાઈ ગયો છે. સિમી, બીડબ્લ્યૂ એલ્મ અને જગ વીરાટ જેવા ટેન્કરોને અસર થઈ છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન માટે આ કંપનીઓ લોડિંગનું કામ કરતી હતી. સાઉદી અરામકોએ જણાવ્યું કે, યુદ્ધના પગલે થોડા સમય માટે આ સપ્લાયમાં અનિશ્ચિતતા રહેવાની છે.

ચિંતાજનક બાબત એ છે કે, ભારતની માત્ર આયાતને જ અસર થઈ છે તેવું નથી. આ યુદ્ધના કારણે વૈશ્વિક નિકાસને પણ અસર થઈ છે. તેમાં ભારતને પણ મોટાપાયે




સહન કરવાનું આવ્યું છે. જાણકારોના મતે હાલમાં ઈરાન અને તેની આસપાસના દરિયાઈ વિસ્તારમાં ૨૦૦થી વધારે કાર્ગો જહાજ અટવાયેલા છે. આ જહાજો ઉપર ભારતના જ ૨૫૦૦ કન્ટેનરો અટવાયેલા હોવાનું કહેવાય છે. આ કન્ટેનરોમાં તાજા ફળો જેવા કે દ્રાક્ષ, કેળા, સફજન અને અન્ય શાકભાજીનો સમાવેશ થાય છે. રમઝાન મહિનો ચાલતો હોવાથી ખાડી દેશોમાં તેની વ્યાપક નિકાસ કરવામાં આવે છે. તે ઉપરાંત ઈરાન મોકલવામાં આવતા બાસમતી ચોખા, ચા, એન્જિનિયરિંગનો સામાન અને અન્ય ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય વસ્તુઓ પણ મધદરિયે અટવાયેલી છે.

જાણકારો માને છે કે, ખાડીથી નહીં જઈ શકાય તો રસ્તો બદલવો પડશે અને તેના કારણે આ સપ્લાય પહોંચાડતા બીજા ૨૦ દિવસ લાગશે. તેના કારણે કન્ટેનરોમાં રહેલી વસ્તુઓ બગડી જવાની વ્યાપક શક્યતાઓ છે. હકિકત એવી છે કે, હોમુર્ઝની ખાડી અથવા તો સુએઝ નહેર બંધ થઈ જાય કે કરવામાં આવે તો ભારતનો યુરોપ અને અમેરિકા સાથેનો તથા મધ્યપૂર્વના દેશો સાથેનો સંપર્ક તૂટી જાય તેમ છે.

ત્યારબાદ તેણે પોતાની આયાત કે નિકાસ માટે લાંબો રસ્તો પસંદ કરવો પડે. તેના માટે તેણે આફ્રિકા ખંડનું ચક્કર લગાવીને જહાજો મોકલવા અને મગાવવા પડે. તેમાં ૬૦૦૦ કિ.મી જેટલું અંતર વધી જાય તેમ છે. આ ઉપરાંત તેના કારણે માલ પહોંચવામાં ૧૫ થી ૨૦ દિવસ જેટલું મોડું થાય છે. આ સિવાય માલ પહોંચાડવાના ભાડામાં પણ ૪૦ થી ૬૦ ટકાનો તોતિંગ વધારો થઈ જાય છે. સામાન્ય રીતે જે ફળો અને શાકભાજી ૧૦ થી ૧૨ દિવસમાં ખાડી દેશો અને મધ્ય પૂર્વમાં પહોંચે છે તે નવા રસ્તે ૩૦ દિવસે પહોંચે. તેના કારણે તેઓ રેફ્રિજરેશન ધરાવતા કન્ટેનર્સમાં હોવા છતાં ખરાબ થઈ જાય તેમ છે.

તાજેતરના અહેવાલો જણાવે છે કે, વર્તમાન યુદ્ધની સ્થિતિને પગલે એલપીજીની નિકાસ અટકી છે. તેના કારણે સાઉથ એશિયાનો સપ્લાય ખોટકાયો છે. ભારત, ચીન, જાપાન અને સાઉથ કોરિયા જેવા દેશો એલપીજીના વૈકલ્પિક નિકાસકારો શોધી રહ્યા છે. બીજી તરફ ખામેનેઈના મોતના કારણે ખાડી દેશોની સ્થિતિ વધારે કફોડી થઈ છે. અહેવાલો જણાવે છે કે, ઈરાને દુબઈ અને જાયેદ એરપોર્ટ્સને નુકસાન પહોંચાડયું છે. તે ઉપરાંત આઈઆરજીસીએ હોમુર્ઝની ખાડી સંપૂર્ણ બંધ કરવાની ધમકી આપી દીધી છે. ઈરાની ગાર્ડ્સ દ્વારા આ વિસ્તારમાં જહાજો નહીં લાવવાની અલગથી ચેતવણી આપી દેવામાં આવી છે. યુરોપના દેશોએ પણ પોતાની આયાત અને નિકાસ હાલ પૂરતી અટકાવી દીધી છે. કેટલાક જહાજોએ જવાનો પ્રયાસ કર્યો તો તેમને નુકસાન પણ પહોંચાડવામાં આવ્યું હોવાના અહેવાલ છે. જાણકારોના મતે આ નિકાસ અને આયાતનો ડખો થવાથી ભારતને સૌથી વધારે અસર થઈ છે. ફેબ્રુઆરીમાં ભારત દ્વારા ૨૨.૬ લાખ ટન એલપીજીની આયાત કરવામાં આવી હતી. તેમાંથી ૧૯.૪ લાખ ટન એલપીજી ખાડી દેશોમાંથી હોમુર્ઝની ખાડીના રસ્તે ભારત આવ્યો હતો. ભારતના એલપીજી સપ્લાયનો ૮૫ ટકા જથ્થો આ રસ્તે આવે છે. ભારત સાઉદી, કુવૈત, કતાર અને યુએઈ પાસેથી સૌથી વધારે એલપીજી મગાવે છે. જાણકારો માને છે કે, ભારત પાસે ક્રૂડ સાચવવાના અને સ્ટોર કરવાના વ્યાપક વિકલ્પો છે જ્યારે એલપીજી સ્ટોર કરવાની યોગ્ય વ્યવસ્થા નથી. તેના પગલે એલપીજીનો સ્ટોક ઘટશે તો ભારતને મોટી મુશ્કેલીનો સામનો કરવાનો આવશે.

ભારત પાસે ૧૫ દિવસનો ક્રૂડ અને ૧૦ દિવસનો ઈંધણનો સ્ટોક છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં અમેરિકા પાસે વર્ષે ૨૨ લાખ ટન એલપીજી લેવાના કરાર પણ થયા હતા. જો કે, તે ભારતની જરૂરિયાતના માત્ર ૧૦ ટકા જેટલો સપ્લાય છે. હજી તેની શરૂઆત પણ થઈ નથી.

જાણકારો સ્પષ્ટ માને છે કે, હાલમાં હોમુર્ઝન ખાડીની જે સ્થિતિ છે તેના કારણે વૈશ્વિક વ્યાપારને અસર થઈ છે. દુનિયાભરના મોટાભાગના જહાજ આ રસ્તે જતા-આવતા હોય છે. ભારત પણ મોટા પ્રમાણમાં આ રસ્તે નિકાસ કરતું હોય છે. હાલમાં ૨૦૦ જેટલા કાર્ગો જહાજ હોમુર્ઝ ખાડી પાસે અટવાયેલા છે. આ જહાજોમાં અંદાજે ૫ લાખ કન્ટેનરો લદાયેલા છે. યુદ્ધના કારણે હોમુર્ઝ ખાડીમાં થતું શિપિંગ ઓપરેશન ૭૦ ટકા બંધ થઈ ગયું છે. ઘણા દેશોએ પોતાના જહાજો હજી પણ અટકાવેલા છે. મોટી શિપિંગ કંપનીઓએ પણ બુકિંગ અટકાવી દીધા છે. આ જહાજોમાં રહેલા અંદાજે ૨૫૦૦ કન્ટેનરોમાં ભારતના મહારાષ્ટ્ર અને ગુજરાતમાંથી મોકલાવવામાં આવેલા દ્રાક્ષ, કેળા, કેરી, દાડમ, સફરજન જેવા ફળો છે. તે ૧૦ દિવસથી અટવાયેલા છે. હજી તે વધારે અટવાયેલા રહેશે તો આ કોલ્ડ સ્ટોરેજ કન્ટેનર હોવા છતાં તે બગડી જશે. આ સિવાય ભારત દર વર્ષે ૫૦,૦૦૦ કરોડ રૂપિયાના બાસમતી ચોખા ઈરાન મોકલાવે છે. તેમાંથી ૨૦ હજાર કરોડના બાસમતી ચોખા અટવાયેલા છે. આ સિવાય ભારતથી જનારા ફ્રોઝન મીટના કન્ટેનર પણ અટવાયેલા છે. તે ઉપરાંત ઓમાન, કુવૈત, યુએઈ જેવા દેશોમાં જતા સી ફુડનો પણ મોટો જથ્થો અટવાઈ ગયો છે. જાણકારોના મતે જો આગામી સમયમાં આ સ્થિતિનો કોઈ ઉકેલ ન આવ્યો અને ઈરાન લડી લેવા જ તૈયાર થયો તો દુનિયાના તમામ દેશોને પણ આટલી જ ગંભીર અસરમાંથી પસાર થવું પડશે.

## રાષ્ટ્રપતિની સુરક્ષા માટે ફક્ત જાટ, રાજપુત અને શીખ શા માટે



રાષ્ટ્રપતિનો કાફલો જ્યારે નિકળે છે ત્યારે આકર્ષક યુનિફોર્મ પહેરેલા ઉંચા અને તગડા ઘોડેસવાર જવાનો સૌથી વધુ ધ્યાન ખેંચે છે. રાષ્ટ્રપતિની સુરક્ષા ભારતની સૌથી જૂની રેજીમેન્ટ પ્રેસીડેંટ્સ બોડીગાર્ડ (પીજીબી)ના જવાનો સંભાળે છે. દેખાવમાં આ યુનિટ રોયલ અને શિસ્તબદ્ધ લાગે છે, પરંતુ એમની પસંદગી પાછળ ૨૫૦ વર્ષ જૂનો ઈતિહાસ છે. સૌથી અગત્યની વાત એ છે કે પીજીબીમાં હિન્દુ જાટ, હિન્દુ રાજપુત અને જાટ શીખના જવાનો જ હોય છે. યુનિટના અધિકારીઓ અને ક્લાર્કનો સ્ટાફ કોઈ પણ સંપ્રદાયનો હોય શકે છે. આ ખાસ યુનિટની શરૂઆત ૧૭૭૩માં વારાણસીમાં થઈ હતી. એ સમયના ગવર્નર વોરન હેસ્ટિંગ્સએ ખાસ પસંદ કરેલા ૫૦ ઘોડેસવાર જવાનોને યુનિટમાં લીધા હતા. ત્યાર પછી રાજા ચેતસિંહે બીજા ૫૦ ઘોડેસવાર જવાનોને સામેલ કર્યા હતા. આઝાદી પહેલા આ યુનિટમાં પંજાબી, મુસ્લિમ, શીખ અને રાજપુતનો સમાવેશ થતો હતો. ૧૯૪૭ના ભાગલા પછી મુસ્લિમ સૈનિકો પાકિસ્તાન ચાલ્યા ગયા જે પછી આ ખાલી જગ્યા જાટ હિન્દુઓએ ભરી. ત્યાર પછી આ પરંપરા ચાલી આવે છે.

ઈરાનના સુપ્રિમ લીડર આયતુલ્લાહ અલી ખામેઈની ઈઝરાયલ અને અમેરિકાના હુમલામાં માર્યા ગયા છે. ૧૯૭૯માં આયાતુલ્લાહ ખોમેનીના નેતૃત્વમાં ઈસ્લામીક ક્રાંતિ પછી ઈરાનના બંધારણમાં સુપ્રિમ લીડરનો હોદ્દો બનાવવામાં આવ્યો હતો. આયતુલ્લાહ ખોમેની દેશના સર્વપ્રથમ સુપ્રિમ નેતા બન્યા હતા. ઈરાનના બંધારણની કલમ ૧૧૧ પ્રમાણે સુપ્રિમ લીડરના મૃત્યુ પછી સુપ્રિમ લીડર પરીષદની અને સુપ્રિમ લીડરની પસંદગી સુધી ત્રણ સભ્યોની ટીમ કામચલાઉ રીતે નેતૃત્વ સંભાળે છે. આ ટીમમાં દેશના રાષ્ટ્રપતિ, ન્યાયતંત્રના મુખ્ય ન્યાયાધીશ અને સુરક્ષા પરીષદના એક ન્યાયાધીશનો સમાવેશ થાય છે. ઈરાનના બંધારણ પ્રમાણે ફક્ત ૧ આયતુલ્લાહ જ દેશનો સર્વોચ્ચ નેતા બની શકે છે. જે શિયા મુસ્લિમનો ધાર્મિક નેતા હોય છે. ઈરાનમાં ટોચના ૮૮ ધર્મગુરુઓ મળીને સુપ્રિમ લીડરની પસંદગી કરે છે. દર આઠ વર્ષ ઈરાની નાગરીકો ધર્મગુરુઓની ટીમને ચૂંટે છે.

એનસીઈઆરટીના પુસ્તકમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચારનું ચેપ્ટર ન્યાયતંત્રને ટાર્ગેટ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ થયો છે. આ બાબતે જાણીતા સિનિયર એડવોકેટ કપીલ સીબ્બલે કેટલીક અગત્યની વાતો કરી છે. સીબ્બલના કહેવા પ્રમાણે યુવાનોને સમાજમાં વ્યાપેલા ભ્રષ્ટાચાર વિશે જણાવવું જરૂરી છે. જોકે ફક્ત ન્યાયતંત્રના જ ભ્રષ્ટાચારની વાતો કરવામાં આવે તો એમને લાગશે કે ફક્ત ન્યાયતંત્રમાં જ ભ્રષ્ટાચાર છે. ન્યાયતંત્રના ભ્રષ્ટાચાર વિશે થઈ રહેલી વાતો માટે કેટલાક ન્યાયાધીશો જવાબદાર છે. કારણ કે તેઓ પોતાની ફરજ યોગ્ય રીતે નીભાવતા નથી. કપીલ સીબ્બલે કહ્યું હતું કે, 'દરેક સંસ્થામાં કેટલાક ખોટા લોકો હોય છે જેઓ સંસ્થાનું નામ બદનામ કરે છે. એટલે આપણે એને અવગણી શકીએ નહીં અને એવું કહી શકીએ નહીં કે ભ્રષ્ટાચાર નથી. ભ્રષ્ટાચાર છે જ, પરંતુ આ ભ્રષ્ટાચારની વાત એકાએક ૮માં ધોરણના પુસ્તકમાં કઈ રીતે આવી ગઈ? જો ન્યાયાધીશોએ પોતાની ફરજ બરાબર નીભાવી હોતે તો આવા ચેપ્ટરની જરૂર પડતે નહીં.'

મહારાષ્ટ્રમાં રાજ્યસભાની ૭ બેઠકો માટે ૧૬મી માર્ચે ચૂંટણી થવાની છે. એ જ દીવસે મતોની ગણતરી પણ થશે. આ ચૂંટણી માટે મહાવિકાસ અઘાડીમાં ખેંચતાણ ચાલુ થઈ ગઈ છે. શીવસેના (ઉદ્ધવ ઠાકરે)ના નેતા આદિત્ય ઠાકરેએ ખુલાસો કર્યો હતો કે મહાવિકાસ અઘાડીના સાથી પક્ષો સાથે વાતચીત ચાલી રહી છે. એમના કહેવા પ્રમાણે જીતવા લાયક બેઠક એજ પાર્ટીને મળવી જોઈએ જેમની પાસે જરૂરી ધારાસભ્યોની સંખ્યા છે. આદિત્ય ઠાકરેએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, ધારાસભ્યોની સંખ્યા અને ગઠબંધનની રોટેશન પોલીસી પ્રમાણે આ બેઠક શીવસેના (ઉદ્ધવ ઠાકરે)ના ખાતામાં જ જવી જોઈએ. પક્ષના સિનિયર નેતા અને રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે પણ આ બાબતે નિવેદન આપ્યું હતું. એમણે કહ્યું હતું કે, શિવસેના (ઉદ્ધવ ઠાકરે) સૌથી મોટો વિરોધ પક્ષ છે. નિર્ણય લેવાની સત્તા પણ શિવસેના (ઉદ્ધવ ઠાકરે) પાસે હોવી જોઈએ. ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી હારી ગયેલા ભૂતપૂર્વ સાંસદ રાજન વિચારે અને વિનાયક રાઉત પણ રાજ્યસભાની ચૂંટણી લડવા માંગે છે. બહુજન સમાજવાદી પાર્ટી (બીએસપી)ના સ્થાપક કાંશીરામની જયંતી ૧૫મી માર્ચે છે. સમાજવાદી પાર્ટીએ આ દિવસે કેટલાક કાર્યક્રમો યોજવાનું નક્કી કર્યું છે. અખિલેશ યાદવએ પક્ષના પદાધિકારીઓને પત્ર લખ્યો છે. રાજ્યના તમામ જિલ્લાઓમાં શ્રદ્ધાંજલી સભાઓનું આયોજન કરવાનું કહેવામાં આવ્યું છે. ઉત્તર પ્રદેશમાં આવી રહેલી વિધાનસભાની ચૂંટણીમાં દલીત મોતને આકર્ષવા માટેના પ્રયત્નો અખિલેશ યાદવ કરી રહ્યા છે. ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં સપા પછાત, દલીત અને મુસ્લિમ મતોને કેટલેક અંશે પોતાની તરફ કરવામાં સફળ રહી હતી. સપાએ ૩૭ બેઠકો પર જીત મેળવી હતી. હવે આ જ ફોર્મ્યુલાને આધારે અખિલેશ યાદવ ૨૦૨૭માં સત્તા પર આવવાની યોજના બનાવી રહ્યા છે. અખિલેશ યાદવ દલીતોને સંદેશો આપી રહ્યા છે કે સમાજવાદી પાર્ટી અને કાંશીરામ વચ્ચે જૂના સંબંધો છે. ભૂતકાળમાં સપા -બસપાએ હાથ મેળવીને ઉત્તર પ્રદેશમાં સરકાર બનાવી હતી.

તામીલનાડુના મુખ્યમંત્રી એમ કે સ્ટાલીનએ તીરૂપ્પરનકુદ્રમ મંદિરમાં દીવો પ્રગટાવવાના વિવાદ બાબતે પોતાની સરકારનો બચાવ કર્યો છે. એમણે ખુલાસો આપ્યો છે કે વ્યક્તિગત શ્રદ્ધાએ રાજકારણ આગળ ઝુકવું જોઈએ નહીં. એમનું કામ પરંપરાની રક્ષા કરવાનું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હમણા જ તીરૂપ્પરનકુદ્રમના અરૂલોમીગુ સુબ્રમણિયા સ્વામી મંદિરની મુલાકાત લીધી હતી. ત્યાર પછી મદુરૈઈમાં એક રેલીને સંબોધન પણ કર્યું હતું. એ વખતે એમણે દીવો પ્રગટાવવા બાબતે ડીએમકે સરકારને લોકોની લાગણીઓ બાબતે અસંવેદનશીલ ગણાવી હતી. એમણે કહ્યું હતું કે છેવટે ભક્તોની જ જીત થશે. વડાપ્રધાનના નિવેદન પછી સ્ટાલીનએ પોતાની સરકારનો બચાવ કરતો વીડિયો બહાર પાડયો હતો. સ્ટાલીનના કહેવા પ્રમાણે એક ધાર્મિક નેતા તરીકે નહીં, પરંતુ મુખ્યમંત્રી તરીકે એમણે મંદિરની પરંપરાને બચાવવાનું નક્કી કર્યું છે. પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લાના ભરતપુર વિધાનસભાની બેઠકના ધારાસભ્ય હુમાયુ કબીરે પોતાના નવા પક્ષનું નામ બદલી નાખ્યુ છે.

## અન્ના મણિ કે જેણે હવામાનને લગતાં 100 ઉપકરણોની સ્ટાન્ડર્ડ ડિઝાઇન બનાવી હતી!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હમણાં જ એક અવકાશી સંયોગ થયો હતો, અને એકસાથે લાઈનમાં બધાં પ્લેનેટ એટલે કે ગ્રહો ગોઠવાયેલાં હશે! એવો મેસેજ જોયો હતો જ્યોતિષ શાસ્ત્ર મુજબ આ ઘટનાં ભાગ્યે જ ઘટે છે, અને પાછું એને જોવાં માટે કોઈ ટેલિસ્કોપની જરૂર પણ નહોતી! સોશિયલ મીડિયા પર આને લઈને ફોટો વીડિયો અને ખૂબ મેસેજ ફોરવર્ડ ફર્યા! પૃથ્વી નામનાં આ ગ્રહ પર અસ્તિત્વ ટકાવી રાખવાં માટે માનવીને જ્ઞાન અને વિજ્ઞાન બંનેની જરૂર પડે છે. પોતાની આસપાસની બાહ્ય પ્રકૃતિમાં શું થઈ રહ્યું છે! હવામાનની કેવી અસર છે! કે પછી ચોવીસ કલાક પછી હવામાનમાં શું ફેરફાર આવી શકે! તાપમાન કેટલી ડીગ્રી વધશે! કે પછી હવાનું દબાણ ઘટી જતાં વાવાઝોડું આવશે!આ બધું જ જાણવાં માટે વિજ્ઞાન બહુ મદદ કરે છે. આ ઉપરાંત માનવીય શરીર બંધારણ માટે પણ એનું વિજ્ઞાનને જાણવું જરૂરી છે! આસપાસની ભૌતિક અથવા તો સ્થૂળ અને નિર્જીવ પદાર્થોનાં પણ બંધારણ હોય છે, અને એનું પણ વિજ્ઞાન હોય છે! કે પછી પ્રાકૃતિક ઘટકો ભૌતિક પદાર્થ પર કેવી રીતે અસર કરે છે! માનવીય રોગ અને એનો સામનો કરવા રોગપ્રતિકારક તત્વ શોધવાં પણ વિજ્ઞાન મદદ કરે છે!; મૂળભૂત રીતે બાયોલોજી એટલે જીવવિજ્ઞાન, કેમેસ્ટ્રી એટલે રસાયણ વિજ્ઞાન, અને ફિઝીક્સ એટલે કે ભૌતિક વિજ્ઞાનની મદદથી કે તેની આસપાસ આપણું જીવન ચકરાવા લે છે. આજે તો હવે વિજ્ઞાનની પેટા શાખાઓ અને એની શોધથી માનવીએ ઘણું મેળવ્યું છે! પણ પહેલાં એવું નહોતું અને ભારત પાસે બહુ વૈજ્ઞાનિકો પણ નહોતાં, અને એમાં પણ મહિલા વૈજ્ઞાનિક તો હતાં જ નહીં! તો આજે આપણે ભારતની પ્રથમ મહિલા વૈજ્ઞાનિક તરીકે જાણીતાં અન્ના મણિ ને શબ્દ ભાવાંજલિ અર્પિત કરીશું.

ભારતની પ્રથમ મહિલા વૈજ્ઞાનિક અન્ના મણિનો જન્મ ના 23 ઓગસ્ટ 1918માં કેરળ રાજ્યના પીરમેડુ માં થયો હતો, અને તેમનું બાળપણ ત્રાવણકોર માં વિત્યું હતું. અન્ના એક પરંપરાગત ઉચ્ચ વર્ગનાં સિરિયન ખ્રિસ્તી કુટુંબમાં જન્મ્યાં હતાં, જ્યાં મોટા ભાગે પુત્રીઓને લગ્ન માટે જ તૈયાર કરાતી હતી. પરંતુ અન્નાએ પોતાનાં જીવનનાં મહત્ત્વનાં વર્ષો લગ્નની તૈયારીની બદલે પુસ્તકોની આસપાસ ગાળવાનું પસંદ કર્યું.

અન્ના મણિને પુસ્તકો વાંચવાનો શોખ હતો. આ જ કારણ હતું કે, તેમણે તેમના જીવનના શરૂઆતના વર્ષો પુસ્તકોમાં ડૂબીને વિતાવ્યા હતા. એવું કહેવાય છે કે, 12 વર્ષની ઉંમર સુધીમાં મણિએ તેમની આસપાસની સાર્વજનિક પુસ્તકાલયના લગભગ દરેક પુસ્તક વાંચી લીધાં હતાં. રસપ્રદ વાત એ છે કે, આટલી પ્રસિદ્ધિ પામ્યા પછી અને આટલી બધી જવાબદારી છતાં અન્ના મણિ જીવનભર એટલી જ ઉત્સુકતાથી નવું નવું વાંચન કરતાં હતાં.

હાઈસ્કૂલ બાદ તેણે વુમન્સ ક્રિશ્ચિયન કોલેજ ડબલ્યુ સી સી. માં પોતાનો ઈન્ટરમીડિયેટ સાયન્સ કોર્સ પૂર્ણ કર્યો, અને બાદમાં પ્રેસિડેન્સી કોલેજમાંથી ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનમાં ઓનર્સ સાથે બેચલર ઓફ સાયન્સ પૂર્ણ કર્યું હતું. સ્નાતક થયાં બાદ તેમણે એક વર્ષ માટે ડબલ્યુ સી સી માં શિક્ષિકા તરીકે કામ કર્યું અને બાદમાં ભારતીય વિજ્ઞાન સંસ્થાન, બેંગ્લોરમાં અનુસ્નાતક અભ્યાસ માટે શિષ્યવૃત્તિ મેળવી. અન્ના મણિ ભૌતિકશાસ્ત્રનાં વધુ અભ્યાસ માટે 1945 માં લંડનની ઈમ્પિરિયલ કોલેજ પણ ગયાં હતાં. જ્યાંથી તેમણે હવામાનશાસ્ત્રનાં સાધનોની કુશળતા પ્રાપ્ત કરી હતી.

ભારતીય વિજ્ઞાન સંસ્થાનમાં નોબેલ પુરસ્કાર વિજેતા સર સીવી રામનના માર્ગદર્શન હેઠળ તેમણે સ્પેક્ટ્રોસ્કોપીનો અભ્યાસ કર્યો હતો. ત્યાર બાદ 1942 અને 1945ની વચ્ચે phd સ્નાતક કાર્યક્રમ શરૂ કર્યો હતો. કહેવાનું તાત્પર્ય એ છે લંડનમાં તેમણે phd માટેનો સ્નાતક કાર્યક્રમ શરૂ કર્યો, ત્યારે તેઓ હવામાનશાસ્ત્રના સાધનો વગેરેમાં વિશેષતા ધરાવતાં જ હતા, અને છતાં એમને હજી ભણવાની ભૂખ હતી અથવા તો દેશને નામે હજી કોઈ વૈજ્ઞાનિક શોધ કરવાં માંગતાં હતાં.

તેમણે 1948માં ભારત પરત ફર્યા બાદ ભારત હવામાન વિભાગ માટે કામ કરવાનું શરૂ કર્યું હતું. જ્યાં તેમણે દેશને પોતાનાં હવામાન સાધનોની ડિઝાઈન અને ઉત્પાદન કરવામાં મદદ કરી હતી.

જ્યાં તેમણે હવામાનને લગતાં 100 ઉપકરણોની ડિઝાઈન સ્ટાન્ડર્ડ પ્રમાણે બનાવી, જેથી તેમનું ઉત્પાદન થઈ શકે. આ સિવાય તેમણે સોલાર ઊર્જાનો ને ઊર્જાનાં સ્રોત તરીકે કરવાં તેમણે મોનિટરિંગ સ્ટેશન સ્થાપ્યાં.

અન્ના મણિની પોતાનાં વિષયોમાં કાબેલિયત કેવી હશે! કે આ સમયનાં પુરૂષ પ્રભુત્વવાળા ક્ષેત્રમાં પણ એમને નિયુક્ત કરવામાં આવ્યાં! એમણે પોતાનાં ક્ષેત્રમાં એટલો સારી રીતે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો, કે 1953 સુધીમાં અન્ના મણિ હવામાન વિભાગનાં વડા એટલે કે ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ તરીકે નિયુક્ત થયાં હતાં. અન્ના મણિ અનાદિ કાળથી વૈકલ્પિક ઉર્જા સ્ત્રોતો અંગે વાત કરતી હતી. 1950ના દાયકા દરમિયાન તેમણે સૌર કિરણોત્સર્ગ મોનિટરિંગ સ્ટેશનોનું નેટવર્ક સ્થાપ્યું હતું, અને ટકાઉ ઉર્જા પર ઘણા પત્ર પ્રકાશિત કર્યા હતા.

અન્ના મણિ બાદમાં ભારતનાં હવામાન વિભાગની ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ બની અને યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ મીટીરોલીજીકલ ઓર્ગેનાઈઝેશનમાં અનેક મુખ્ય હોદ્દા પર રહ્યાં હતાં. 1987માં તેમને વિજ્ઞાનમાં તેમના નોંધપાત્ર યોગદાન માટે NSA KR રામનાથન મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. તેમણે પોતાની કારકિર્દીમાં વાતાવરણમાં રહેલ ઓઝોનને માપવા માટે પણ કામ કર્યું. વર્ષ 1960માં જ્યારે વિશ્વ હજુ ઓઝોન સ્તરનાં મહત્ત્વ અંગે જાણતું ન્હોતું, તે સમયે તેમણે આ કારનામું કર્યું હતું. તેમજ થુંબા રૉકેટ લૉન્ચિંગ ફેસિલિટી ખાતે હવામાનખાતાની ઑબ્ઝર્વેટરી પણ સ્થાપી. આ સિવાય હવામાનવિભાગમાંથી નિવૃત્ત થયા બાદ તેમણે પવન ઊર્જાના ઉપયોગને પ્રોત્સાહિત કરવાની દિશામાં પણ ફાળો આપ્યો. તેમણે દેશમાં 700 કરતાં વધુ સ્થળોએ પવન ઊર્જાના મૅઝરમૅન્ટ માટે કામ કર્યું હતું. જેણે આજના ભારતને પવનઊર્જા ક્ષેત્રે આગળ પડતું બનાવવામાં ભૂમિકા ભજવી. અન્ના મણિ ગાંધીજીનાં વિચારોથી બહુ પ્રભાવિત થયા હતા અને એટલે એમણે છેક સુધી ખાદી પહેરી અને પોતાના વપરાશ ની ચીજ મા સ્વદેશી નો આગ્રહ રાખતાં. અન્ના મણિ ભારતની પ્રથમ મહિલા વૈજ્ઞાનિકો માંથી એક છે.

### જિલ્લા પંચાયત નડિયાદ ખાતે ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન મોનિટરિંગ કમિટીની બેઠક યોજાઈ

# ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન અંતર્ગત હાથ ધરાયેલ કામોની સમીક્ષા કરી આગામી કામોને ગુણવત્તાસભર અને સમય મર્યાદામાં પૂર્ણ કરવા સૂચનો આપવામાં આવ્યા

## રાજ્યમંત્રીસંજયસિંહ મહિડા અને સાંસદદેવુસિંહ ચૌહાણે વિકાસકામોના આયોજન અંગે માર્ગદર્શન આપ્યું

**નડિયાદ, તા.05**

જિલ્લા પંચાયત નડિયાદ ખાતે ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન મોનિટરિંગ કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં, ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન અંતર્ગત હાથ ધરાયેલ કામોની સમીક્ષા કરી આગામી કામોને ગુણવત્તાસભર અને સમય મર્યાદામાં પૂર્ણ કરવા સૂચનો આપવામાં આવ્યા હતા. મહેસૂલ, પંચાયત અને આપત્તિ વ્યવસ્થાપન, વિભાગના રાજ્યમંત્રીસંજયસિંહ મહિડા અને સાંસદદેવુસિંહ ચૌહાણે વિકાસકામોના આયોજન અંગે જાણકારી મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.



બેઠક અંતર્ગત પીવાનું પાણી, શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ જાળવણી, મહિલા અને બાળ કલ્યાણ, આજીવિકા કૌશલ્ય, સ્વચ્છતા, આવાસ, કૃષિ, પશુપાલન, સિંચાઈ, ઉર્જા, જળ સંચય, અને માળખાકીય સુવિધાઓ સંબંધિત પૂર્ણ થયેલ કામોની વિગતો મેળવી આગામી કામોના આયોજન અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૫-૨૬માં અંદાજે કુલ રૂપિયા ૧૪ કરોડ રૂપિયાના વિકાસ કામો મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં પશુ દવાખાનું, ડેડ બોડી માટે કોલ્ડ સ્ટોરેજ (સોલાર સાથે), આંગણવાડી મકાન બાંધકામ અને જળ સંચયના કામોનો સમાવેશ થાય છે.

ઉપસ્થિત મહાનુભાવો દ્વારા જે તે વિસ્તારમાં જરૂરિયાત મુજબ વિકાસ કામોની ફાળવણી કરવા સૂચન કરવામાં આવ્યું હતું. સાથે જ ઉચિત કાર્યોમાં લોકફાળા દ્વારા જન ભાગીદારી વધારવા પણ સૂચન કરવામાં આવ્યું હતું. આ માટે સ્વૈચ્છિક સંગઠનોનો પણ સહયોગ લેવા જણાવ્યું હતું.

આ બેઠકમાં મહેમદાવાદ ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ, કપડવંજ ધારાસભ્ય રાજેશ ઝાલા, કલેકટર અમિત પ્રકાશ યાદવ, જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોર, ડીઆરડીએ ડાયરેક્ટર લલિત પટેલ સહિત જિલ્લા પંચાયતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડા જિલ્લામાં નડિયાદ, કઠલાલ ,કપડવંજ, મહેમદાવાદ, ઠાસરા, ખેડા ખાતે પ્રાકૃતિક કૃષિ હાટ ભરાયા હતા.....

**નડિયાદ, તા.05**

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ ના ઉપક્રમે આજરોજ ખેડા જિલ્લાના વિવિધ તાલુકામાં પ્રાકૃતિક ખેડૂત હાટ યોજાયા હતા. જે અંતર્ગત આજરોજ જિલ્લાના કઠલાલ ,નડિયાદ, ખેડા, મહેમદાવાદ, કપડવંજ, ઠાસરા ખાતે પ્રાકૃતિક કૃષિ હાટ ભરાયા હતા.

જેમાં નડિયાદ તાલુકાના એગ્રી આસિસ્ટન્ટ જગદીશ ભાઈ સોઢા, ખેડા તાલુકાના યોગેશભાઈ ,કઠલાલ તાલુકાના અગ્રીકલચર આસિસ્ટન્ટ કલ્પેશભાઈ ડાભી ,ઠાસરા તાલુકાના એગ્રી આસિસ્ટન્ટ દલપતભાઈ સોઢા ,કપડવંજ તાલુકાના એગ્રી આસિસ્ટન્ટ બાબુભાઈ બારૈયા ખેડુતો સાથે હાજર રહ્યાં હતા.



પ્રાકૃતિક રીતે ઉછેરેલા શાકભાજી, ફળો, અનાજ, કઠોળ અને મરી મસાલાનું વેચાણ કરવામાં આવ્યું હતુ. સવારે ૧૦ થી ૧૨ વાગ્યા દરમિયાન યોજાએલા આ પ્રાકૃતિક ખેડૂત હાટ વેચાણ કેન્દ્રમાં પ્રાકૃતિક કૃષિ પ્રેમીઓએ વિવિધ શાકભાજી અને કઠોળ તેમજ અનાજનું અનાજની ખરીદી કરી હતી.

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના માર્કેટિંગ સંયોજક શ્રી કિંજલભાઈ પટેલ જણાવે છે એમ," પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી ચંદ્રકાંતભાઈ પટેલ ના માર્ગદર્શનમાં જિલ્લાના તાલુકા સ્તરે પ્રાકૃતિક ખેડૂત હાટ વેચાણ કેન્દ્રમાં પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનો વેચાઈ રહયા છે તેમજ ખેડા જિલ્લાના લોકો પ્રાકૃતિક શાકભાજી અને અનાજ તેમજ કઠોળનું મહત્વ સમજીને અમારા સ્ટોલો પરથી શાકભાજી અને કઠોળ તેમજ અનાજનું અનાજની ખરીદારી કરી રહ્યા છે.

## ઈરાન-ઈઝરાયલ યુદ્ધ વચ્ચે ફસાયેલા ગુજરાતી ઉમરાહ યાત્રીઓ સુરક્ષિત પરત:

# જેદ્દાહથી ઈન્ડિગો ફ્લાઈટ 6E-076 અમદાવાદ પહોંચી, 170 મુસાફરોનું ભાવુક સ્વાગત

**અમદાવાદ, તા.05**

ઈરાન અને ઇઝરાયલ વચ્ચેના યુદ્ધ બાદ મધ્ય પૂર્વમાં પરિસ્થિતિ વધુ વણસી ગઈ, જેના કારણે ઘણી ઈન્ટરનેશનલ ફ્લાઇટ્સ સ્થગિત કરવાની ફરજ પડી છે. તે સમયે ઘણા ભારતીય મુસાફરો પણ વિદેશમાં ફસાયેલા હતા. ઉમરાહ કરવા ગયેલા ગુજરાતના ઘણા મુસાફરો વિદેશમાં ફસાયેલા હતા. ફ્લાઈટ રદ થવાથી તેમના પરિવારો માટે પણ તકલીફ ઉભી થઈ હતી. જોકે, આજે વહેલી સવારે 2:29 વાગ્યે જેદ્દાહથી મુસાફરોને લઈને એક ફ્લાઈટ ઈન્ડિગોની ફ્લાઈટ નંબર 6E 076 અમદાવાદ એરપોર્ટ પર આવી હતી. તેમના સ્વાગત માટે મોટી સંખ્યામાં પરિવારના સભ્યો એકઠા થયા હતા.

પોતાના પરિવારના સભ્યો સલામત પરત ફરવાથી બધા પરિજનો ખુશ હતા. સુરક્ષિત રીતે પાછા ફરેલા મુસાફરોએ જણાવ્યું કે, ફ્લાઈટ રદ થવાને કારણે તેમને ત્યાં



જ રોકાવું પડ્યું. જોકે, સરકારે તેમને મદદ કરી અને તેમને સુરક્ષિત રીતે ભારત લાવ્યા છે, જેના કારણે તેઓ અને તેમના પરિવારો ખુશ છે. બધા મુસાફરોએ સરકારનો આભાર માન્યો હતો.

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે થઈ રહેલા યુદ્ધને કારણે દુબઈમાં પણ તણાવની સ્થિતિ સર્જાઈ હતી. આ દરમિયાન એર સ્પેસ બંધ હોવાથી સમગ્ર ભારત સહિત ગુજરાતના મુસાફરો પણ ત્યાં ફસાયા હતાં. આ મુસાફરો દ્વારા વતન પરત આવવા માટે સરકારને અપીલ કરવામાં આવી હતી. જેથી હવે દુબઈમાં ફસાયેલા મુસાફરોને લઈને ફ્લાઈટ અમદાવાદ એરપોર્ટ પર પહોંચી રહી છે. એરપોર્ટ પર મોડી રાત્રે 170 મુસાફરોને લઈને એક ફ્લાઈટ આવી હતી.

આ ફ્લાઈટમાં આવેલા મુસાફરોએ સરકારનો આભાર માન્યો હતો. મુસાફરોએ કહ્યું હતું કે, સરકારે સંપૂર્ણ સહયોગ આપ્યો છે. દુબઈમાં અમે બે દિવસ ફસાયેલા રહ્યા હતાં. જ્યાં બોમ્બ અને મિસાઈલ ફૂટ્યા હતાં. ત્યાં રોકાયેલા દરેકને મફતમાં સુવિધા મળી હોવાનું પણ મુસાફરોએ કહ્યું હતું.

## ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એ 'કવાંટ ગેર મેળા' પર આધારિત ટપાલ ટિકિટ અને વિશેષ આવરણ જારી કર્યું

# પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ એ 'ક્વાંટ ગેર મેળા' પર ટપાલ ટિકિટની પ્રથમ નકલ માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ભેંટ કરી...

**ગાંધીનગર, તા.05**

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એ "કવાંટ ગેર મેળા"ની સાંસ્કૃતિક મહત્તાને માન આપી 05 માર્ચ, 2026ના રોજ મુખ્યમંત્રી નિવાસસ્થાને તેના પર આધારિત ટપાલ ટિકિટ અને વિશેષ આવરણ જારી કર્યું. ઉત્તર ગુજરાત તથા દક્ષિણ ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ એ આ ટપાલ ટિકિટ અને વિશેષ આવરણની પ્રથમ પ્રતિ મુખ્યમંત્રીભૂપેન્દ્ર પટેલ ને ભેંટ કરી. રાજ્યની સમૃદ્ધ આદિવાસી પરંપરાઓ અને સાંસ્કૃતિક ધરોહરને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવાના દિશામાં આ પહેલ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. આ અવસરે છોટાઉદેપુર લોકસભા સાંસદ જશુ રાઠવા, ધારાસભ્ય અભેસિંહ



તડવી, સુગાર્ગી જૈન, કલેક્ટર, પ્રવર ડાક અધિક્ષક આર.બી. ઠાકોર અને રાઠવા આદિવાસી સમુદાયના અનેક પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એ ભારતીય ટપાલ વિભાગ દ્વારા 'કવાંટ ગેર મેલા', છોટાઉદેપુર, ગુજરાત પર આધારિત ટપાલ ટિકિટ અને વિશેષ આવરણ બહાર પાડવાની પહેલની પ્રશંસા કરતાં જણાવ્યું કે આ રાજ્યની આદિવાસી સંસ્કૃતિ, કલા અને પરંપરાઓના સંરક્ષણ અને તેને આવનારી પેઢી સુધી પહોંચાડવાનો મહત્વપૂર્ણ પ્રયાસ છે. 'કવાંટ ગેર મેળો' માત્ર એક ઉત્સવ નથી, પરંતુ પ્રકૃતિ સાથેના સામંજસ્ય, સામાજિક સમરસતા અને પેઢીઓથી ચાલતી આવતી પરંપરાઓનું જીવંત પ્રતિક છે. તે ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહર અને આદિવાસી જનજીવનની ઉન્નત અભિવ્યક્તિ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે ટપાલ ટિકિટોના માધ્યમ થી સંસ્કૃતિનું સંવર્ધન થાય છે અને યુવાનોમાં સાંસ્કૃતિક જાગૃતિ પણ વધે છે. આ પહેલથી આદિવાસી કલા, સંગીત અને નૃત્ય પરંપરાઓને સ્થિરતા મળે છે અને આવનારી પેઢી આ સમૃદ્ધ ધરોહર સાથે જોડાયેલી રહે છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે આવા પ્રયાસો રાજ્યની સાંસ્કૃતિક ઓળખને મજબૂત બનાવવામાં, સમાજમાં સમરસતા અને એકતા વધારવામાં તેમજ આદિવાસી જીવનશૈલી અને કલાઓની પ્રાચીન પરંપરાઓને સંરક્ષિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ઉત્તર ગુજરાત તથા દક્ષિણ ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ એ જણાવ્યું કે ટપાલ ટિકિટો દેશની સંસ્કૃતિ, કલા, વારસો, ઈતિહાસ, મહાન વ્યક્તિઓ અને મહત્વપૂર્ણ ઘટનાઓ તેમજ જ્ઞાન-વિજ્ઞાન અને સિદ્ધિઓનું પ્રતિબિંબ રજૂ કરે છે, જે સંચાર સાથે રાષ્ટ્રીય ગૌરવ અને વારસાને પણ પ્રોત્સાહન આપે છે. પોસ્ટમાસ્ટર જનરલે વધુમાં જણાવ્યું કે 'કવાંટ ગેર મેળા' પર ડાક વિભાગના સૌજન્યથી માનનીય મુખ્યમંત્રી દ્વારા જારી કરાયેલ ટપાલ ટિકિટ અને વિશેષ આવરણ આ આદિવાસી ઉત્સવની સમૃદ્ધ સાંસ્કૃતિક મહત્તાને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવાનું મહત્વપૂર્ણ માધ્યમ બનશે અને ગુજરાતની સમૃદ્ધ આદિવાસી વારસાને પણ વધુ સમૃદ્ધ બનાવશે. છોટાઉદેપુરના લોકસભા સાંસદ જશુ રાઠવાએ જણાવ્યું કે 'કવાંટ ગેર મેળો' ગુજરાતના છોટાઉદેપુર જિલ્લા ના કવાંટ ખાતે દર વર્ષે યોજાતો એક પ્રસિદ્ધ આદિવાસી સાંસ્કૃતિક ઉત્સવ છે. આ મેળામાં આદિવાસી મહિલાઓ અને પુરુષો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આનંદ, ભક્તિ અને પરસ્પર સૌહાર્દનો અનોખો માહોલ સર્જે છે. તેમણે જણાવ્યું કે માનનીય મુખ્યમંત્રી દ્વારા આ ઉત્સવ પર ટપાલ ટિકિટ જારી કરવામાં આવતા તેને નવી ઓળખ પ્રાપ્ત થઈ છે.

# ખેડા જિલ્લામાં 'સેવા સેતુ 2.0' કાર્યક્રમનો પ્રારંભ : 07 માર્ચ થી 21 માર્ચ સુધી તમામ તાલુકાઓમાં યોજાશે સેવાસેતુ કાર્યક્રમ

**નડિયાદ, તા.05**

સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓના લાભથી કોઈ પણ નાગરીક વંચિત ન રહે તે હેતુ થી સમગ્ર રાજ્યમાં 'સેવા સેતુ ૨.૦' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરુપે ખેડા જિલ્લામાં ૦૭ માર્ચ થી ૨૧ માર્ચ, ૨૦૨૬ દરમિયાન જિલ્લાના તમામ તાલુકાઓમાં વિવિધ નિર્ધારિત સ્થળોએ સવારે ૦૯ થી સાંજે ૦૫ કલાક દરમિયાન સેવાસેતુ કાર્યક્રમો યોજાશે.

જેમા, ૦૭ માર્ચ ૨૦૨૬ ના રોજ કપડવંજ, ઠાસરા, ગળતેશ્વર, ખેડા, કઠલાલ, માતર, નડિયાદ ગ્રામ્ય, મહુધા અને વસોના ગામોમાં સેવાસેતુ કાર્યક્રમ ૨.૦ નું આયોજન છે.

૭ માર્ચ ૨૦૨૬ ના રોજ કપડવંજ તાલુકાની ઘડિયા પ્રાથમિક શાળા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. જેમાં, ગૌચરના મુવાડા, કંબોયા, દાદાના મુવાડા, સિંગપુર, વાઘાના મુવાડા, નાથાના મુવાડા, જાંબુડી, નાનીઝેર, ઘડિયા, માલનામુવાડા, વાઘાસ અને પથોડા ગામના લોકો સેવાસેતુનો લાભ લઈ શકશે. એ મુજબ ઠાસરા તાલુકામાં પ્રાથમિક શાળા પીપલવાડા ખાતે સાંઢેલી, પીપલવાડા, ભરથરી, આજરોલી, રાણીપોરડા, ગોળજ, વજેવાલ, ગઢવીના મુવાડા, સલુણ અને નનાદરા ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. ગળતેશ્વર તાલુકામાં ૭ માર્ચના રોજ પ્રાથમિક શાળા અંબાવ ખાતે આયોજિત સેવાસેતુ કાર્યક્રમમાં અંબાવ, સરનાલ, ડાભસર, કોસમ, વાડદ, મીઠાના મુવાડા અને અંઘાડી ગામાના લોકો સેવાઓનો લાભ લઈ શકશે. ખેડા તાલુકામાં પ્રાથમિક શાળા ભેરઈ ખાતે આયોજિત સેવાસેતુ કાર્યક્રમમાં ગોવિંદપુરા, વાવોલી, ડામરી વડાલા, ઢઢાલ, ભેરાઈ, શેરા, નાયકા, નવાગામ અને અલિન્દ્રા ગામના લોકો યોજનાકીય સેવાઓનો લાભ લેશે. કઠલાલ તાલુકામાં પ્રાથમિક શાળા અનારા ખાતે દાંપટ, ભાટેરા, શાહપુર, પહાડ, પોરડાભાટેરા, અનારા, કઠાણા, ઘોઘાવાડા અને ભાનેર ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. તથા માતર તાલુકામાં ૦૭ માર્ચના રોજ રધવાણજ પ્રાથમિક શાળા ખાતે આયોજિત સેવાસેતુ કાર્યક્રમમાં સંધાણા, હૈજરાબાદ, આંત્રોલી, રતનપુર, ઉંઢેલા, વણસર, ઉંટઈ, સોખડા, દેથલી, નાંદોલી, કઠોડા અને રધવાણજના લોકો સેવાસેતુ કાર્યક્રમનો લાભ લઈ શકશે. નડિયાદ ગ્રામ્ય માટે પ્રાથમિક શાળા આખડોલ ખાતે વડતાલ, આખડોલ, રાજનગર, નરંસડા, ભૂમેલ, ગુતાલ, પીપળાતા, કેરીઆવી અને વલેટવાના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. એવી રીતે મહુધા તાલુકામાં ૦૭ માર્ચના રોજ પ્રાથમિક શાળા અલીણા ખાતે નાની ખડોલ, મોટી ખડોલ, સરદારપુરા, મીંયાપુર, બલોલ, કૈયજ, નિઝામપુર, મહિસા, પોરડા, કપરૂપુર, મીરઝાપુર અને વાસણાના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. તથા વસો તાલુકામાં પ્રાથમિક શાળા આઈ.એલ.પી.એસ હાઈસ્કુલ પલાણા ખાતે ખાંધલી, પલાણા, સિહોલડી, અલીન્દ્રા, હેરંજ, લવાલ, મલીયાતજ, બામરોલી, પીજ, ઝારોલ અને દંતાલીના ગામના લોકો માટે યોજાશે સેવાસેતુ કાર્યક્રમ.

૦૮ માર્ચના રોજ કપડવંજ અને નડિયાદ ગ્રામ્યમાં સેવાસેતુ કાર્યક્રમનું આયોજન છે. જેમાં કપડવંજની તેલનાર પ્રાથમિક શાળા ખાતે તેલનાર, પલૈયા, વ્યાસજીના મુવાડા, વાઘજીપુરા, બોભા, ફુલજીના મુવાડા, બેટાવાડા, રોજવાડા, દેરડી પાવઠી ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. તેવી જ રીતે નડિયાદ ગ્રામ્યમા સલુણ તળપદ પ્રાથમિક શાળા ખાતે સલુણવાંટા, સલુણ તળપદ, વાલ્લા, નવાગામ, કંજોડા, હાથજ, અલીન્દ્રા, સુરાશામળ અને ચલાલી ગામના લોકો માટે યોજાશે સેવાસેતુ કાર્યક્રમ.

૧૦ માર્ચના રોજ નડિયાદ ગ્રામ્ય, કપડવંજ, ઠાસરા, ગળતેશ્વર, ફાગવેલ, ખેડા, મહેમદાવાદ, કઠલાલ, માતર, મહુધા અને વસો ખાતે યોજાશે સેવાસેતુ કાર્યક્રમ. જેમા, કપડવંજની આંબલીયારા પ્રાથમિક શાળા ખાતે આંબલીયારા, દાણા, વાસણા, મીરાપુરા, સાલોડ, રમોસડી, સાવલી, સોરણા, રામપુરા, વેજલપુર અને દહીઅપ ગામાના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. ઠાસરાની પ્રાથમિક શાળા આગરવા ખાતે યોજનાર સેવાસેતુ કાર્યક્રમમાં ઢુણાદરા, કાલસર, નેશ, વણોતી, આગરવા, વિઝોંલ, પાંડવણીયા, જાખેડ, રખીયાલ, સીમલજ અને ઢંડી ગામના લોકોને યોજનાકીય સેવાઓનો લાભ મળશે. તેવી જ રીતે ગળતેશ્વરની પ્રાથમિક શાળા મેનપુર ખાતે યોજાનાર ક્રાયક્રમમાં વનોડા, મેનપુરા, મહીઇટાડી, કુણી, ટીંબાના મુવાડા અને સાંગો ગામના લોકો સેવાસેતુનો લાભ લેશે. ફાગવેલ તાલુકામાં વડોલ પ્રાથમિક શાળામાં યોજનાર કાર્યક્રમમાં ચિખલોડ, દનાદરા, માલઈટાડી પગી ભાગ, માલઈટાડી બારૈયા ભાગ, વડોલ, ખડોલ અને બારૈયાના મુવાડાના લોકો સેવાસેતુનો લાભ લઈ શકશે. ખેડા તાલુકાની સારસા પ્રાથમિક શાળા ખાતે વાસણા મારીયા, લાલી, ઉમિયાપુરા, મહીજ, બીડજ, સારસા, સાંખેજ, સમાદરા, વૈકુંઠપુરા, કાજીપુરા અને વાસણા ખુર્દ ગામના લોકો સેવાસેતુનો લાભ લઈ શકશે. મહેમદાવાદની પ્રાથમિક શાળા કાચ્છાઈ ખાતે કાચ્છઇ, બાવરા, ગોઠાજ, ગાડવા, સમસપુર, ખંભાલી, છાપરા, કતકપુરા, વિરોલ, ઈયાવા અને વરસોલાના ગ્રામજનો સેવાસેતુનો લાભ લઈ શકશે. માતર તાલુકાની લીંબાસી પ્રાથમિક શાળા ખાતે યોજનાર સેવાસેતુ કાર્યક્રમમાં નધાનપુર, પુનાજ, કુંજરા, બરોડા, પાલ્લા, અસામલી, મરાલા, નગરામા, ખરેંટી, માલાવાડા, વસઈ, રણાસર અને લીંબાસીના ગ્રામજનો વિવિધ યોજનાકીય સેવાઓનો લાભ લઈ શકશે. કઠલાલ તાલુકાની પ્રાથમિક શાળા કાણીયેલ ખાતે યોજાનાર કાર્યક્રમમાં ખડાલ, નાની ભણાવત, ગંગાસાસના મુવાડા, સિપાઈની મુવાડી, હાથીયાની મુવાડી, મનોરની મુવાડી, મોટી ભણાવત, ભગતના મુવાડા, લાખામીયાના મુવાડા અને ગુગળીયાના લોકો સરકારની સેવાઓનો લાભ લઈ શકશે. નડિયાદ ગ્રામ્યમાં પ્રાથમિક શાળા મહોળેલ ખાતે યોજાનાર સેવાસેતુ કાર્યક્રમમાં મહોળેલ, અરજનપુર કોટ, નાનાવગા, જાવોલ, પાલૈયા, પાલડી, મોંઘરોલી, સોડપુર, અંધારી આંબલી, બોરીયા અને ચાંપાજીની મુવાડી ગામના લોકો વિવિધ સેવાઓનો લાભ લઈ શકશે. મહુધાની વડથલ પ્રાથમિક શાળા ખાતે ખાંડીવાવ, મહેમદાવાદના મુવાડા, ફિણાવ, ઘંઘોડી, ફલોલી, ભુમસ, ડડુસર, મીનાવાડા અને રૂપપુરા ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. તથા ૧૦ માર્ચના રોજ વસો તાલુકાની રામોલ પ્રાથમિક શાળા ખાતે રામોલ, પેટલી, કલોલી, રૂણ, નવાગામ, (પે) થેલડી, મિત્રાલ, દેવાવાંટા, વસો, રામપુર અને ગંગાપુરના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.

૧૨ માર્ચના રોજ કપડવંજની પ્રાથમિક શાળા અંતિસર, ઠાસરાની પ્રાથમિક શાળા મંજીપુરા, ખેડાની પ્રાથમિક શાળા ગોબલેજ, મહેમદાવાદની પ્રાથમિક શાળા વાંઠવાડી, કઠલાલની માધ્યમિક શાળા છિપડી, માતરની પ્રાથમિક શાળા પરિએજ, નડિયાદ ગ્રામ્યની પ્રાથમિક શાળા અરેરા અને મહુધાની પ્રાથમિક શાળા ચુણેલ ખાતે સેવાસેતુ કાર્યક્રમો યોજાશે. જેમાં, કપડવંજની પ્રાથમિક શાળા અંતિસર ખાતે આમલપુરા, અંતિસર, ભૂતિયા, ઘંઉઆ, સુણદા, દુધાથલ, વડઘરા, સુલતાનપુર (વડઘરા), રેલીયા, તૈયબપૂરા, જગડુપુર, લેટર અને ગરોડ ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. ઠાસરાની પ્રાથમિક શાળા મંજીપુરા ખાતે રાણિયા, ચિતલાવ, હરખોલ, ભદ્રાસા, કોટલીડોરા, જોરાપૂરા, મંજીપુરા, જેસાપુરા, મીઠાપુરા અને અકલાચા ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. ખેડાની ગોબલેજ પ્રાથમિક શાળા ખાતે પાણસોલી, ગોબલજ, પીંગળજ, કઠવાડા, ધરોડા, ચિત્રાસર, કલોલી, કનેરા અને મલારપુરા ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. મહેમદાવાદની પ્રાથમિક શાળા વાંઠવાડી ખાતે વાંઠવાળી, કેસરા, અરેરી, ખાત્રજ, સિંહુજ, વમાલી, સુંઢા, વણસોલ સુંઢા, નવાગામ, દોલપુરા, દેવકી વણસોલ અને જીભાઈપુરા ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. કઠલાલની માધ્યમિક શાળા છીપડી ખાતે મીરજાપુર, સરખેજ, ખલાલ, મુડેલ રતનપુર, ગાડવેલ, અરાલ, છીપડી, ગંગીયાલ, વાંટડા, પાટો ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. માતરની પ્રાથમિક શાળા પરિએજ ખાતે સાયલા, ઈન્દ્રવર્ણા, સીંજીવાડા, બામણગામ, દલોલી, વિરોજા, ભલાડા, શેખુપુર, ચાનોર, હાડેવા, વાલોત્રી, વસ્તાણા, મહેમદાવાદ અને પરીએજ ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. નડિયાદ ગ્રામ્યની પ્રાથમિક શાળા અરેરા ખાતે અરેરા, હાથનોલી, સિલોડ, અંધજ, આલજડા, દવાપુરા/ એરંડીયાપુરા, વીણા, દાવડા, દેગામ ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે તથા મહુધાની પ્રાથમિક શાળા ચુણેલ ખાતે ખલાડી, બલાડી, હેંરજ, નગવાલ, શેરી અને સાસ્તાપુર ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.

૧૪ માર્ચના રોજ કપડવંજ તાલુકાની વ્યાસવાસણા પ્રાથમિક શાળા ખાતે અલવા, કલાજી સુલતાનપુર (ખા), ખાનપુર, ભુંગળીયા, ઝંડા, અબોચ, વ્યાસવાસણા, પિરોજપુર, લાડુજીના મુવાડાના ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. તેવી જ રીતે મહેમદવાદની પ્રાથમિક શાળા અકલાચા ખાતે અકલાચા, માંડવી, રીછોંલ, શત્રુંડા, સરસવણી, કરોલી, રૂદણ, સણસોલી, નવચેતન, રતનપુરા, જાળીયા અને ઝાલાભાઈની મુવાડીના ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.

૧૬ માર્ચના રોજ કપડવંજ, ઠાસરા, ગળતેશ્વર, મહેમદાવાદ અને કઠલાલ તાલુકાઓમાં સેવાસેતુ કાર્યક્રમો યોજાશે. જેમાં, કપડવંજની પ્રાથમિક શાળા કાશીપુરા ખાતે થવાદ, કાશીપુરા, સુકી, વાલવા મહુડા, કાવઠ, ફતેપુરા, વડાલી, લાલપુર (વ) દંતાલી ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. તેવી જ રીતે ઠાસરાની પ્રાથમિક શાળા ગુમડીયા ખાતે સાંઢેલીયા, શાહપુર, બાધરપુરા, ઉધમાતપુરા, જલાનગર, ઔરંગપુર, મરધાકુઈ, ઉંબા, વમાલી, કોતરીયા, ગુમડીયા અને ઉપલેટ ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. ગળતેશ્વર તાલુકાની પ્રાથમિક શાલા વાંધરોલી ખાતે વાંઘરોલી, બલાઢા, સનાદરા, પાલૈયા, જરગાલ, સોનૈયા, રોઝવા અને ડભાલી; મહેમદાવાદ તાલુકાની પ્રાથમિક શાળા આમસરણ ખાતે આમસરણ, સાદરા, મલાતજ, વડદલા, પહાડ, રાસ્કા, કનીજ, રોહિસ્સા, નેનપુર, જીંજર અને કઠલાલ તાલુકાની પ્રાથમિક શાળા બગડોલ ખાતે છીપીયાલ, ભરકુંડા, અભરીપુરા, બગડોલ, પિઠાઈ, સરાલી, જમાણી અને જીતપુર તાલુકાના ગ્રામીણો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.

૧૮ માર્ચ, ૨૦૨૬ ના રોજ કપડવંજ, ઠાસરા, ગળતેશ્વર, ફાગવેલ, ખેડા, મહેમદાવાદ, કઠલાલ, માતર અને મહુધા તાલુકામાં સેવાસેતુ કાર્યક્રમો યોજાશે. જેમા, કપડવંજની પ્રાથમિક શાળા કરકરીયા ખાતે આંતરસુંબા, નિકોલ, કોસમ, વાઘાવત, કાભઈના મુવાડા, વાવના મુવાડા, કરકરીયા, પુનાદરા, કેવડીયા, ભઈલાકુઈ, અઘાટના મુવાડા; ઠાસરા તાલુકાની પ્રાથમિક શાળા મુળીયાદ ખાતે સૈતાંત, રવાલીયા, વિઠ્ઠલપુરા, પોરડા, અમૃતપુરા, ચંદાસર, મુળીયાદ, અજુપુરા, મોરઆંબલી, ચેતરસુંબા, શામળાપુરા, ઓઝરાળા; ગળતેશ્વર તાલુકાની પ્રાથમિક શાળા વસો ખાતે પાલી, સોનીપુર, વસો, રૂસ્તમપુરા, માલવણ, રસુલપુર(પ) પડાલ; ફાગવેલ તાલુકાના શ્રી સલુન્દ્રા ઈંગ્લીશ સ્કુલ લસુન્દ્રા ખાતે ફાગવેલ, ફુલછત્રપુરા, દાદાના મુવાડા, લસુન્દ્રા, પોરડા, ચારણ નિકોલ, લાડવેલ, લક્ષ્મણપુરા, વિશ્વનાથપુરા, ભાટવાસણા, ખડઘોડરા; ખેડા તાલુકાની પ્રાથમિક શાળા વાસણા બુઝર્ગ ખાતે રઢુ, ચાંદણા, હરીયાળા, વાસણા બુઝર્ગ, વારસંગ, ખુમરવાડા, દેડરડા, પરસાંતજ, રસિકપુરા; મહેમદાવાદની પ્રાથમિક શાળા ઘોડાસર ખાતે ઘોડાસર, મોદજ, ઘોડાલી, સોજાલી, કુણા, જાલમપુરા, દાજીપુરા, નાની અડબોલી, મોટી અડબોલી, પહાડીયા, અજબપુરા; કઠલાલ તાલુકાની પ્રાથમિક શાળા રવદાવત ખાતે કાકરખાડ, બદરપુર, રવદાવત, ચેલાવત, સંદેસર, અપ્રુજી, નારપુર, મડાદરા, સુરાવત, ચરેડ; માતર તાલુકાની ત્રાજ પ્રાથમિક શાળા ખાતે માછીયેલ, કોશીયલ, પીપરીયા, મહેલજ, ગરમાળા, ત્રાજ, ત્રાણજા, માતર, અસલાલી, ખડિયારાપુરા અને મહુધા તાલુકાની મંગળપુર પ્રાથમિક શાળા ખાતે કડી, ઉંદરા, ખુંટજ, નંદગામ, સણાલી, સાપલા, બાગડુ, મુળજ, તોરણીયા, સિંધાલી, હજાતીયાના ગ્રામજનો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.

૨૦ માર્ચ,૨૦૨૬ના રોજ ઠાસરા, મહેમદાવાદ અને કપડવંજ તાલુકામા સેવાસેતુ કાર્યક્રમો યોજાશે. જેમાં, ઠાસરા તાલુકાની પ્રાથમિક શાળા ખીજલપુર ખાતે સુઇ, મલાઇ, ખીજલપુર(ત) ખીજલપુર(વાં), રસુલપુર(ઠા) પીલોલ, એકલવેલુ, વીસનગર, વલ્લવપુરા, માસરા, બોરડી, ભાટપુરા-૧, ભાટપુરા- ૨; મહેમદાવાદ તાલુકાની પ્રાથમિક શાળા હલદરવાસ ખાતે હલઘરવાસ, પથાવત, વાઘાવત, જરાવત, ગોકળપુરા, કોઠીપુરા, મોટી ટીંબલી, નાની ટીંબલી, હાથનોલી, અમરાપુરા, ભુમાપુરા અને કપડવંજ તાલુકાની એન.એમ.પટેલ હાઈસ્કુલ આંત્રોલી ખાતે જલોયા, ઉકરડીના મુવાડા, હમીરપુર, આંત્રોલી, તોરણા, દાસલવાડા, સિંઘાલી, મહંમદપુરા, ફતીયાવાદ, હુંચાલ, નવાગામના ગ્રામીણો માટે સેવાસેતુ કાર્યક્રમો યોજાશે.

૨૧ માર્ચ ૨૦૨૬ના રોજ કપડવંજ તાલુકામા શ્રિમતી એલ.કે.એસ.શાહ હાઈસ્કુલ નિરમાલી ખાતે મોટીઝેર, ઘુળીયાવસણા, નરસિંહપુર, નિરમાલી, બાવાનો મઠ, ડાંડીયાપુર, લાલપુર (નિ), કોટવાલાના મુવાડા, આંબવેલ, ભોજાના મુવાડા, લાલમાંડવા અને શિહોર ગામના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમો યોજાશે.

આ સેવાસેતુ કાર્યક્રમોનો લાભ લેવા તમામ જિલ્લાવાસીઓને અપીલ કરવામાં આવે છે.

# પાકિસ્તાની ખેલાડીએ શ્રીલંકામાં મહિલા સ્ટાફ સાથે કર્યો દુર્વ્યવહાર, ટીમ મેનેજરે માંગવી પડી માફી



**નવી દિલ્હી, તા.05**

ટી20 વર્લ્ડ કપમાં કંગાળ પ્રદર્શન કરીને બહાર ફેંકાયેલી પાકિસ્તાન ક્રિકેટ ટીમની પ્રતિષ્ઠાને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. એક અહેવાલ મુજબ, શ્રીલંકાના કેન્ડીમાં રમાયેલી સુપર-8 મેચ દરમિયાન પાકિસ્તાની ટીમના એક ખેલાડીએ હોટલના મહિલા હાઉસકીપીંગ સ્ટાફ સાથે ખરાબ વર્તન કર્યું હતું. આ ઘટના બાદ ટીમ મેનેજરે ખેલાડીને દંડ પણ ફટકાર્યો છે.

ટેલિકોમ એશિયા સ્પોર્ટના રિપોર્ટ અનુસાર, આ ઘટના પાકિસ્તાન અને યજમાન શ્રીલંકા વચ્ચેની છેલ્લી સુપર-8 મેચ પહેલા બની હતી. 'ગોલ્ડન ક્રાઉન હોટલ'માં રોકાયેલા પાકિસ્તાની ટીમના એક ખેલાડીએ મહિલા સ્ટાફ સાથે અભદ્ર વર્તન કર્યું હતું. જ્યારે ખેલાડીએ ગેરવર્તન કર્યું ત્યારે મહિલા સ્ટાફે મદદ માટે બૂમો પાડી હતી. હોટલના અન્ય સ્ટાફના સભ્યો તરત જ ત્યાં પહોંચી ગયા હતા અને મહિલાને બચાવી હતી.

હોટલનું મેનેજમેન્ટ આ બાબતે કડક કાર્યવાહી કરવા માંગતું હતું, પરંતુ પાકિસ્તાની ટીમના મેનેજર નવેદ ચીમાએ ખેલાડી વતી માફી માંગી હતી અને ખેલાડી પર દંડ લગાવી મામલો થાળે પાડ્યો હતો. ત્યાર બાદ સમગ્ર મામલો આંશિક રીતે થાળે પડ્યો હતો.

આરોપી ખેલાડીનું નામ હજુ જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર તેને પાકિસ્તાન પરત ફર્યા બાદ પીસીબીની ડિસિપ્લિનરી કમિટી સમક્ષ રજૂ કરવામાં આવી શકે છે. આ ગંભીર શિસ્તભંગ બદલ તેના પર મોટો પ્રતિબંધ કે વધુ દંડ થવાની શક્યતા છે.

પાકિસ્તાની ખેલાડીઓ કે સપોર્ટ સ્ટાફ દ્વારા વિદેશી પ્રવાસ દરમિયાન ગેરવર્તન કરવાની આ પહેલી ઘટના નથી. ગયા વર્ષે ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન રેપના આરોપમાં મેન્ચેસ્ટર પોલીસ દ્વારા હૈદર અલીની ધરપકડ કરવામાં આવી હતી. જો કે પુરાવાના અભાવે તે છૂટી ગયો હતો. થોડા વર્ષો અગાઉ મલેશિયા પ્રવાસ દરમિયાન મલંગ અલી પર મહિલા સ્ટાફ સાથે ગેરવર્તન કરવાનો આરોપ લાગ્યો હતો. બાદમાં તેને પણ દંડ ફટકારવામાં આવ્યો હતો.

એક તરફ પાકિસ્તાની ટીમ મેદાન પર સતત હારી રહી છે, ત્યારે બીજી તરફ ખેલાડીઓની આવી હરકતોએ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની મુશ્કેલીઓ અને બદનામીમાં વધારો કર્યો છે. જો કે દર વખતની જેમ પાકિસ્તાની બોર્ડ આ વખતે પણ ખેલાડીને દંડ ફટકારીને જ સંતોષ માને તો નવાઈ નહી.

# T20 વર્લ્ડ કપની સેમિ ફાઈનલમાં કારમા પરાજય બાદ દ.આફ્રિકાના કેપ્ટનનું દર્દ છલકાયું



**નવી દિલ્હી, તા.05**

દક્ષિણ આફ્રિકાના કેપ્ટન એડન માર્કરમે ન્યૂઝીલેન્ડ સામેની સેમીફાઈનલમાં હાર બાદ ભાવુક નિવેદન આપ્યું છે. તેણે કહ્યું, 'આ એક મોટો ફટકો છે. ભલે ચહેરા પર થપ્પડ નથી, પણ તેવું જ અનુભવાય છે. અમારે વધુ મજબૂત બનીને આગળ વધવું પડશે અને એક ટીમ તરીકે શ્રેષ્ઠ બનવું પડશે.'

કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં રમાયેલી આ હાઈ-વોલ્ટેજ મેચમાં ન્યૂઝીલેન્ડે દક્ષિણ આફ્રિકાને 9 વિકેટે હરાવીને 8 માર્ચે અમદાવાદમાં યોજાનારા ફાઈનલનું સપનું તોડી નાખ્યું છે. પ્રથમ બેટિંગ કરતા દક્ષિણ આફ્રિકાએ 169 રન બનાવ્યા હતા. જવાબમાં ન્યૂઝીલેન્ડે માત્ર 12.5 ઓવરમાં 173/1 રન બનાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. કિવી ટીમની જીતનો અસલી હીરો ફિન એલન રહ્યો. જેણે માત્ર 33 બોલમાં અણનમ 100 રન ફટકારી ટી20 વર્લ્ડ કપની સૌથી ઝડપી સદી નોંધાવી હતી.

માર્કરમે હારના કારણોનું વિશ્લેષણ કરતા જણાવ્યું કે, શરૂઆતમાં બોલ બેટ પર બરાબર આવતો નહોતો. પિચ થોડી ધીમી હતી અને ન્યૂઝીલેન્ડના બોલરોએ નવી ગેંગથી શાનદાર દબાણ બનાવ્યું હતું. માર્કરામે સ્વીકાર્યું કે, પિચને પકડવામાં અમારી ભુલ થઈ હતી. ટીમને લાગ્યું હતું કે પિચ સારી રમશે, પરંતુ વાસ્તવમાં તે અટકીને આવતી હતી. 170 રનનો સ્કોર લડાયક હતો, પરંતુ પાવરપ્લેમાં ફિન એલનની તોફાની બેટિંગે મેચ એકતરફી બનાવી દીધી હતી. ટીમ કદાચ 190 રન સુધી પહોંચી શકી હોત જો તેમણે વહેલા એડજસ્ટમેન્ટ કર્યું હોત.

ટી20 વર્લ્ડ કપના ઈતિહાસમાં ન્યૂઝીલેન્ડે પહેલીવાર દક્ષિણ આફ્રિકાને હરાવ્યું છે. આ અગાઉનો રેકોર્ડ 0-5 નો આફ્રિકાની તરફેણમાં હતો. ન્યૂઝીલેન્ડના કેપ્ટન મિશેલે આ જીતને 'પરફેક્ટ પ્રદર્શન' ગણાવ્યું છે. ટિમ સિફર્ટના 58 રને પણ જીતનો પાયો મજબૂત કર્યો હતો. હવે ન્યૂઝીલેન્ડ પાસે અમદાવાદમાં પોતાનું પ્રથમ ટી20 વર્લ્ડ કપ ટાઈટલ જીતવાની સુવર્ણ તક છે. જ્યારે અત્યાર સુધી અજેય રહેલી આફ્રિકન ટીમ માટે આ હાર પચાવવી મુશ્કેલ બની રહી છે.

# ફિન એલને T20 વિશ્વકપ ઈતિહાસની સૌથી ઝડપી સદી ફટકારી, ક્રિસ ગેલનો રેકોર્ડ તોડ્યો

**નવી દિલ્હી, તા.05**

કોલકાતાના ઈડન ગાર્ડન્સ મેદાન પર રમાયેલા ટી20 વિશ્વકપ 2026ના પ્રથમ સેમીફાઈનલમાં ન્યૂઝીલેન્ડે દક્ષિણ આફ્રિકાને 9 વિકેટે હરાવી ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. આ જીતનો અસલી હીરો ઓપનર ફિન એલન રહ્યો છે. તેણે માત્ર 33 બોલમાં સદી ફટકારીને ક્રિકેટ જગતમાં ખળભળાટ મચાવી દીધો છે. દક્ષિણ આફ્રિકાએ આપેલા 170 રનના લક્ષ્યને ન્યૂઝીલેન્ડે માત્ર 12.5 ઓવરમાં એક વિકેટ ગુમાવીને 173 રન બનાવી હાંસલ કરી લીધો હતો. આ બીજી વખત છે જ્યારે ન્યૂઝીલેન્ડની ટીમ આ ટુર્નામેન્ટના ફાઈનલમાં પહોંચી છે.

ફિન એલને આ ઈનિંગ દરમિયાન અનેક મોટા રેકોર્ડ્સ પોતાના નામે કર્યા છે. તે હવે ટી20 વિશ્વકપના ઈતિહાસમાં સૌથી



ઝડપી સદી ફટકારનાર બેટ્સમેન બની ગયો છે. તેણે વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ ખેલાડી ક્રિસ ગેલનો 47 બોલનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય ટી20માં તે સંયુક્ત રીતે ત્રીજી સૌથી ઝડપી સદી ફટકારનાર ખેલાડી બન્યો છે. સેમીફાઈનલ જેવા હાઈ-વોલ્ટેજ નોકઆઉટ મુકાબલામાં 100 રનનો અણનમ સ્કોર બનાવીને તેણે શ્રીલંકાના તિલકરત્ને દિલશાનના 96 રનના રેકોર્ડને પણ પાછળ છોડી દીધો છે. ન્યૂઝીલેન્ડ તરફથી વિશ્વકપમાં સદી ફટકારનાર તે બ્રેન્ડન મેક્કુલમ અને ગ્લેન ફિલિપ્સ પછી ત્રીજો ખેલાડી બન્યો છે.

મેચની વિગતો જોઈએ તો, દક્ષિણ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરતા માર્કો યાન્સેનના લડાયક પ્રદર્શનની મદદથી 20 ઓવરમાં 8 વિકેટે 169 રન બનાવ્યા હતા. ત્યારબાદ ફિન એલન અને ટિમ સીફર્ટ વચ્ચેની આક્રમક શતકીય ભાગીદારીએ આફ્રિકન બોલરોને લાચાર બનાવી દીધા હતા. ટિમ સીફર્ટે પણ શાનદાર અર્ધસદી ફટકારીને એલનનો પૂરો સાથ આપ્યો હતો.

# SA vs NZ ની સેમિ ફાઈનલમાં થર્ડ અમ્પાયર્સના નિર્ણય પર હોબાળો



નવી દિલ્હી, તા.05

ન્યૂઝીલેન્ડ ફાઈનલમાં, પણ સેમિફાઈનલમાં અમ્પાયરના નિર્ણયથી મોટો વિવાદ થયો છે. ન્યૂઝીલેન્ડની ટીમ આઈસીસી મેન્સ ટી20 વર્લ્ડ કપ 2026ના ફાઈનલમાં પહોંચી ગઈ છે. બુધવારે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી પ્રથમ સેમિફાઈનલમાં ન્યૂઝીલેન્ડે દક્ષિણ આફ્રિકાને 9 વિકેટે હરાવીને બહાર કરી દીધું છે. જોકે, આ જીતની સાથે મેચમાં બનેલી એક વિવાદાસ્પદ ઘટનાએ સોશિયલ મીડિયા પર નવી ચર્ચા જગાવી છે.

દક્ષિણ આફ્રિકાની ઈનિંગ્સની 8મી ઓવરમાં આ વિવાદ સર્જાયો હતો. રચિન રવીન્દ્રની ઓવરના ચોથા બોલ પર દક્ષિણ આફ્રિકાના કેપ્ટન એડન માર્કરામે મોટો શોટ રમવાનો પ્રયાસ કર્યો હતો. બોલ હવામાં ઊંચો ગયો અને લોંગ-ઓન પર ફિલ્ડિંગ કરી રહેલા ડેરીલ મિશેલે દોડીને કેચ પકડ્યો હતો.

મિશેલ પોતે પણ આ કેચ અંગે પૂરો આત્મવિશ્વાસ ધરાવતો નહોતો. ઓન-ફિલ્ડ અમ્પાયરોને પણ શંકા જતાં નિર્ણય થર્ડ અમ્પાયર નીતિન મેનન પાસે મોકલવામાં આવ્યો હતો. રિપ્લેમાં કેચ ક્લીન હોવાનું સ્પષ્ટ જણાતું ન હોવા છતાં, થર્ડ અમ્પાયર નીતિન મેનન દ્વારા માર્કરામને આઉટ જાહેર કરવામાં આવતા મેદાન પર અને ડ્રેસિંગ રૂમમાં આશ્ચર્ય ફેલાયું હતું. આફ્રિકા માટે આ એક મોટો ઝટકો સાબિત થયો.

મેચની વાત કરીએ તો દક્ષિણ આફ્રિકાએ માર્કો યાનસેનની અણનમ 54 રનની ઈનિંગને સહારે 169 રન બનાવ્યા હતા. ન્યૂઝીલેન્ડ માટે આ લક્ષ્યાંક મામૂલી સાબિત થયો. ઓપનર ફિન એલને માત્ર 33 બોલમાં અણનમ 100 રન ફટકારીને ટી20 વર્લ્ડ કપની સૌથી ઝડપી સદી નોંધાવી દીધી હતી. કિવી ટીમે માત્ર 12.5 ઓવરમાં 173/1 રન બનાવીને શાનદાર વિજય મેળવ્યો હતો.

હંમેશની જેમ 'ચોકર્સ'નું ટેગ દક્ષિણ આફ્રિકાની પાછળ રહ્યું. ક્વિન્ટન ડી કોક અને રયાન રિકલ્ટન બીજી જ ઓવરમાં આઉટ થઈ ગયા હતા. માર્કરામે ઈનિંગ સંભાળવાનો પ્રયત્ન કર્યો પણ વિવાદાસ્પદ કેચને કારણે તેમની ઈનિંગનો અંત આવ્યો અને આફ્રિકાનું વર્લ્ડ કપ જીતવાનું સપનું ફરી એકવાર અધૂરું રહી ગયું. હવે ન્યૂઝીલેન્ડની ટીમ 8 માર્ચે અમદાવાદમાં રમાનારા ફાઈનલ જંગ માટે તૈયાર છે.

# યુદ્ધ વચ્ચે દુબઈમાં ફસાઈ બોલિવૂડની જાણીતી અભિનેત્રી, આંખમાં આંસુ સાથે કહ્યું- મુંબઈ પરત આવવું છે.....

**મુંબઈ, તા.05**

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભયાનક જંગની લપેટમાં હવે દુબઈ પણ આવી ગયું છે. બોલિવૂડ એક્ટ્રેસ લારા દત્તા હાલ તેની પુત્રી સાયરા સાથે દુબઈમાં છે અને ત્યાંના ભયાનક અનુભવ શેર કરતા તેની આંખમાં આંસુ આવી ગયા હતા. લારાએ જણાવ્યું કે, 'ઈરાન દ્વારા અબુ ધાબી અને દુબઈના કેટલાક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા બાદ ત્યાંનું વાતાવરણ અત્યંત તણાવપૂર્ણ બની ગયું છે. હું જ્યારે એક સ્ટુડિયોમાં શૂટિંગ કરી રહી હતી, ત્યારે જ મને આકાશમાં મિસાઈલો અને પ્રચંડ વિસ્ફોટોના અવાજ સાંભળ્યા હતા.'



લારાએ વીડિયોમાં જણાવ્યું કે, '28 તારીખે જ્યારે હું શૂટિંગમાં વ્યસ્ત હતી, ત્યારે અચાનક જોરદાર ધડાકા સંભળાયા. ટીમ સાથે સ્ટુડિયોની બહાર નીકળતા મેં જોયું કે આકાશમાં મિસાઈલોને રોકવામાં આવી રહી હતી અને અનેક ફાઈટર જેટ ઉડી રહ્યા હતા. અમે એક સુરક્ષિત વિલામાં રહીએ છીએ, છતાં વિસ્ફોટોને કારણે બારી-બારણાં ધ્રૂજવા લાગે છે. આ સ્થિતિ ખૂબ જ ડરામણી છે, ખાસ કરીને બાળકો માટે.'

આટલા તણાવ વચ્ચે પણ લારાએ યુએઈ સરકારના વખાણ કર્યા છે. તેણે કહ્યું કે, 'સરકાર દરેક નાગરિકની સુરક્ષાનું પૂરતું ધ્યાન રાખી રહી છે. આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં સામાન્ય લોકો પોતાનું રોજિંદુ કામ કરી રહ્યા છે.' લારાએ ભારત અને પાકિસ્તાન વચ્ચેના ભૂતકાળના તણાવને યાદ કરતા કહ્યું કે, જેમ ભારતમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત હોય છે, તેવું જ અહીં અનુભવાય છે.

હાલમાં દુબઈનું એરપોર્ટ અને હવાઈ ક્ષેત્ર સુરક્ષાના કારણોસર આંશિક રીતે પ્રભાવિત થયું છે, જેના કારણે ઘણી ફ્લાઈટ્સ રદ થઈ છે. લારા તેની પુત્રી સાથે મુંબઈ પરત ફરવા માટે ફ્લાઈટ્સ શોધી રહી છે. તેણે અંતમાં આંખમાં આંસુ સાથે કહ્યું કે, 'કોઈપણ સામાન્ય નાગરિક ડરના માહોલમાં જીવવા માટે હકદાર નથી. હું આશા રાખું છું કે ટૂંક સમયમાં બધું સામાન્ય થઈ જશે.'

# "Gen-Z એક્ટર્સનો કોઈને ખોટા સાબિત કરવા માટે જોખમ લેવાનો ઈરાદો નથી હોતો" : શનાયા

**મુંબઈ, તા.05**

શનાયા કપૂરે 'આંખોં કી ગુસ્તાખિયાં' સાથે ગયા વર્ષે એક્ટિંગમાં ડેબ્યુ કર્યું છે. જેમાં તેણે વિક્રાંત મેસી સાથે કામ કર્યું હતું. તેની તાજેતરની રિલીઝ 'તું યા મેં'માં તે આદર્શ ગૌરવ સાથે જોડાઈ હતી અને જેમાં બંનેની હાઈટ મુદ્દે ઘણી ચર્ચા થઈ હતી. જ્યારે તેની પહેલી ફિલ્મમાં તેણે વિક્રાંત મેસ્સી સાથે કામ કર્યું હતું, જેમાં તેની સાથે વિક્રાંત મેસ્સી હતો, ત્યારે તેમની વચ્ચેના ઉમરના તફાવત વિશે પણ ઘણી ચર્ચા હતી.

શનાયાની બંને ફિલ્મના આ કાસ્ટિંગ બોલિવૂડનાં પરંપરાગત માપદંડોથી થોડાં અલગ છે, શનાયા સહમત પણ છે કે તેની પેઢીના કલાકારો પૂર્વગ્રહિત ધારણાઓ અને નિયમોને પડકારવાનો આનંદ માણી રહ્યા છે. શનાયા કહે છે, "આ કોઈને ખોટાં સાબિત કરવાની વાત નથી. હું મારી જાત વિશે કહી શકું છું અને મારા માટે, જોખમ લેવામાં મારો ઉત્સાહ વધે છે. જો તમે કંઈ વાંચો અને તમને લાગે કે 'આ તો હું કરી ચૂકી છું, ચાલો ફરી એ જ કરીએ', તો મને ખબર નથી કે એ મારા માટે કેટલું ઉત્સાહજનક હશે. હું સીન જોઈને વિચારવાનું પસંદ કરું છું કે, 'હે ભગવાન, શું હું આ કરી શકીશ કે નહીં? હું આ કેવી રીતે કરી શકું? હું તેમાં સત્ય કેવી રીતે શોધું?' આ જ વસ્તુઓ મને વ્યક્તિગત રીતે ઉત્સાહિત કરે છે અને એ જ જગ્યાએ તમે આશા રાખો છો કે જાદુ સર્જાશે અને જ્યારે તમે કંઈ નવું કરવાનો પ્રયત્ન કરો અને એક જ વસ્તુ કરતા ન રહો ત્યારે એ નાનો ચમકારો દેખાય છે."

જોકે જોખમો ઘણી વાર બોક્સ ઑફિસ પર પરિણામ આપી શકતા નથી, શનાયા આશાવાદી છે કારણ કે છેલ્લા મહિનાઓમાં ધુરંધર (2025) અને બોર્ડર 2 બોક્સ ઓફિસ પર પ્રભાવ પાડવામાં સફળ રહી છે. તે કહે છે, "હાલનો સમય તમામ કલાકારો અને સર્જકો માટે પણ ખૂબ જ ઉત્સાહજનક છે. દર્શકો ફરીથી થિયેટર્સમાં આવી રહ્યા છે અને એ ખૂબ જ ઉત્સાહજનક લાગણી છે. થોડા સમય માટે દર્શકોએ આવવાનું બંધ કરી દીધું હતું. પરંતુ હવે આંતરરાષ્ટ્રીય ફિલ્મો માટે પણ લોકો મોટી સંખ્યામાં જઈ રહ્યા છે, જેમ કે માર્ટી સુપ્રીમ જેવી ફિલ્મ માટે પણ લોકો આવે છે, એ પણ ઉત્સાહજનક છે. દર્શક તરીકે મેં થોડા સમય માટે આ મજા મિસ કરી હતી. તો, અભિનેત્રી તરીકે આ વધુ ઉત્સાહજનક અને વધુ પ્રેરણાદાયક છે."



# Holi 2026 - વિકી કેટરિનાથી લઈને વરુણ-રણદીપ હૂડાએ માણી રંગોત્સવની મજા



**મુંબઈ, તા.05**

બોલિવૂડ વર્ષ દરમિયાન શૂટિંગ અને કામમાં વ્યસ્ત હોય છે, પરંતુ હોળી અને દિવાળીને કામ જેટલી જ સારી રીતે ઉજવવામાં આવે છે. દેશભરમાં હોળી-ધૂળેટીની ઉજવણી શરૂ થઈ ચુકી છે, ત્યારે કેટલાંક સેલેબ્રિટીએ પણ પોતાની હોળી-ધૂળેટીની શરૂઆત કરી દીધી છે. તેમાં રનબીર કપૂર, વિકી કૌશલ અને કેટરિનાથી લઈને રણદીપ હૂડા, સોહા અલી ખાન, વરુણ ધવન, કુણાલ ખેમુ, નેહા ધુપિયા, રિચા ચઢ્ઢા અને અલી ફઝલ સહિતના કલાકારોએ પોતાની હોળીની ઉજવણીની તસવીરો શેર કરી હતી. સાથે જ જાવેદ અખ્તરની નાની હોલી પાર્ટીની તસવીરો પણ શેર કરવામાં આવી હતી, જેમાં શબાના આઝમી, દિવ્યા દત્તા, મનીષ મલ્હોત્રા, અંજલી આનંદ, ઉર્મિલા માતોંડકર સહીતના લોકો દેખાય છે. રનબીર કપૂર પણ હોળી રમેલો દેખાયો હતો.

વરુણ અને રણદીપે પોતાની પત્નીઓ સાથે હોળીની તસવીરો શેર કરી હતી. તો વિકી કૌશલે પણ કેટરિના કૈફ, ભાઈ સની કૌશલ અને કેટરિનાની બહેન સાથે દર વર્ષની જેમ હોળીની તસવીર શેર કરીને હોળીની શુભેચ્છાઓ આપી હતી. તો સોહા અલી ખાન, કુનાલ ખેમુ, નેહા ધુપિયા અને અંગદ બેદીએ પોતાનાં બાળકો સાથે મળીને હોળીની ઉજવણી કરી હતી. ક્રિતિ સેનને પણ તેના માતા -પિતા, બહેન નુપુર સેનન અને જીજુ સ્ટેબિન બિન સાથે હોળીની ઉજવણીની તસવીરો શેર કરી હતી.

# 'દેવદાસ' ફેમ વિજય કૃષ્ણાનું 81 વર્ષની વયે નિધન, શાહરૂખ ખાનના પિતાની ભજવી હતી ભૂમિકા....

**મુંબઈ, તા.05**

બોલિવૂડના પીઢ અભિનેતા અને સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'દેવદાસ'માં શાહરૂખ ખાનના પિતાની ભૂમિકા ભજવનાર વિજય કૃષ્ણાનું 81 વર્ષની વયે નિધન થયું છે. આ દુઃખદ સમાચારથી ફિલ્મ જગત અને થિયેટર કલાકારોમાં શોકની લહેર છવાઈ ગઈ છે. અભિનેતા વિજય કૃષ્ણાએ 81 વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા છે. અનુપમ ખેર, લિલેટ દુબે અને સબા પટૌડી સહિતના કલાકારોએ તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી છે. લિલેટ દુબેએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરતા લખ્યું કે, 'દિલ તૂટી ગયું છે... અમારા વહાલા વિજય કૃષ્ણા હવે નથી રહ્યા. તેઓ છેલ્લા 25 વર્ષથી અમારા થિયેટર પરિવારનો ભાગ હતા'. અનુપમ ખેરે પણ આ સમાચારને અત્યંત દુઃખદ ગણાવતા 'ઓમ શાંતિ' લખી શ્રદ્ધાંજલિ આપી હતી. વિજય કૃષ્ણા માત્ર એક કલાકાર જ નહીં, પરંતુ એક પર્યાવરણવાદી અને જાણીતા ગોદરેજ પરિવાર દ્વારા ચલાવવામાં આવતા બિઝનેસના પૂર્વ એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર પણ હતા. ભારતીય થિયેટરમાં



તેઓ એક ખૂબ જ જાણીતો ચહેરો હતા, જ્યાં તેમણે 25 વર્ષથી વધુ સમય સુધી પ્રદર્શન કર્યું હતું. વર્ષ 2004ની અંગ્રેજી ફિલ્મ 'ડાન્સ લાઈક એ મેન' માં તેમના પાત્ર માટે તેમને ખૂબ જ પ્રશંસા મળી હતી, જે ફિલ્મને નેશનલ ફિલ્મ એવોર્ડ પણ મળ્યો હતો. હિન્દી સિનેમામાં તેમને વર્ષ 2002ની બ્લોકબસ્ટર ફિલ્મ 'દેવદાસ' માટે સૌથી વધુ યાદ કરવામાં આવે છે. આ ફિલ્મમાં તેમણે શાહરૂખ ખાન (દેવદાસ) ના પિતા નારાયણ મુખર્જીનું પાત્ર ભજવ્યું હતું. આ ફિલ્મમાં તેમણે ઐશ્વર્યા રાય અને માધુરી દીક્ષિત જેવા મોટા સ્ટાર્સ સાથે કામ કર્યું હતું.

# સેન્સેક્સ 900 પોઈન્ટ વધીને 80016 પર બંધ: નિફ્ટીમાં પણ 285 પોઈન્ટનો ઉછાળો, ઓટો અને એનર્જી શેરોમાં ખરીદી....

**મુંબઈ, તા.05**

5 માર્ચે શેરબજારમાં તેજી જોવા મળી. સેન્સેક્સ 900 પોઈન્ટ (1.14%) વધીને 80,016 પર બંધ થયો. નિફ્ટી પણ 285 પોઈન્ટ (1.17%) વધીને 24,766 પર બંધ થયો.

ઓટો, મેટલ, ફાર્મા અને એનર્જી શેરોમાં આજે નોંધપાત્ર તેજી જોવા મળી. એલ એન્ડ ટી અને અદાણી પોર્ટ્સના શેરમાં લગભગ 4%નો વધારો જોવા મળ્યો. દરમિયાન, આઈટી શેરોમાં ઘટાડો જોવા મળ્યો.

ક્રૂડ ઓઈલ 4 દિવસમાં 15% વધ્યું બ્રેન્ટ ક્રૂડમાં આજે લગભગ 1%નો ઉછાળો છે. તે 83 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. છેલ્લા 4 દિવસમાં તેની કિંમતોમાં લગભગ 15%નો વધારો થયો છે.



નિષ્ણાતોનું માનવું છે કે જો આ તણાવ વધુ વધશે તો તેલની કિંમતો 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. તેની અસર ભારતમાં પેટ્રોલ-ડીઝલ પર જોવા મળી શકે છે.

દિલ્હીમાં પેટ્રોલ 95 પ્રતિ લિટરથી વધીને 100 સુધી પહોંચી શકે છે. જ્યારે ડીઝલ 88 થી વધીને 92 સુધી જઈ શકે છે. અન્ય શહેરોમાં પણ આ જ રીતે કિંમતો વધી શકે છે.

સોનામાં 1,000 અને ચાંદીમાં 5,000 રૂપિયાનો ઉછાળો વાયદા બજાર (MCX) માં આજે સોનું 1,000 રૂપિયા વધીને 1.63 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર કારોબાર કરી રહ્યું છે. જ્યારે ચાંદી 5,000 રૂપિયા વધીને 2.71 લાખ રૂપિયા પ્રતિ કિલો પર કારોબાર કરી રહી છે.

સાઉથ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 519 પોઈન્ટ અથવા (10.20%) ઉપર 5,612 પર કારોબાર કરી રહ્યો છે. જાપાનનો નિકેઈ 1,350 પોઈન્ટ અથવા 2.50% વધીને 55,596 પર કારોબાર કરી રહ્યો છે. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 416 પોઈન્ટ અથવા 1.65% વધીને 25,666 પર કારોબાર કરી રહ્યો છે. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 27 પોઈન્ટ અથવા 0.65% ઉપર 4,109 પર કારોબાર કરી રહ્યો છે. ડાઉ જોન્સ 238 પોઈન્ટ (0.49%) વધીને 48,739 ના સ્તરે બંધ થયો. ટેક આધારિત ઈન્ડેક્સ નાસ્ડેક કમ્પોઝિટ 1.29% વધીને 22,807 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 52 પોઈન્ટ (0.78%) વધીને 6,869 પર બંધ થયો. સોનામાં 1,000 અને ચાંદીમાં 5,000 રૂપિયાનો ઉછાળો વાયદા બજાર (MCX) માં આજે સોનું 1,000 રૂપિયા વધીને 1.63 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર કારોબાર કરી રહ્યું છે. જ્યારે ચાંદી 5,000 રૂપિયા વધીને 2.71 લાખ રૂપિયા પ્રતિ કિલો પર કારોબાર કરી રહી છે.

બજારમાં ઘટાડો જોવા મળ્યો હતો આ પહેલા ગઈકાલે એટલે કે 4 માર્ચે શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 1123 પોઈન્ટ અથવા 1.40% ઘટીને 79,116 ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટી પણ 385 પોઈન્ટ અથવા 1.55% તૂટ્યો હતો. તે 24,480 ના સ્તરે આવી ગયો હતો.

# બચાવેલું સોનું અત્યારે વેંચાય કે ન વેંચાય?: સોનામાં વધારાના માહોલ વચ્ચે 7 હજારનો ઘટાડો

## ચાંદીમાં પણ ધરખમ ઘટાડો થયો, જાણો ભારતના ક્યા શહેરમાં સોનાનો ભાવ કેટલો?

**નવી દિલ્હી, તા.05**

સોના અને ચાંદીના ભાવમાં આજે એટલે કે 5 માર્ચે સતત બીજા દિવસે ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 3 હજાર રૂપિયા ઘટીને 1.60 લાખ પર આવી ગયું છે. આ પહેલા તેની કિંમત 1.63 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી. સોનું 2 દિવસમાં 7 હજાર રૂપિયા સસ્તું થઈ ગયું છે.

જ્યારે, એક કિલો ચાંદી 13 હજાર રૂપિયા ઘટીને 2.58 લાખ પર આવી ગઈ છે. આ પહેલા તેની કિંમત 2.71 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી. આ બે દિવસમાં 32 હજાર રૂપિયા સસ્તી થઈ ગઈ છે. સોના-ચાંદીના ભાવમાં આ ઘટાડો પ્રોફિટ બુકિંગને કારણે આવ્યો છે.



આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં તેજી જોવા મળી છે. ગયા વર્ષના અંતે સોનું 1.33 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર હતું, જે હવે 1.60 લાખ રૂપિયા પર છે. એટલે કે તેની કિંમત આ વર્ષે અત્યાર સુધીમાં 26 હજાર વધી ચૂકી છે. જ્યારે ચાંદી પણ આ સમયગાળા દરમિયાન 27 હજાર રૂપિયા મોંઘી થઈ છે.

ઘણા લોકો લાલચમાં આવીને પોતે બચાવેલું સોનું વેંચવાનો વિચાર કરતા હોય છે. પણ આ ભૂલ ભરેલું પગલું છે. મની કંટ્રોલના એક્સપર્ટના જણાવ્યા મુજબ અત્યારે તમારી પાસે જેટલું સોનું બચાવેલું હોય તે સાચવી રાખો. તેને વધારે ભાવની લાલચમાં આવીને વેંચવાની ઉતાવળ ન કરશો. હા, લગ્ન પ્રસંગ હોય, મેડિકલ ઈમરજન્સી હોય ને તેમાં રૂપિયાની જરૂર પડી હોય તો જુદી વાત છે પણ પૈસાની જરૂર ન હોય તો સોનું વેંચવું નહીં. કારણ કે સોનું સેઈફ હેવન છે. આજે ભાવ ઘટ્યા છે તો કાલે વધશે. 2026ની દિવાળી સુધીમાં તો સોનું 2 લાખ 15 હજાર સુધી પહોંચી જાય તેવી પૂરી સંભાવના છે.

મિડલ ઈસ્ટ સંકટ: જો ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ વધે અથવા ક્રૂડ ઓઈલના ભાવ ફરી ઉછળે, તો સોના-ચાંદીમાં ફરી તેજી આવી શકે છે.

અમેરિકી ડેટા: જો અમેરિકાના આર્થિક આંકડા અપેક્ષા કરતાં સારા આવે, તો ડોલર મજબૂત થશે અને તેનાથી સોનાની કિંમતો પર દબાણ વધી શકે છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ મુજબ અલગ-અલગ હોય છે.

# PF પર 8.25% વ્યાજ મળતું રહેશે: 2025-26 માટે દરોમાં કોઈ ફેરફાર નહીં, જૂનથી સપ્ટેમ્બર વચ્ચે ખાતામાં પૈસા આવશે

**નવી દિલ્હી, તા.05**

નાણાકીય વર્ષ 2025-26 માટે પણ PF પર 8.25%ના દરે જ વ્યાજ મળતું રહેશે. સરકારે વ્યાજ દરોમાં કોઈ વધારો કે ઘટાડો કર્યો નથી. સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝના આ નિર્ણય પર હવે નાણા મંત્રાલયની મંજૂરીની મહોર લાગશે, જે પછી કર્મચારીઓના ખાતામાં પૈસા જમા થશે. સામાન્ય રીતે CBTની જાહેરાતના થોડા મહિના પછી વ્યાજની રકમ ખાતામાં જમા કરવામાં આવે છે. પાછલા રેકોર્ડ્સ જોઈએ તો, આ પૈસા દર વર્ષે જૂનથી સપ્ટેમ્બર વચ્ચે જમા થાય છે. ઉદાહરણ તરીકે, નાણાકીય વર્ષ 2024-25નું વ્યાજ જુલાઈ 2025માં ખાતામાં જમા કરવામાં આવ્યું હતું. જોકે, તેની કોઈ નિશ્ચિત તારીખ હોતી નથી, તેથી સબ્સ્ક્રાઈબર્સે સમયાંતરે પોતાનું બેલેન્સ તપાસતા રહેવું જોઈએ.




ઘણીવાર સબ્સ્ક્રાઈબર્સને ચિંતા રહે છે કે જો વ્યાજ જમા થવામાં વિલંબ થાય, તો શું તેમને નુકસાન થશે? EPFOએ સ્પષ્ટ કર્યું છે કે વ્યાજ જમા થવામાં વિલંબથી સભ્યોને કોઈ નાણાકીય નુકસાન થતું નથી. નવેમ્બર 2024માં બદલાયેલા નિયમો અનુસાર, હવે સેટલમેન્ટની તારીખ સુધીનું સંપૂર્ણ વ્યાજ આપવામાં આવે છે, જ્યારે પહેલા ફક્ત પાછલા મહિના સુધીનું જ વ્યાજ મળતું હતું. EPFOએ બેલેન્સ તપાસવાની પ્રક્રિયાને સરળ બનાવવા માટે 'પાસબુક લાઈટ' સુવિધા શરૂ કરી છે: EPFOની વેબસાઈટ પર જાઓ અને UAN દ્વારા લોગિન કરો. ઉપર ડાબી બાજુએ 'View' વિકલ્પ પર ક્લિક કરો. ડ્રોપ ડાઉન મેનુમાંથી 'Passbook Lite' પસંદ કરો. અહીં તમે તમારા છેલ્લા 5 યોગદાન જોઈ શકો છો. સંપૂર્ણ માહિતી માટે મેમ્બર ID પસંદ કરીને 'View Passbook' પર ક્લિક કરો. 1952માં PF પર વ્યાજ દર માત્ર 3% હતો. ત્યારબાદ તેમાં વધારો થતો ગયો. 1972માં તે 6% અને 1984માં તે પહેલીવાર 10% ઉપર પહોંચી ગયો. PF ધારકોને 1989થી 1999 દરમિયાન 12% વ્યાજ મળતું હતું. ત્યારબાદ વ્યાજ દરમાં ઘટાડો થવા લાગ્યો. 1999 પછી વ્યાજ દર ક્યારેય 10%ની નજીક પહોંચ્યો નથી. 2001 પછી તે 9.50%થી નીચે જ રહ્યો છે. છેલ્લા સાત વર્ષથી તે 8.5% અથવા તેનાથી ઓછો રહ્યો છે. PFમાં વ્યાજ દરના નિર્ણય માટે, સૌથી પહેલા ફાઈનાન્સ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઓડિટ કમિટીની બેઠક થાય છે. આ આ નાણાકીય વર્ષમાં જમા થયેલા પૈસા વિશે હિસાબ આપે છે. આ પછી CBTની બેઠક થાય છે. CBTના નિર્ણય પછી, નાણા મંત્રાલય સહમતિ પછી વ્યાજ દર લાગુ કરે છે. વ્યાજ દર પર નિર્ણય નાણાકીય વર્ષના અંતમાં થાય છે.

# CNG-રસોઈ ગેસની કિંમતો વધી શકે છે: કતરમાં ગેસ ઉત્પાદન બંધ, ભારતમાં 40% સપ્લાય ઘટી, મિડલ-ઈસ્ટ યુદ્ધના કારણે સંકટ....

**નવી દિલ્હી, તા.05**

મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધને કારણે ભારતમાં CNG (કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ) અને PNG (પાઈપ્ડ નેચરલ ગેસ)ની કિંમતો વધી શકે છે. ઈરાનના ડ્રોન હુમલા પછી ભારતને ગેસ સપ્લાય કરતો સૌથી મોટો દેશ કતાર તેના લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) પ્લાન્ટનું ઉત્પાદન રોકી ચૂક્યો છે.

આનાથી ભારત આવતા જહાજોની અવરજવર અટકી ગઈ છે અને સ્થાનિક બજારમાં ગેસના સપ્લાયમાં 40% સુધીનો મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. ભારત તેની જરૂરિયાતની 40% LNG (લિક્વિફાઈડ નેચરલ ગેસ) એટલે કે વાર્ષિક આશરે 2.7 કરોડ ટન કતારથી જ આયાત કરે છે. વિદેશથી આવતી LNGને ગેસમાં રૂપાંતરિત કરીને જ CNG અને PNG સપ્લાય કરવામાં આવે છે. તેનો સપ્લાય અટકવાથી સિટી ગેસ કંપનીઓ (CGD)એ ચેતવણી આપી છે કે જો પરિસ્થિતિઓ જલ્દી સુધરશે નહીં, તો CNG અને PNGના ભાવ વધી શકે છે.



ભારત માટે સૌથી મોટો પડકાર 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'નું લગભગ બંધ થવું છે. આ એક સાંકડો દરિયાઈ માર્ગ છે જેના દ્વારા કતાર અને UAE જેવા દેશો પોતાનું તેલ અને ગેસ નિકાસ કરે છે. ઈરાન અને ઈઝરાયલ યુદ્ધના કારણે આ રૂટ હવે સુરક્ષિત રહ્યો નથી. જહાજોની સંખ્યા ઘટી: 28 ફેબ્રુઆરીના રોજ આ માર્ગેથી 91 જહાજો પસાર થયા હતા, જે હવે ઘટીને માત્ર 26 થઈ ગયા છે.

ભારતની નિર્ભરતા: ભારત તેની જરૂરિયાતનું 50% ક્રૂડ ઓઈલ અને 54% એલએનજી આ જ માર્ગેથી મંગાવે છે. પેટ્રોનેટના ત્રણ મોટા જહાજો-દિશા, રાહી અને અસીમ-હાલમાં કતારના રાસ લફાન પોર્ટ સુધી પહોંચી શકતા નથી.

કતાર-એનર્જી અનુસાર, ઈરાને કતારના 'રાસ લફાન' અને 'મેસાઈદ' ઈન્ડસ્ટ્રિયલ સિટી સ્થિત પ્લાન્ટ પર ડ્રોનથી હુમલો કર્યો હતો. સુરક્ષા કારણોસર કંપનીએ LNGનું ઉત્પાદન હાલ પૂરતું રોકી દીધું છે.

ગયા અઠવાડિયે અમેરિકા અને ઈઝરાયલે ઈરાનના ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો, જેના જવાબમાં ઈરાને UAE, કતાર, કુવૈત અને સાઉદી અરબ જેવા દેશોમાં આવેલા અમેરિકી ઠેકાણાઓ અને પોર્ટ્સને નિશાન બનાવ્યા છે. ભારતમાં આયાતી LNGનો ઉપયોગ માત્ર ઘરો અને વાહનોમાં જ નહીં, પરંતુ વીજળી બનાવવા અને યુરિયા (ખાતર) ઉત્પાદનમાં પણ થાય છે.

વીજળી મોંઘી થશે: જો ગેસની અછત ચાલુ રહેશે તો ગેસ આધારિત પાવર પ્લાન્ટ્સમાંથી ઉત્પન્ન થતી વીજળી મોંઘી થઈ જશે. ખાતરની અછત: ફર્ટિલાઈઝર સેક્ટર માટે ગેસ એક મુખ્ય કાચો માલ છે, સપ્લાય ઘટવાથી ખાતરના ઉત્પાદન પર પણ અસર પડી શકે છે.

ગેસની અછતને ધ્યાનમાં રાખીને 'એસોસિએશન ઓફ સીજીડી એન્ટિટીઝ' (ACE)એ સરકારી કંપની ગેલ (GAIL)ને પત્ર લખીને સ્પષ્ટતા માંગી છે. કંપનીઓનું કહેવું છે કે જો કતારથી આવતી સસ્તી ગેસ નહીં મળે, તો તેમને 'સ્પોટ માર્કેટ'માંથી મોંઘી ગેસ ખરીદવી પડશે.

કિંમતોમાં તફાવત: સ્પોટ માર્કેટમાં ગેસની કિંમત હાલમાં 25 ડોલર પ્રતિ યુનિટ પહોંચી ગઈ છે, જે કોન્ટ્રાક્ટવાળી ગેસ કરતાં બમણાથી પણ વધુ છે.

EV તરફ શિફ્ટ થશે લોકો: કંપનીઓને ડર છે કે જો CNGના ભાવ ખૂબ વધી જશે, તો લોકો કાયમી ધોરણે ઈલેક્ટ્રિક વાહનો (EV) તરફ શિફ્ટ થઈ જશે, જેનાથી ગેસ સેક્ટરને મોટું નુકસાન થશે.

ભારતની સૌથી મોટી ગેસ આયાત કરતી કંપની પેટ્રોનેટ LNGએ કતરની કંપની કતર-એનર્જીને 'ફોર્સ મેજર' નોટિસ મોકલી છે. ફોર્સ મેજરનો અર્થ છે કે કોઈ મોટા કારણ જેમ કે યુદ્ધ કે સંકટને કારણે કંપની હાલમાં નક્કી કરાર મુજબ ગેસ સપ્લાય કરી શકતી નથી.

કંપનીએ ગેલ (GAIL), ઈન્ડિયન ઓઈલ (IOC) અને ભારત પેટ્રોલિયમ (BPCL) જેવી કંપનીઓને પણ ફોર્સ મેજર નોટિસ જારી કરીને જાણ કરી છે કે તેમને મળનારી ગેસની સપ્લાય ઓછી રહેશે. કંપનીએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે યુદ્ધના કારણે થતા બિઝનેસ નુકસાન પર ઈન્શ્યોરન્સ કવર પણ મળતું નથી.

# ઈરાન-ઈઝરાયલ યુદ્ધથી જેટ-ફ્યુઅલ માર્ચમાં 6% મોંઘું

## રૂપિયાના ઘટાડાથી પણ ભારતીય એરલાઈન્સના નફા પર અસર, એર ઈન્ડિયાની 40% આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પ્રભાવિત

**નવી દિલ્હી, તા.05**

ભારતીય એવિએશન ઈન્ડસ્ટ્રી ફરી એકવાર મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી છે. એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF)ની કિંમતોમાં ઉછાળો, ડોલર સામે ઘટતો રૂપિયો અને મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવે એરલાઈન્સની પ્રોફિટેબિલિટી એટલે કે નફા પર દબાણ વધારી દીધું છે.

જોકે, ગ્રાઉન્ડેડ વિમાનોની સંખ્યામાં ઘટાડો થવાથી રાહત મળી છે, પરંતુ ઈન્ટરનેશનલ રૂટ્સ પર ફ્લાઈટ્સ રદ થવાથી અને રૂટ બદલવાથી એરલાઈન્સનો ખર્ચ વધી ગયો છે.

એરલાઈન્સ માટે ફ્યુઅલ સૌથી મોટો ખર્ચ હોય છે. કુલ ઓપરેટિંગ ખર્ચમાં તેનો હિસ્સો 30% થી 40% સુધીનો હોય છે. ફેબ્રુઆરી 2026 સુધીના 11 મહિનામાં ATFની સરેરાશ કિંમત 91,173 રૂપિયા પ્રતિ કિલોલીટર (KL) હતી, પરંતુ માર્ચ 2026માં તે 6% વધીને 96,638 રૂપિયા પ્રતિ KL પર પહોંચી ગઈ છે.

જો કોવિડ પહેલાં (નાણાકીય વર્ષ 2020)ના સ્તર સાથે સરખામણી કરીએ તો, ત્યારે કિંમત 64,715 રૂપિયા પ્રતિ KL હતી. એટલે કે, હજુ પણ કિંમતો ઘણા ઊંચા સ્તરે જળવાઈ રહી છે. મિડલ ઈસ્ટમાં તણાવ અને ઈરાન-ઈઝરાયલ યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલની કિંમતોમાં અસ્થિરતા જોવા મળી રહી છે, જે એરલાઈન્સ માટે મોટું જોખમ છે.



નાણાકીય વર્ષ 2026માં ભારતીય રૂપિયો લગભગ 9% સુધી નબળો પડ્યો છે. જ્યારે ભારતીય રૂપિયો આજે અમેરિકી ડોલર સામે ઘટીને 92.05ના રેકોર્ડ નીચલા સ્તરે આવી ગયો છે. એરલાઈન્સના ઘણા મોટા ખર્ચ ડોલરમાં થાય છે, જેમ કે

રૂપિયો ઘટવાથી આ તમામ ખર્ચાઓનો બોજ વધી ગયો છે. નિષ્ણાતોનું કહેવું છે કે ખોટમાં ચાલી રહેલી એરલાઈન્સ માટે ઓછા માર્જિન વચ્ચે આ બેવડા ફટકા જેવું છે.

મિડલ ઈસ્ટમાં તણાવ અને પાકિસ્તાન એરસ્પેસ સતત બંધ રહેવાથી ભારતીય એરલાઈન્સને તેમના આંતરરાષ્ટ્રીય રૂટ બદલવા પડી રહ્યા છે. એમકે ગ્લોબલના રિપોર્ટ અનુસાર, રૂટ બદલવાથી ફ્લાઈટનો સમય વધી ગયો છે અને તેનાથી ઈંધણનો વપરાશ પણ વધુ થઈ રહ્યો છે.

જોકે એરલાઈન્સ આ વધેલા ખર્ચનો અમુક ભાગ પેસેન્જરો પાસેથી વસૂલવાનો પ્રયાસ કરશે, પરંતુ સ્થાનિક બજારમાં વધતી સ્પર્ધાને કારણે ભાડામાં બહુ વધારે વધારો કરવો મુશ્કેલ બનશે.

HSBCના રિપોર્ટ અનુસાર, મિડલ ઈસ્ટ સંકટની સૌથી વધુ અસર એર ઈન્ડિયા, સ્પાઈસજેટ અને ઈન્ડિગોની આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર પડી રહી છે. એર ઈન્ડિયા: ક્ષમતાનો 40% થી વધુ હિસ્સો પ્રભાવિત. સ્પાઈસજેટ: લગભગ 32% ક્ષમતા પર અસર. ઈન્ડિગો: 20% સુધીની ક્ષમતા પ્રભાવિત થઈ શકે છે. યુરોપ અને મિડલ ઈસ્ટના ઘણા રૂટ્સ પર ફ્લાઈટ્સ રદ કરવી પડી છે, જેના કારણે એરલાઈન્સની આવક ઘટી રહી છે.

ઈન્ડસ્ટ્રી માટે એક સારા સમાચાર એ છે કે ઊભા રહેલા એટલે કે ગ્રાઉન્ડેડ વિમાનોની સ્થિતિ સુધરી રહી છે. ICRAના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ કિંજલ શાહના મતે, એન્જિનની ખરાબી અને સપ્લાય ચેઈનની સમસ્યાઓના કારણે સપ્ટેમ્બર 2023માં 20-22% વિમાનો ઊભા હતા.

ફેબ્રુઆરી 2026 સુધીમાં તે ઘટીને 13-15% થઈ ગયું છે. હાલમાં દેશમાં લગભગ 117 વિમાનો જ ગ્રાઉન્ડેડ છે. જેમ જેમ નવા વિમાનો કાફલામાં જોડાશે તેમ તેમ સપ્લાય અને ડિમાન્ડ વચ્ચેનો તાલમેલ સુધરશે.

# PNBએ ATMમાંથી રોકડ ઉપાડવાની મર્યાદા 50% ઘટાડી: 1 એપ્રિલથી નવા નિયમો લાગુ પડશે

**નવી દિલ્હી, તા.05**

પંજાબ નેશનલ બેંક (PNB)એ તેના કેટલાક ડેબિટ કાર્ડ્સ (ATM કાર્ડ)માંથી દૈનિક રોકડ ઉપાડવાની મર્યાદા અડધી કરી દીધી છે. નવા નિયમો 1 એપ્રિલ, 2026થી લાગુ થશે. બેંકે આ નિર્ણય જોખમ નિયંત્રણને મજબૂત કરવા અને ગ્રાહકોની સુરક્ષા વધારવા માટે લીધો છે.

PNBએ તેના ડેબિટ કાર્ડ્સને બે મુખ્ય કેટેગરીમાં વિભાજીત કરીને મર્યાદામાં સુધારો કર્યો છે. જેમની દૈનિક મર્યાદા પહેલા 1 લાખ રૂપિયા હતી, તેને હવે 50 હજાર રૂપિયા કરી દેવામાં આવી છે. જ્યારે બીજી કેટેગરીમાં પ્રીમિયમ કાર્ડ્સની મર્યાદા 1.5 લાખ રૂપિયાથી ઘટાડીને 75 હજાર રૂપિયા કરી દેવામાં આવી છે.

બેંકે તેની વેબસાઈટ પર જારી કરેલા નિવેદનમાં જણાવ્યું કે આ ફેરફાર સુરક્ષાને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. બેંકનું માનવું છે કે રોકડ ઉપાડવાની મર્યાદા ઓછી થવાથી છેતરપિંડીના કિસ્સાઓમાં ગ્રાહકોને થતા નુકસાનને ઘટાડી શકાશે. આ સાથે જ બેંક ગ્રાહકોને રોકડને બદલે ડિજિટલ બેંકિંગ અને સુરક્ષિત ઓનલાઈન ટ્રાન્ઝેક્શન માટે પ્રોત્સાહિત કરવા માંગે છે.

જો ગ્રાહકો તેમની સુધારેલી મર્યાદામાં જ ફેરફાર કરવા માંગતા હોય, તો બેંકે આ માટે ઘણા વિકલ્પો આપ્યા છે. ગ્રાહકો PNBOne મોબાઈલ એપ, ઈન્ટરનેટ બેંકિંગ, વોટ્સએપ બેંકિંગ અથવા IVR (કોલ) દ્વારા તેમની દૈનિક મર્યાદા સેટ અથવા રીસેટ કરી શકે છે.

એપમાં લોગિન કરો અને 'Services' પર ક્લિક કરો. 'Debit Cards' સેક્શન ખોલો અને 'Update ATM Limit' પસંદ કરો. તમારો એકાઉન્ટ નંબર અને ડેબિટ કાર્ડ પસંદ કરો. તમારી નવી લિમિટ ભરો અને ટ્રાન્ઝેક્શન પાસવર્ડ દાખલ કરીને કન્ફર્મ કરો.

બેંકે જણાવ્યું છે કે ઉપર જણાવેલ કાર્ડ્સ સિવાયના અન્ય તમામ ડેબિટ કાર્ડની રોકડ ઉપાડવાની લિમિટ પહેલા જેવી જ રહેશે. આ ઉપરાંત, જો તમે દુકાન પર કાર્ડ સ્વાઈપ કરો છો અથવા ઓનલાઈન શોપિંગ કરો છો, તો ત્યાંની ટ્રાન્ઝેક્શન લિમિટમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી.

આ તે મહત્તમ રકમ છે જે તમે 24 કલાકમાં તમારા કાર્ડનો ઉપયોગ કરીને ATM મશીનમાંથી ઉપાડી શકો છો. બેંકો ઘણીવાર સુરક્ષા કારણોસર અલગ-અલગ કાર્ડ્સ પર અલગ-અલગ મર્યાદા નક્કી કરે છે.


## પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

**રેલ કોચ રેસ્ટોરેન્ટ, મોબાઈલ એસેસરીઝ કિઓસ્ક અને પૂજા સામગ્રી કિઓસ્કના કોન્ટ્રાક્ટ**

**ગાંધીગ્રામ રેલવે સ્ટેશન ખાતે રેલ કોચ રેન્ટોરેન્ટ, વેરાવળ રેલવે સ્ટેશન ખાતે મોબાઈલ એસેસરીઝ કિઓસ્ક અને પૂજા સામગ્રી કિઓસ્ક** ના કોન્ટ્રાક્ટ માટે ટેન્ડર આમંત્રિત કરતી ટેન્ડર નોટીસ.

| કેટલોટ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | હરાજી શરૂ થવાની તારીખ અને સમય |
|---|---|---|---|
| MSS-BVP-2025-05 | ૧. ગાંધીગ્રામ ખાતે રેલ કોચ રેસ્ટોરેન્ટ<br>૨. વેરાવળ ખાતે મોબાઈલ એસેસરીઝ કિઓસ્ક<br>૩. વેરાવળ ખાતે પૂજા સામગ્રી કિઓસ્ક | Misc. Static Servies | ૧૩-૦૩-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે |

બિડર / ટેન્ડરરે (www.ireps.gov.in/) સાઈટ ની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ માહિતી માટે ડિવિઝનલ ઓફિસ ભાવનગર અથવા (કોમર્શિયલ ઈન્સ્પેક્ટર (NFR), ભાવનગર ડિવિઝન- ૭૨૨૭૯૮૯૪૮૬) ની ટેલીફોનિક મુલાકાત લેવાની રહેશે.

BVP-289

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

## પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

**રીટાયરીંગ રૂમ્સ અને ડોરમેટરીના સંચાલન અને જાળવણી માટે કોન્ટ્રાક્ટ**

**ગાંધીગ્રામ રેલવે સ્ટેશન ખાતે ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે ૦૫ (પાંચ) રીટાયરીંગ રૂમ્સ અને ૦૧ (એક) ડોરમેટરી (૦૬ પથારી) ના સંચાલન અને જાળવણી માટે કોન્ટ્રાક્ટ** માટે ઈ-હરાજી આમંત્રિત કરતી ટેન્ડર નોટીસો.

| કેટલોટ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | હરાજી શરૂ થવાની તારીખ અને સમય |
|---|---|---|---|
| PnU-WRL-GG-25-5 | ગાંધીગ્રામ રેલવે સ્ટેશન ખાતે ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે રીટાયરીંગ રૂમ્સ અને ડોરમેટરી (૦૬ પથારી) ના સંચાલન અને જાળવણી માટે કોન્ટ્રાક્ટ. | પે એન્ડ યુઝ | ૧૩-૦૩-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે |

બિડર / ટેન્ડરરે (www.ireps.gov.in/) સાઈટ ની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ માહિતી માટે ડિવિઝનલ ઓફિસ ભાવનગર અથવા (કોમર્શિયલ ઈન્સ્પેક્ટર (NFR), ભાવનગર ડિવિઝન- ૭૨૨૭૯૮૯૪૮૬) ની ટેલીફોનિક મુલાકાત લેવાની રહેશે.

BVP-287

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

## પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

**વિવિધ પાર્કિંગ સ્ટેન્ડના સંચાલન માટે કોન્ટ્રાક્ટ**

(૦૩) ત્રણ વર્ષના સમયગાળા માટે ભાવનગર ડિવિઝનના **ગોંડલ રેલવે સ્ટેશન ખાતે ૨-વ્હિલર અને સરખેજ રેલવે સ્ટેશન ખાતે મિક્સ્ડ (2W અને 4W) પાર્કિંગ સ્ટેન્ડના સંચાલન માટે** કોન્ટ્રાક્ટ માટે ટેન્ટર આમંત્રિત કરતી ટેન્ડર નોટીસો.

| કેટલોટ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | હરાજી શરૂ થવાની તારીખ અને સમય |
|---|---|---|---|
| PARKING-2025-08 | ૦૩ (ત્રણ) વર્ષના સમયગાળા માટે ગોંડલ રેલવે સ્ટેશન ખાતે ૨-વ્હિલર અને સરખેજ રેલવે સ્ટેશન ખાતે મિક્સ્ડ (2W અને 4W) માટે પાર્કિંગ સ્ટેન્ડના સંચાલન માટે કોન્ટ્રાક્ટસ. | પાર્કિંગ | ૧૩-૦૩-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે |

બિડર / ટેન્ડરરે (www.ireps.gov.in/) સાઈટ ની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ માહિતી માટે ડિવિઝનલ ઓફિસ ભાવનગર અથવા (કોમર્શિયલ ઈન્સ્પેક્ટર (NFR), ભાવનગર ડિવિઝન- ૭૨૨૭૯૮૯૪૮૬) ની ટેલીફોનિક મુલાકાત લેવાની રહેશે.

BVP-288

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# ‘શું અમારે પ્રજા વચ્ચે આવીને મત માગવા યોગ્ય છે?’: અમદાવાદ શહેરમાં 97 કરોડના કામોનું લોકાર્પણ, પૂર્વમાં નવી હોસ્પિટલ બનશે

**અમદાવાદ, તા.05**

ગુજરાતમાં આગામી દિવસોમાં મહાનગરપાલિકા અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવાની છે, ત્યારે ચૂંટણીને લઈને ભાજપ દ્વારા ચૂંટણીની જાહેર સભા અને પ્રચાર શરૂ કરી દેવામાં આવ્યો છે. ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ અને અમદાવાદના નિકોલ વિધાનસભાના ભાજપના ધારાસભ્ય જગદીશ વિશ્વકર્માએ આજે 5 માર્ચના રોજ રૂ. 97 કરોડથી વધુના વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતા. વિરાટનગર ખાતે 30 બેડની હોસ્પિટલ એવા કોમ્યુનિટી હેલ્થ સેન્ટરનું પણ ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું કે, પ્રજાએ અમને મત આપ્યા છે, જેનો અમે ઋણ સ્વીકાર કર્યો છે. વિકાસના કાર્યો કર્યા છે, ત્યારે હવે પ્રજાએ ઋણ સ્વીકાર કાર્યક્રમ કરવાનો છે. જગદીશ વિશ્વકર્માએ જાહેર મંચ ઉપરથી કહ્યું હતું કે, શું અમારે પ્રજા વચ્ચે આવીને મત માગવા યોગ્ય છે? ગુજરાતની પ્રજા 30 વર્ષથી વિકાસને મત આપે છે, ત્યારે ગુજરાતમાં આગામી દિવસોમાં પ્રજા વિકાસને જ મત આપશે. કરોડો રૂપિયાના વિકાસ કાર્યો કરવામાં આવ્યા છે. કોંગ્રેસ ઉપર આક્ષેપ કરતા જગદીશ વિશ્વકર્માએ કહ્યું હતું કે, કોંગ્રેસના રાજમાં ચૂંટણી આવે અને મત માંગવા જાય ત્યારે મોટી હોસ્પિટલ-રોડનું પ્લાનિંગ કર્યું છે, એવું કહે છે. પાંચ વર્ષ પૂરા થઈ જાય છે, ફરીથી આવે ત્યારે બીજા વાયદાઓ આપે છે. ચૂંટણી ઢંઢેરામાં લીધું છે અને વાયદો પૂરો કરીશું, બજેટ ફાળવી દીધું છે વગેરે જેવી મોટી મોટી વાતો કરીને પાંચ-પાંચ વર્ષ કાઢી નાખ્યા હતા અને આ જ રીતે 75 વર્ષ નીકળી ગયા છે. ભાજપના રાજમાં વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત પણ ભાજપ જ કરે છે અને લોકાર્પણ ભાજપ દ્વારા જ કરવામાં આવે છે. વિરાટનગર કોમ્યુનિટી હેલ્થ સેન્ટર એવા 30 બેડની હોસ્પિટલ માત્ર 15 મહિનામાં ઉભી કરી દેવામાં આવી છે. ભાજપ દ્વારા લોકોના આરોગ્યની સુવિધા ની ચિંતા કરવામાં આવે છે, જેથી આ 30 બેડની હોસ્પિટલ બનાવવામાં આવી છે. હેલ્થ ચેકઅપથી લઈને તમામ પ્રકારની અધ્યતન સુવિધાઓ વાળી આ હોસ્પિટલ બનાવવામાં આવી છે. હોસ્પિટલમાં તમામ પ્રકારની સારવાર અને દવાઓ પણ મફત આપવામાં આવશે, જેથી લોકોને સારી આરોગ્યની સારવાર મળી રહેશે. પૂર્વ વિસ્તારમાં નવી અધ્યતન હોસ્પિટલ બનાવવામાં આવનાર છે. રૂપિયા 700 કરોડના ખર્ચે આ હોસ્પિટલ બનશે, જેના માટે 50 કરોડ રૂપિયા ચાલુ વર્ષે બજેટમાં કોર્પોરેશન દ્વારા ફાળવવામાં આવ્યા છે. પૂર્વ વિસ્તારમાં વર્ષોથી ગંદકીથી ભરેલી ખારીકટ કેનાલના ડેવલોપમેન્ટને લઈને તેમણે જણાવ્યું હતું કે, ખારી કટ કેનાલ ઉપર જે લોકોના ઘર આવેલા છે, તેમના દીકરા-દીકરીની સગાઈ થતી નહોતી. ગંદકીથી ભરેલા અને મચ્છરોનાઓ થતા હતા, જેથી ખારીકટ કેનાલ પર ઘર આવેલું હોવાથી દીકરા-દીકરીનું સગપણ થતું નહોતું. જે તે સમયે 25,000માં પણ કોઈ મકાન લેવા માટે તૈયાર નહોતું, જે મકાન 10 લાખ રૂપિયામાં મળતું હતું, તેની કિંમત આજે એક કરોડ રૂપિયા ઉપર થઈ ગઈ છે. ખારીકટ કેનાલ ઉપર રોડ બની ગયો છે અને આઠ માર્ચે



કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા લોકાર્પણ કરવામાં આવશે. બરોડાથી વિન્ઝોલ અને એક્સપ્રેસવેથી ઘોડાસર સુધીની આ રીકટ કેનાલનું 2000 કરોડથી વધુના ખર્ચે ડેવલોપમેન્ટ થવા જઈ રહ્યું છે જેથી ભાજપ વિકાસના કામો કરે છે.

પૂર્વ વિસ્તારમાં નિકોલ વિધાનસભામાં અંદાજિત રૂ.97.36 કરોડના ખર્ચે કુલ 31 વિવિધ પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં રૂ.17.67 કરોડના 2 કામોના લોકાર્પણ, રૂ.77.56 કરોડના 8 કામોના ખાતમુહૂર્ત અને રૂ.2.13 કરોડના 70:20:10ના 21 કામોના ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. વિરાટનગર ખાતે આવેલા કોમ્યુનિટી હેલ્થ સેન્ટરનું ધારાસભ્ય જગદીશ વિશ્વકર્મા અને સાંસદ હસમુખ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. નિકોલ વિધાનસભા વિસ્તારમાં વિધાનસભાના વિરાટનગર વોર્ડમાં રૂ.6.76 કરોડના ખર્ચે બનાવેલી વિરાટનગરની નવી સબ ઝોનલ ઓફિસ અને કોમ્યુનિટી હેલ્થ સેન્ટરને ડિમોલિશ કરી રૂ.10.91 કરોડના ખર્ચે બનાવેલા નવા કોમ્યુનિટી હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. નિકોલ વિધાનસભા વિસ્તારમાં કુલ રૂ.77.56 કરોડના વિવિધ પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે, જેમાં નિકોલના ઓઢવમાં રૂ.1.99 કરોડના ખર્ચે તૈયાર કરાયેલો કરશનનગર શાળાથી રાજુ મોબાઈલ શોપ સુધીનો રોડ, રૂ.4.52 કરોડના ખર્ચે બનાવેલા આપા હોટેલથી શ્રીરંગ પે એન્ડ યુઝ સુધીનો રોડ, રૂ.3.13 કરોડના ખર્ચે તૈયાર કરેલા ઓઢવ દર્શનધાન સોસાયટીથી સ્મશાન ગૃહ સુધીનો રોડ, રૂ.18.68 કરોડના ખર્ચે બનાવેલા ઓઢવ વોર્ડના ફાયર સ્ટેશનથી એસ.પી રીંગ રોડ સુધીના રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. નિકોલના વિરાટનગર વોર્ડમાં રૂ.1.23 કરોડના ખર્ચે બનાવેલો માધવ બાગ સોસાયટીથી જીવન વાડી રોડ, રૂ.1.74 કરોડના ખર્ચે તૈયાર કરેલો તેજેન્દ્ર પ્રકાશ સોસાયટીથી ખોડીયાર જ્યોત સુધીનો રોડ, રૂ.2.25 કરોડના ખર્ચે બનાવેલો રતન પાર્ક, પતંજલી સોસાયટી, સરસ્વતી સ્કૂલથી કોઠીયા હોસ્પિટલ સુધીનો રોડ તેમજ ઓમ સર્કલ પાસે રૂ.44.02 કરોડના ખર્ચે તૈયાર કરાયેલી પૂર્વ ઝોનની મેઈન ઝોનલ ઓફિસનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.

વિરાટનગરમાં રૂ.2.13 કરોડના 70.20.10ના 21 કામો જેમાં વિરાટનગરની રતનપાર્ક સોસાયટી વિભાગ-2 પશ્ચિમ તરફ પેવર બ્લોક નાંખવાનું કામ, અવધપુરી સોસાયટીમાં ડ્રેનેજ લાઈન, ચંદ્રભાગાનગર સુરજનગરમાં પેવર બ્લોક અને ડ્રેનેજ લાઈન, ચામુંડાનગરમાં પેવર બ્લોક અને ડ્રેનેજ લાઈન, સ્વસ્તિક સરીતાનગરમાં પેવર બ્લોક, શિરોમણી ટેનામેન્ટના કોમન પ્લોટમાં તથા આર.સી.સી.રોડની સાઈડમાં પેવર બ્લોક,સદગુરુ પાર્ક સોસાયટીમાં પેવર બ્લોક, ગોકુલ એપાર્ટમેન્ટમાં પેવર બ્લોક, રાજરત્ન કો.ઓ.હા. સો. પર કોલેટીંગ વેલ બનાવવા, અષ્ટવિનાયક આઈકોન ફ્લેટમાં પેવર બ્લોક, નારાયણ રેસીડેન્સીમાં પેવર બ્લોક, મહાલક્ષ્મી એપાર્ટમેન્ટ બહાર આર.સી.સી રોડ અને પેવર બ્લોક, સત્તાધાર નગર વિભાગ-1નો આર.સી.સી રોડ અને પેવર બ્લોક, લક્ષ્મીનગરમાં આર.સી.સી રોડ અને પેવર બ્લોક તેમજ દ્વારકેશ સોસાયટીમાં પેવર બ્લોક નાંખવાની કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. પૂર્વ ઝોનના ઓઢવ વોર્ડમાં વાલ્મિકીનગર ઘર નં.81થી 97માં 70:20:10 સ્વર્ણીમ યોજના અંતર્ગત સોસાયટીમાં હયાત જુની ગટર લાઈનની જગ્યાએ નવી ગટર લાઈન, અંબિકા સ્મૃતિ સોસાયટીમાં 70:20:10 સ્વર્ણીમ યોજના અંતર્ગત સોસાયટીમાં હયાત જુની ગટર લાઈનની જગ્યાએ નવી ગટર લાઈન, લક્ષ્મીનગર સોસાયટીમાં 70:20:10 સ્વર્ણીમ યોજના અંતર્ગત સોસાયટીમાં હયાત જુની ગટર લાઈનની જગ્યાએ નવી ગટર લાઈન તેમજ ઈન્દ્રવિહાર સોસાયટીમાં 70:20:10 સ્વર્ણીમ યોજના અંતર્ગત પેવર બ્લોક લગાવવાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ પ્રસંગે મેયર પ્રતિભા જૈન, રાજ્યકક્ષાના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી દર્શનાબેન વાઘેલા, અમદાવાદ પૂર્વના સાંસદ હસમુખ પટેલ, શાસક પક્ષના નેતા ગૌરાંગ પ્રજાપતિ, વિવિધ કમિટીના ચેરમેનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ, પદાધિકારીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ધૂળેટીમાં 4 લોકો ડૂબ્યા, 3ની શોધખોળ: સુરત-વડોદરામાં નદીમાં નહાવા પડ્યા હતા, તહેવારમાં ડૂબવાનો આંક 31 પર પહોંચ્યો

**વડોદરા, તા.05**

ગઈકાલનો ધૂળેટીનો પર્વ 30થી વધુ પરિવાર માટે કાળમુખો સાબિત થયો છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં રંગોથી રમીને નહાવા પડેલાં 31 લોકોના મોત થયાં છે, જ્યારે ત્રણ જેટલાં લોકોનો હજુ પણ કોઈ પત્તો લાગ્યો નથી અને ફાયર વિભાગ-સ્થાનિક તરવૈયાઓ શોધખોળ કરી રહ્યાં છે.

ડૂબવાની દુર્ઘટનાઓ વિશે વાત કરીએ તો સુરતમાં બે યુવકના મોત થયાં છે, જ્યારે એકની શોધખોળ ચાલી રહી છે. વડોદરામાં 3 યુવક ડૂબ્યા હતા, જેમાંથી એક યુવકનો મૃતદેહ મળી આવ્યો છે, જ્યારે બે યુવકની શોધખોળ ચાલી રહી છે. મહિસાગરમાં પણ પાંચ લોકોના મોત થયાં છે, જેમાં બે સગા ભાઈ હતાં. આ પ્રકારે અમદાવાદમાં 4, સુરતના બારડોલીમાં 4, સુરતના માંગરોળ અને અમદાવાદના માંડલમાં 3-3, અરવલ્લીના માલપુર અને ધનસુરામાં તથા મહેસાણાના મોટીદઉમાં 2-2, કડી અને અમરેલીમાં એક-એક એમ ધૂળેટી રમીને નહાવા પડેલા કુલ 31 લોકોના ડૂબી જવાથી મોત નીપજ્યાં છે. આ ઘટનાઓને પગલે જે પરિવારોમાં સવારે ગુલાલ ઉડતો હતો, ત્યાં સાંજે આક્રંદ જોવા મળ્યો હતો. વડોદરા શહેરની સમા-છાણી નર્મદા કેનાલમાં 4 માર્ચની સાંજે 25 વર્ષીય યુવક અજય શર્મા તેના મિત્ર સાથે નહાવા માટે ગયો હતો. આ વખતે અજય શર્મા અચાનક ડૂબવા લાગ્યો હતો. ઘટનાની જાણ થતા વડોદરા ફાયર બ્રિગેડની ટીમ ઘટના દોડી ગઈ હતી અને યુવકની શોધખોળ શરૂ કરી હતી. જોકે મોડીરાત સુધી યુવકનો કોઈ પતો લાગ્યો ન હતો, જેથી આજે ફરી શોધખોળ શરૂ કરવામાં આવી છે.



બીજી તરફ વડોદરા નજીક ભીમપુરા ચેકપોસ્ટ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં 25 વર્ષનો યુવક આશિષ વર્મા ડૂબ્યો હતો. ઘટનાની જાણ થતા વડીવાડી ફાયર સ્ટેશનની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. એક કલાકની જહેમત મૃતદેહને બહાર કાઢ્યો હતો અને પોસ્ટમોર્ટમ માટે ગોત્રી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો.

ત્રીજી ઘટનામાં ઉમેટા મહીસાગર બ્રિજ પાસે મહીસાગર નદીમાં એક અજાણી વ્યક્તિ ડૂબી હતી, જેની જાણ થતાં વડોદરા ફાયર બ્રિગેડની ટીમે તેની શોધખોળ શરૂ કરી છે. જોકે, હજુ સુધી તેનો કોઈ પત્તો લાગ્યો નથી.

સુરતની તાપી નદીમાં નહાવા પડેલા યુવાનો પૈકી બે અલગ-અલગ દુર્ઘટનામાં બે યુવાને જીવ ગુમાવ્યા છે, જ્યારે હજુ પણ એક યુવકની શોધખોળ ચાલુ છે. શહેરના સરથાણા નેચર પાર્કની પાછળ વહેતી તાપી નદીમાં ધૂળેટીની સાંજે ત્રણ યુવકો નહાવા માટે પડ્યા હતા. નદીના ઊંડા પાણીનો અંદાજ ન આવતા ત્રણેય મિત્રો ડૂબવા લાગ્યા હતા. ત્રણ મિત્રોમાંથી એક યુવકને તરતા આવડતું હોવાથી તે મહામુસીબતે બહાર નીકળી ગયો હતો.

ઘટનાની જાણ થતા જ સુરત ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને તાત્કાલિક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. કલાકોની શોધખોળ બાદ 19 વર્ષીય જયદીપ નામના યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો, જ્યારે તેની સાથે ડૂબેલા ક્રિષ્ના નામના અન્ય એક યુવકની હજુ પણ શોધખોળ ચાલી રહી છે.

બીજી તરફ, મોટા વરાછા વિસ્તારમાં ગોકુલધામ પોલીસ ચોકીની પાછળ આવેલા રિવરવ્યુ એપાર્ટમેન્ટ પાસે પણ આવી જ એક કરુણ ઘટના બની હતી. અહીં પણ તાપી નદીમાં નહાવા પડેલો એક યુવક ડૂબી ગયો હતો. ફાયર વિભાગની ટીમે સ્થળ પર પહોંચી નદીના ઉંડા પાણીમાં તપાસ હાથ ધરી હતી. શોધખોળ દરમિયાન એક 30 વર્ષીય અજાણ્યા યુવકની લાશ મળી આવી હતી. ફાયર વિભાગે મૃતદેહને બહાર કાઢી જરૂરી કાર્યવાહી બાદ પોલીસને સોંપ્યો છે. મહીસાગરમાં કંતાર ગામના વતની 4 યુવક ધૂળેટી રમ્યા બાદ કોઠંબા તાલુકાના ધામણીયા ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલા રાઘવના મુવાડા નાકા તળાવમાં સ્નાન કરવા ઉતર્યા હતા.

# કાલુપુર બ્રિજ પાસે સેવ બનાવવાની 3 ફેક્ટરીઓમાં વિકરાળ આગ: જીવ બચાવવા ધાબા પરથી કૂદતા બે યુવકો ઈજાગ્રસ્ત

**અમદાવાદ, તા.05**

અમદાવાદ શહેરના કાલુપુર ઓવરબ્રિજ નજીક શહેરકોટડા પોલીસ સ્ટેશન સામે સરસપુર ઈંટવાડામાં સેવ બનાવવાની ત્રણ ફેક્ટરીઓમાં આગ લાગવાની ઘટના બની હતી. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા ગોમતીપુર, પાંચકુવા અને નરોડા સહિતના ફાયર સ્ટેશનની 16 ગાડીઓ ઘટના સ્થળ ઉપર રવાના કરવામાં આવી હતી.



ફાયર બ્રિગેડની ટીમ દ્વારા એક કલાક સુધી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવામાં આવી હતી. ફેક્ટરીઓની પાછળના ભાગે મન્સૂરીની ચાલી આવેલી હતી જેમાં અનેક લોકો રહેતા હતા. જોકે ફાયર બ્રિગેડની ટીમ દ્વારા ચાલી બાજુથી પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો જેથી આગ ચાલીઓ સુધી પહોંચી નહોતી. જો કે, આગ લાગતા ઉપર સૂતેલા બે લોકો બચવા જતા નીચે કૂદ્યા હતા જેથી તેઓને વાગતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.


મળતી માહિતી મુજબ, કાલુપુર ઓવરબ્રિજ પાસે સરસપુરના ઈંટવાડામાં ગળી સેવ બનાવવાનું કારખાનું આવેલું છે. મોડી રાત્રે 3:00 વાગ્યાની આસપાસ ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને મેસેજ મળ્યો હતો કે, સેવ બનાવવાના કારખાનામાં આગ લાગવાની ઘટના બની છે. જેથી પાંચકુવા અને નરોડા ફાયર સ્ટેશનની ગાડીઓ ઘટના સ્થળ ઉપર રવાના કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટના સ્થળ પર પહોંચી ત્યારે ત્રણ જેટલી ફેક્ટરીમાં લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આખા કારખાનામાં આગ ફેલાઈ ગઈ હતી. કારખાનાની પાછળના ભાગે એક જ દીવાલે ચાલી આવેલી હતી જેમાં 50થી વધારે મકાનો હતા.


ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

જાનકી ટ્રેડર્સ
Finolex PIPES
NILKANTH STEEL


નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર
સત્યમેવ જયતે


રાજ્ય સરકાર દ્વારા
“રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩”
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.
PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA
“પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના”
અંતર્ગત માર્ચ – ૨૦૨૬ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કૅટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

માર્ચ –૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹30 |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિ દીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિ દીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ₹૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."
શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
“My Ration” મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.
આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે “My Ration” મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.
શ્રી રમણભાઈ સોલંકી
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત
લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.